કામ શાસ્ત્ર.

[illegible]

લખનાર

તથા

પ્રગટ કરનાર,

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

જામનગર—કાઠીઆવાડ.

સ્ટેટ પ્રીંટીંગ પ્રેસ.

પુરૂષનું વીર્ય કેમ બગડે છે તથા પુરૂષ નપુંસક સ્થિતિમાં કેમ આવી પડે છે.

યોગ્ય ઉમરે સ્ત્રી નહિ મળવાથી અથવા તો સંગતને લીધે કુટેવ પડવાથી વીર્યને જે રસ્તે રસ્તો આપવો જોઇએ તે રસ્તે રસ્તો નહિ આપતાં તેને હસ્તક્રિયા અથવા હાથરસથી બહાર કાઢવામાં આવવાથી, તરતની જુવાનીમાં ધાતુને બહાર કાઢી નાખવાથી, અતિ સ્ત્રી સંગ કરવાથી, ખાવા પીવાની અને ઉંઘવાની ટેવની માફક ભોગ વિલાસની ટેવ રાખવાથી, સ્વપ્નામાં કે પેશાબમાં અથવા એમને એમ વગર ઇચ્છે ધાતના જવાથી, વખત વિના સ્ત્રી સંગ કરવાથી, હદથી જાદે સ્ત્રી સંગ કરવાથી અતિ કસરત કરવાથી, નહિ સદતા પદાર્થોના સેવનથી, સૃષ્ટિ વિરૂદ્ધ સુખ લેવાથી, લુખા, કડવા, ખારા અને ખાટા પદાર્થોના સેવનથી, ઘડપણથી, ચિંતાથી, ભયથી, ક્રોધથી અને વ્યાધિથી પુરૂષનું વીર્ય બગડે છે. વીર્ય બહાર નીકળતી વખત બળતરા થાય અથવા બળતું બળતું બહાર નીકળે અથવા લોહીથી મળેલું બહાર નીકળે અથવા નીક-

ળતી વખતે પીડા ઉપજાવે તે વીર્ય બગડેલું ગણાય છે, અને વીર્ય બગડવાથી માણસ નપુંસક થાય છે. નપુંસક થાય છે એટલે મનમાં સ્ત્રી સંગની ઇચ્છા છતાં પણ કમતાકતને લીધે પુરૂષ સ્ત્રી પાસે જઇ શકતો નથી અથવા કોઇ દિવસજ જઇ શકે છે. સ્ત્રી સંગ વખતે દમ ભરાઈ આવવો, પસીનો વળવો તથા નબલું પડી જવું એ નપુંસક થવાની નિશાની છે. બગડેલા વીર્યને અને નપુંસકપણાને મટાડવાને

આતંકનિગ્રહ ગોલીઓ

એ એકજ ઇલાજ છે. એ ગોલીઓ કેવલ વનસ્પતિમાંથીજ બનાવવામાં આવે છે. મરદો તેમજ ઓરતોનાં તરેહવાર જાતના ભેદ ન સમજાય તેવાં મરજોનો નાશ કરવા માટે એ ગોળીઓ હરીફાઈ વગરનો એક અમુલ્ય ઉપાય ઠરી ચુકયો છે. તેના ઘણા ઉંચા ગુણોને લીધે સરજન, વિદ્વાન ડાકટરો વખણાયલા વૈદ્યો અને વિશ્વાસ પાત્ર ગ્રહસ્થો તરફથી

પચીશ હજાર કરતાં પણ વધારે

સર્ટીફિકેટો મળ્યાં છે. સ્ત્રીઓ તેમજ મરદોને ઘણી જુવાન વયે યા ઉમરે આવ્યા પછી જે ઘડી ઘડી

વગર ઇચ્છે ધાત જાય છે તેવાં દરદોમાં આ દવા બહુ ફતેહ પામી છે. સંસાર ભોગવવાને અશકત થએલા પુરૂષોને માટે એ દવા એક આશીર્વાદછે. ધાતુસ્ત્રાવથી ઉપજતી કમ કૌવતી અને નબલાઈ તથા કામોત્તેજક ભાગોનું અશકતપણું વિગેરે દરદો ઉપર એ ગોળીઓ ઘણી જલદીથી અસર કરે છે.

આતંકનિગ્રહ ગોળીઓ

તાનીક યાને આખા શરીરને તાકાત અને શક્તિ આપવાને માટે બહુ અસરકારક નીવડી છે. આતંક નિગ્રહ ગોળીઓમાં રહેલા ઉમદા ગુણોને લીધે તેનાથી મળેલી અને મળતી જતી ફતેહથી સિધ્ધ થઇ ચુક્યું છે કે તાવ આવી ગયા પછી, પેટ ઝાડા આવ્યા પછી યા કોઇબી રીતે શરીરમાંથી લોહી અથવા ધાતુ જવાથી યા બીજાં કોઇબી નબલાં કરી નાખતાં દરદો પછી જે અતિશય નબળાઈ જણાય છે, ચાલ હાલ કરવામાં તાકાત રહેતી નથી, સેહેજ ચાલહાલ કર્યા પછી યા બોલવા પછી હાંફ અને ફેર આવી જાય છે, કવખતે બાલ સફેદ થઇ જાય છે, અને ટુંકામાં જુવાન માણસ જઇફ જેવો જણાય છે. તેવાં દરદોમાં

આતંકનિગ્રહ ગોળીઓ

ન પુછો એવી અસર કરે છે. એ ગોળીઓ થોડા દિવસ ચાલુ રાખવાથી લોહીમાં વધારો થાય છે, આ-ગમાં બેમાલુમ રીતે પાછું કૌવત, જોર અને શક્તિ પ્રગતી નીકલે છે, થાક લાગતો નથી, બગડી ગએલી પાચન શક્તિમાં સુધારો થાય છે, અને નાતવાની દુર થઇ રંગ રૂપમાં અજાયબ જેવો ફેરફાર થાય છે. અતિશય અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓનાં ખાલી પડી ગએલાં ભેજાંને નબળી પડી ગએલી યા તદન ગુમ થએલી યાદ શક્તિને તાજી કરે છે, ગફલતથી નાદાન વયની કુટેવથી અથવા અતિ વ્યભિ-ચારથી આવેલી કમતાકાતી અને ગુમ થએલો મરદાઈ તત્વ

આતંકનિગ્રહ ગોળીઓ

ના સેવનથી પાછો આવે છે. ધાતુનો બગાડ થએ તેનું વેહેવું થયાં કરવું, સેહેજબી કંઇ લંપટી વિ-ચાર આવવાથી વીર્યપાત થવો તથા દરેક જાતની ધાતુ ક્ષય વગેરે કારણથી થતી નબલાઇમાં એ ગો-ળીના પરિણામે પૂરતો સંતોષ આપ્યો છે. લોહીનાં

બગાડાથી, ચાલુ તાપ રહેવાથી, લોહી યા આમ ગયા કરવાથી, કોઠાની ચાલુ કબજીઅત રહેવાથી યા એવાં બીજાં કારણોથી જ્યારે નપુંસકતા જેવું કંઈબી જણાતું હોય ત્યારે આતંકનિગ્રહ ગોળીનો ઉપયોગ કરવો એ વધારે સહિસલામત ભરેલું છે. ધાતુનો થોડો યા ઘણો થતો સ્રાવ અને તેથી ઉપજતી કમકૌવતી અને નબલાઈ, કામોત્તેજક ભાગોનું થોડા વખતનું યા લાંબા વખતનું અશક્તપણું

આતંકનિગ્રહ ગોળીઓથી

એકદમ દૂર દૂર નાસે છે. એ ગોળીઓમાં બગડેલાં લોહીને સાફ કરવાનો, જ્ઞાનતંતુઓનું બળ વધારવાનો અને પાચન ક્રિયાને મદદ કરી સારી ભૂખ લગાડવાનો ઉમદા ગુણ રહેલો છે. વળી એ ગોળીમાં મગજની તેમજ શરીરની એ બંને જાતની થાકને દૂર કરવાનો ગુણ હોવાથી એ ગોળીનું સેવન કરનારા વગર થાકે કામ કરી શકે છે. કામકાજ કરવાની નાખુશી, મન તથા તનની આળસાઈ, માથાનો સખત દુખારો, કમરનું દુખવું, પાચન શક્તિનો બગાડો, સ્ત્રીઓને દસ્તાનનું તદન બંધ થઈ

જવું, યાતો દુખારો થઇને બેસુમાર જવું, ધાતુનુ જવું વીગેરે ઘણાં સંતાપજનક દરદોનું છેવટ લાવવા

આતંકનિગ્રહ ગોળીઓ

નું સેવન કરવા મજબૂત ભલામણ કરવામાં આવે છે કારણ કે પાચન શકિતનો વધારો કરવો, બદનની અંદર લોહીનું બરોબર રીતનું ફરવું, ઓરત જાતનું દસ્તાનનું રીતસર જવું, બદનના જુદા જુદા ભાગોને જોઇતી મજબુતી આપવી વિગેરે સરવે કામોમાં

આતંકનિગ્રહ ગોલીઓ

વાજબી વખાણ પામેલી છે. વળી ઘણા જુના વખતના પ્રમેહ, પ્રદર ચકરી, વાઇ વગેરે દરદોને પણ એ ગોળી તરત નાબુદ કરેછે. એ ગોળીને માટે સીકંદરાબાદથી ડેનટલ સર્જન મી૦ એમ. એન. ધીરતા લખે છે કે "આતંકનિગ્રહ નામની આપની ગોળીઓની ખુબીની તારીફ વાંચી મેં આપ પાસ ૪ ડબી બધી મલી મંગાવી અજમાવી છે. જેથી મને લખવા બેહદ ખુશી ઉપજે છે કે આપના લખવા મુજબ એ

ગોળીઓમાં સરવે ઉત્તમ ગુણો છે એટલુંજ નહિ પણ બીજી દવાઓની મીશાલ કશાબી અવગુણ કરવા વગર પોતાનું કામ ચમતકારીક રીતે બજાવે છે. આપની ગોળીઓ સસ્તી હોવાથી ગરીબોને માટે આશીષરૂપ થઇ પડશે એવી ઉમેદ છે."

મુંબઇથી મી૦ બેહરામજી રૂસ્તમજી લખે છે કે "થોડા મહીના આગલ હું મગજની નબળાઈ, ચકરી અને બીજી પણ સાધારણ નબળાઈથી પીડાતો હતો, મેં તે ઉપર કેટલાંએક ઔષધોનો ઉપયોગ કર્યો ને થોડી અસર થતી ને વખતે નહીંબી થતી. અંતે સતારાના રહેવાશી એક મારા મિત્ર મી૦ ફિરોજશાહ મનચેરજીએ ગોળીથી ભરેલી એક કલીની ડાબડી મોકલી જે તેણે મને એક સવાર સાંજ દૂધથી લેવાને મજબુત ભલામણ કરી. મેં તે ગોળીનો ઉપયોગ કર્યો અને તેથી મને ફાયદો થયો. વળી પણ તેજ ગોળી મોકલવાને મેં તે સાહેબને લખ્યું. પણ તેની પાસે શિલિક નહિં હોવાથી તેમણે મને તમારા તરફ પરભારૂં લખી જણાવવા કહ્યું. તેથી હું આશા રાખું છું કે મેહેરબાની કરીને તે ગોળી મને મોકલી આપશો."

મુંબઇથી મી૦ કેખુશરૂ મંચેરજી મેહેતા લખે છે કે "જત તમોએ આતંકનિગ્રહની ૧૦ ડાબડી મારી તરફ ગયે મહીને મોકલી તેનો મેં તથા મારા ફ્રેન્ડો-એ સારો ઉપયોગ કર્યો છે અને અમોને ઘણીજ ફાયદાકારક થઈ પડી છે. માટે નીચે પ્રમાણે આતંક નિગ્રહ ૧૦ ડબી અને કાસાંતક ૨ ડબી વે. પે. પાર્સલ કરી મોકલી આપશો."

આતંકનિગ્રહ ગોળીઓ એકેક સવાર સાંજ જમ્યા પછી દૂધની સાથે લેવાયછે ને તે ઉપર કોઇપણ જાતની પરહેજી રાખવી પડતી નથી. કમતીમાં કમતી એક ડબી પુરતી રીતે ફાયદાકારક જણાય છે.

આ ગોળીનો વપરાસ કેવળ હિંદુસ્થાનમાંજ નહિ પણ બહારના દૂરદેશાવરો લંડન, ચીન, એડન, જંગબાર અને સીલોન વિગેરે સ્થળોમાં પણ તેનો ઉપયોગ દીન પરદીન બહોળા વિસ્તારમાં થતો જાયછે. વીર્યની વૃદ્ધિ કરવામાં, ખરૂં પુરૂષત્વ આપવામાં, અને સ્ત્રીઓનાં ગર્ભાશય સુધારવામાં આ ગોળી એક આબાદ ઇલાજ છે.

એ દવાના સેવનથી મનુષ્ય દરદ માત્રથી દૂર રહી શકેછે અને લાંબું આયુષ્ય ભોગવેછે. તેથીજ

દરેક મનુષ્યને એ ગોળીનો ઉપયોગ કરવા અરજ સાથે આગ્રહ કરવામાં આવેછે,

કિંમત ગોળી ૩૨ ની ડબી ૧ એકનો રૂ. ૧ એક, પોસ્ટેજ જુદું.

જેઓને જોઈએ તેવણે નીચે લખેલા શીરનામે કોઈ પણ ઠેકાણે લખી જણાવવું.

વૈધ શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ.

બ્રાંચ ઓફીસ, મુંબઈ, કાલબાદેવી રોડ.

આતંકનિગ્રહ ગોળીઓ પૂરતી પ્રખ્યાતીને અને પૂરતા ફેલાવાને પામેલ છતાં હજુ પણ તેનો વધારે ફેલાવો કરવાના હેતુથી જે કોઈ એ દવા રૂ. પાંચની કિમતની સાથે મંગાવશે તેને અમારા તરફથી પ્રગટ થએલ "મુકતા" નામનું એક અતિ ઉત્તમ રૂ. ત્રણની કિમતનું ગુજરાતી નોવેલ માત્ર પોસ્ટેજ ના ૩ આના લઇ ભેટ આપવામાં આવશે. મુકતા પુસ્તક કેવા કદનું છે, કેવા ચમત્કારવાલું છે, અને તેના માટે કયા કયા વિદ્વાન પુરૂષોના કેવા કેવા ઉંચા મતો પડેલા છે! તે સંબંધી જાહેર ખબર તથા તે વિષે પડેલા વિદ્વાનોનાં અભિપ્રાયો વાંચવાથી જણાશે.

"**આતંક નિગ્રહ**" દવાની સાથે ભેટનું પુસ્તક "**મુકતા**" જ્યાંસુધી તે પુસ્તક શિલિકમાં હશે ત્યાંસુધીજ આપવામાં આવશે. માટે આવો ઊમદા લાભ ન જવા દેવા ભલામણ છે.

આ પ્રમાણે રૂ. ૩ ની કિમતનું મોટું પુસ્તક ભેટ આપવામાં ઉત્તમ દવા અને ઉત્તમ પુસ્તકનો ઓહોળો ફેલાવો થાય એજ હેતુ સમાએલો છે.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ.

બ્રાંચ ઓફીસ, મુંબઇ, કાલબાદેવી રોડ.

અદ્દભૂત નોવેલ.

મુકતા

ચમકદાર ગુજરાતી ભાષામાં

ધર્મ, નીતિ અને વ્યવહાર સંબંધી જ્ઞાન આપવાની સાથે રસીલી વાર્તાના પ્રસંગી અપૂર્વ આનંદ આપનારૂં મુકતા નામનું પુસ્તક ઘણા વિદ્વાનોના હાથમાં જઇ પૂરતા માનને પામ્યું છે.

એ પુસ્તકમાં ઘરસંસાર, સુધારો, રૂઢી અને રાજ પ્રકરણી વિષયોનાં વિવેચનો એવી તો સરસ રીતે દાખલ કરવામાં આવ્યાં છે કે સમજુ વાંચનાર તે પુસ્તકને હમેશાં પોતાની પાસે રાખે છે. ધર્મ અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થો, નવરસ, તથા અલંકારો વિગેરેને આબેહુબ વર્ણવવાની સાથે શેહેર, જંગલ, બગીચા, જલાશય, આશ્રમ, રૂતુઓ, શિકાર, ગુફા, પાતાળ, તથા યુદ્ધ વિગેરે બાબતોનું વર્ણન ઘણી સરસ રીતે લખવામા આવ્યું છે.

આ ગ્રંથ ડેમી આંઠ પેજી લગભગ ૬૦ ફૉર્મનો એટલે ૪૮૦ પૃષ્ઠનો થએલ છે. તેમાં વાપરેલા ઉંચા ૪૦ રતલી કાગલની સાથે એમ્બોસવાળા છીંટના પુંઠાથી તે પુસ્તકને વધારે સુશોભિત કરવામાં આવ્યું છે, ને તેથી કહેવાને હિંમત ધરીએ છીએ કે તેની રાખેલી કિમત રૂ. ૩ પણ નજીવી છે. આવું ઉત્તમ પ્રકારનું પુસ્તક આતંક નિગ્રહ દવાની સાથે ભેટ આપવાનું સાહસ માત્ર પોતાના લાભને માટે નહિ પણ ગ્રાહકોના લાભને માટેજ છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ—

બ્રાંચ ઓફીસ, મુંબઈ, કાલબાદેવી રોડ.

મુકતા પુસ્તકને માટે વિદ્વાનોના અભિપ્રાયોનો ટુંક સાર.

રા.રા. કવિ સવિતાનારાયણ ગણપતિ નારાયણ-મુંબઈ.

સંસ્કૃત કવિઓની રીતિ પ્રમાણે રસાલંકારથી ભરપૂર એવી વાર્તાનું ગુજરાતી ભાષામાં આ પુસ્તક પેહેલુંજ છે એમ કહેવામાં કાંઈ બાધ નથી. આ ગ્રંથ વાંચવાથી સંસ્કૃત ભાષાનાં અનેક ઉત્તમ ગ્રંથોનું તમે અવલોકન કરેલું છે એવું સ્પષ્ટ માલમ પડે છે, ગુર્જર પ્રજા તરફથી યોગ્ય આશ્રય આ પુસ્તકને મળ્યાથી તમારી વિદ્વત્તા અને પરિશ્રમનો બદલો વળશે એવી આશા રાખું છું.

રા. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ—**નવસારી.**

આપના લેખની શ્લેષાદિ ચમત્કૃતિ અને વર્ણનશકિત કેટલાએક ઉત્તમ લેખોનું સ્મરણ કરાવે છે આપના ગ્રંથરચન પ્રયત્નમાં હું વિજય જોઉં છું.

રા. રા. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ—**અમદાવાદ.**

[મુકતા] એ વાર્તામાં રસ, અલંકાર, નીતિ આદિનો સમાવેશ જોવામાં આવે છે. આપ જેવા

વિદ્વાનના હાથથી પુસ્તક લખાય તેમાં શી મણા હોય! સર્વ લોકોને અતિ ઉપયોગી એ પુસ્તક થઇ પડશે.

રા. રા. શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર શીઘ્ર કવિ–**મોરબી.**

(મુકતા)ની ભાષા ઘણી ઉત્તમ છે અને લેખ ઘણો સરસ અને સરલ છે.

રા. રા. રાવ બહાદુર ગોપાલજી સુરભાઈ દેશાઇ—**રાજકોટ.**

(મુકતા) વાંચ્યાંથી મનને ગમ્મતની સાથે કેટલુંક બીજું જ્ઞાન થાય છે.

રા. રા. મહમદઅલી અબદુલઅલી, મદદગાર ન્યાયાધીશ—**ભાવનગર.**

(મુકતા)ની ભાષા અતિ ઉત્તમ અને સરલ છે અને તેમાંના વિષય જ્ઞાન મલવા લાયક છે. ગુજરાતી વાંચનમાં આ મુકતા પહેલે દરજ્જે મુકવાને સંપૂર્ણ લાયક છે. આ મુકતા વાંચતાં છોડવાનું મન થતું નથી. તેની સાથે જે જે રસ દાખલ થયો છે તેથી પુરૂષ અને સ્ત્રીઓની નીતિ, ઘરસંસાર ચલાવવાની રીતિ અને બચ્ચાંઓને કેલવણી આપવાની યુક્તિ જાણવાનુ પૂરૂં જ્ઞાન મળે તેમ છે.

રા. રા. નારણજી વાલજી, બાહ્ય શ્રી હંસબોધના કાર-
ભારી—**જામનગર.**

મુક્તા પુસ્તકની પ્રશંસા કરવા મને શબ્દો મળી શકતા નથી. તમોએ આજ દિવસ સુધીમાં જે પુસ્તકો પ્રગટ કર્યાં છે તે સર્વના શણગારમાં ફક્ત મુક્તાની ન્યુનતા હતી, તે આ પુસ્તકથી પૂર્ણ થયેલી છે.

રા. રા. શાસ્ત્રી હરિદત્ત કરૂણાશંકર—**જુનાગઢ.**

રસાલંકારાદિ વડે વિભૂષિત આ ગ્રંથની સાથે તુલના કરવા લાયક અન્ય કોઇ ગ્રંથ અદ્યાપિ મારા જોવામાં આવ્યો નથી. આ પ્રકારનો ગ્રંથ જો કોઇ સંસ્કૃત કવિએ ગીર્વાણ ભાષામાં લખ્યો હોત તો તે અપર બાણ સંજ્ઞાને પ્રાપ્ત થાત એમાં કાંઈ સંશય નથી. આશા છે કે અસૂયાદિ દોષ રહિત સાક્ષરવર્ગ તરફથી આ ગ્રંથનો આદર થશે.

રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી—**સોરઠપ્રાંત.**

આપની આ નવી કૃતિને ચિત્તાકર્ષક કરવામાં સંસ્કૃત ભાષામાં અખુટ ભંડારને ગુર્જર ભાષામાં પુન-ર્જન્મ આપવામાં, વસ્તુ સંકલના જાળવવામાં અને

ભાષા ગંભીર છતાં સરલ અને સમજાય તેવી કરવામાં આપે અપરિમિત શ્રમ લીધેલો દેખાય છે.

રા. રા. ભારતમાર્ત્તંડ ગટુલાલજી—મુંબઇ.

થોડોએક મુકતાનો ભાગ વાંચતાં તે ઉત્તમ અને કાવ્યના આકારમાં બોધોપયોગી તથા લોકરંજન જણાય છે.

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલ. એલ. બી.—ભરૂચ.

કેટલાંએક વર્ણન વાંચતાં જાણે ગદ્યને બદલે કાવ્ય વાંચતાં હોઇએ એવું જણાય છે.

રા. રા. કેશવલાલ હ. ધ્રુવ—અમદાવાદ.

તમારૂં ગદ્ય અલંકારના ચમત્કારથી ભરપૂર છે, બલ્કે ઊભરાઈ જાય છે.

૬૦ ફારમનું રૂ. ૩ ત્રણની કિમતનું અતિ વખણાએલું મુકતા પુસ્તકનો તમારે વગર પૈસે વાંચી હમેશને માટે તમારી લાઈબ્રરીમાં રાખવું હોય તો ૫) પાંચ રૂા. ની “ આતંક નિગ્રહ ” સાથે મંગાવો કારણકે પાંચ રૂા. ની આતંક નિગ્રહ સાથે મંગાવનારને તે પુસ્તક ભેટ આપવામાં આવે છે.

પ્રસ્તાવના.

આ નાના પણ ઉપયોગી પુસ્તકમાં જે વિષય મુખ્યત્વે કરીને લખવામાં આવ્યો છે, તે બાબત જાહેરમાં લાવી શકાય કે નહિં તે વિષે ઘણા વખત સુધી મારૂં મન ગુંચવાયા કરતું હતું. પણ જે ઉભરો મનમાં હંમેશાં ઉભરાયા કરતો હોય તેને બહાર નીકળવુંજ જોઇએ એવો કુદરતી નિયમ છે, તેથી તેને અનુસરીને આ વિષય સંબંધી જે મારા વિચારો, હું મારાં જુદા જુદા સ્થળોના ભાષણોમાં જાહેર કરતો હતો. પણ તે ભાષણોમાં પણ જોઇએ તેવી રીતે મનગમતી છુટથી બોલી શકતો નહીં. પણ તે મારા વિચારો કેટલાંએક અંગ્રેજી પુસ્તકોમાં મારા ધારવા પ્રમાણેજ જાહેર થયેલા જોવામાં આવવાથી મારી આગળની ધાસ્તી દુર થઇ અને તેથી હું આજે મારા તે વિચારો આ નાનકડાં પુસ્તક મારફતે બહાર પાડવાની હિંમત કરૂં છું.

આજ દીવસ સુધી ગુજરાતી ભાષામાં આ વિષયપર એક પણ પુસ્તક લખાયું હોય એવું મારા જોવામાં યા જાણુવામાં નહિં આવવાથી, તેમજ જે

મારા મિત્રોને આ વિષય સંબંધી કાંઇ પણ ઈસારો કરવામાં આવતો હતો, તેમના તરફથી પણ તે મારા વિચારો પુસ્તકના આકારમાં બહાર પાડવાની ભલામણ થવાથી, જો એ મારા વિચારો પુસ્તક રૂપે પ્રગટ થાય, તો આ વિષયમાં અજ્ઞાનતા ધરાવનાર વાંચક વર્ગને તે કોઇ પણ રીતે ઉપયોગી થાય એવું અને ખાત્રીભર્યું લાગ્યું. પણ મારી આ પાક યોજના પાર પડવામાં મને ઘણી હરકતો નડશે એમ લાગ્યું. પેહલું તો દેશમાં અસલના જેવું પૈસા ટકાનું જોર હવે રહ્યું નહીં; બીજું, ઉપયોગી, ચાનક આપનારાં અને મનપર સારી અસર કરનારાં વાંચનનો શોખ ઓછો થતો ચાલ્યો અને અફસોસ ! તેની જગ્યા હલકી જાતનાં નૉવેલો અને બીજી નકામી, તદન કચરાની ટોપલીને લાયકની ચોપડીઓએ લીધી. ત્રીજી બીના ચોપડીની કીમત વિષે છે. અલબત હમેશાં બને છે તેમ, ઉપયોગી, સંગીન લખાણો બહુ હલકી કીમતે વેચાતાં નથી કારણ તેના કર્તાઓ એમ સમજે છે કે તેથી તે લખાણોની ખરી કદર બુઝાશે નહીં. આ બીના થોડે ઘણે અંશે ખરી છે પણ તેમ થવાથી કાંઈ તે ઉમદા અને ઉપયોગી વિષયની ખરી ખુબી ઘટી જતી નથી, પણ ઉલટું, તેની ખરી કદર લાંબે

વખતે સારી પેઠે સુજાય છે. કારણ કીમત ઓછી હોવાથી અને વિષય અતિ ઉત્તમ છે એમ લોકોમાં જાહેર થવાથી તેનો ઉઠાવ ઝડપથી થાય છે અને તવંગર તેમજ ગરીબ સરખી રીતે તેનો ઉપયોગ કરી શકે છે. માટે, અત્યાર સુધી અજ્ઞાનતામાં રહેલાં સેંકડો મનુંષ્યોના ભલાંને ખાતરજ આ નાનકડા ગ્રંથની કિમત ફકત **એકજ** આનો રાખવામાં આવી છે, જે કીમત કાંઇજ નહીં પણ નામનીજ છે. વળી કાંઇ પણ કીમત ન રાખવામાં આવી હોય તો બહોળો ફેલાવો થઈ એની હજારો પ્રતો સપાટામાં ખપી જાય એમાં શક નથી પણ તેમ થવાથી કેટલાએક અણસમજના, તેનો બહુ ગેરલાભ લીએ છે, એમ મારા તરફથી વગર પોસ્ટેજે અને વગર લવાજમે નીકળતા "સમાચાર" નામના પત્રના બહાર પાડવાથી મારી ખાત્રી થએલી છે, તેથી આ પુસ્તકનો ખોટો લાભ ન લેવાય અને વાંચી સમજી શકે એવાં ગરીબ સ્થિતિનાં શખ્સો પણ એનો ખરો ઉપયોગ કરી શકે તેથી માત્ર ઉપલી નામનીજ કીમત રાખેલી છે.

પ્રથમ જાહેર કરેલી બીના પ્રમાણે આની કીમત પાછળથી બે રૂપીઆજ લેવી જોઇએ, પણ તે બીના

આ ઉપયોગી પુસ્તકના બહોળા ફેલાવામાં માત્ર લલચાવનારીજ હોવાથી, આ ચોપડી બહાર પડયા પછી પણ અસલ કીંમતે જે વધુ દામ લીધા વગરજ આપવામાં આવશે. વળી આ ગ્રંથનું પોસ્તેજ પણ લેવામાં આવશે નહીં.

મારા ધારવા પ્રમાણે આ પુસ્તક યોગ્ય વખતેજ બહાર પડયું છે. કારણ કે આવી જાતનાં પુસ્તકો વાંચવામાં હવે લોકોનો અણગમો ઓછો થવા લાગ્યો છે, કારણ તેવાં પુસ્તકોની, પ્રજા હવે કદર બુજવા લાગી છે અને તેનું ઉપયોગીપણું સમજવા લાગી છે.

આ પુસ્તક દેશી વૈદ્યક શાસ્ત્ર, અંગ્રેજી વૈદ્યક શાસ્ત્ર અને આર્ય ધર્મશાસ્ત્રને તેમજ જાતી અનુભવને આધારે લખાયલું છે, કારણ કે જે ધંધો મેં હાથ ધર્યો છે તેમાં તેવો અનુભવ થવાનો ઘણો સંભવ છે. આજ લગભગ પંદર વર્ષ થયાં હાથ ધરેલા વૈદ્યકના ધંધાથી અને તેની રૂએ આખાં હિંદુસ્તાન તેમજ બહારના દેશ દેશાવરોની સાથે રાખેલા સંબંધથી આ પુસ્તકમાં લખવામાં આવેલા વિષયમાં

મને પુરતી માહીતી મળી છે. અને તેથી કેહેવાને શકિતવાન થાઉં છું કે આ વિષયનાં અજ્ઞાનપણાથી ઘણા મનુષ્યો પાયમાલીના ભોગ થઇ પડયા છે, થઇ પડે છે, અને થઇ પડશે. આ વિષયથી ઘણું કરી સર્વ કોમના લોકો અજ્ઞાન જોવામાં આવે છે. જો આ હાથ ધરેલા વિષયને પુરતો ઇનસાફ આપવામાં આવ્યો હોય તો જુવાનીઆઓ પોતાના રસ્તામાં આવી પડતા અનેક જોખમોથી વાકેફ થાય છે. વ્યભિચારી લોકો, તન મનની શાંતીની કીંમત કેટલી છે અને કુદરતી કાયદાનાં ભંગથી કેટલાં દુઃખો ભોગવવાં પડે છે તેથી જાણીતા થાય છે. નીતિવાન પુરૂષો નીતિવાન જીંદગી ગુજારવાનાં ખરાં કારણોથી વાકેફ થાય છે. કુંવારાઓ અયોગ્ય કામ સંબંધી વ્યવહારથી થતાં દુઃખોમાં અટકાવ નાખનાર નિયમોથી જાણીતા થાય છે. પરણેલાઓ કામ સંબંધી વ્યહવારમાં અતિયોગ ત્યાગ કરવાના કાયદાથી જાણીતા થાય છે. જેઓએ પોતાની અરધી જીંદગી પુરી કીધી છે તેઓને, આવા પુસ્તકોથી, વારંવાર કામની ઇચ્છાની તૃપ્તિ બાંધાને તોડી નાંખે છે, મનને શિથિલ કરી નાંખે છે અને જીંદગીને ટુંકી કરી નાંખે છે, વગેરે, વગેરે ઘણું શીખવાનું મળે છે. અને એકંદર રીતે

લેતાં સઘળા વાંચનારાઓને કામ સંબંધી વ્યવહારમાં પવિત્રતા, મનની શાંતિ નીતિ, અને કુદરતી કાયદા તરફ માનની લાગણી જીંદગીને લાંબી કરે છે, શરીર બળનો વધારો કરે છે, મનની શક્તિમાં ઉમેરો કરે છે, અને ખરાં સુખની પ્રાપ્તિ કરાવી આપે છે; અને કામ સંબંધી વ્યવહારમાં અપવિત્રતા, નિરંકુશ કામનું વળણ તથા અનીતિ શરીરને નબળું પાડી નાંખે છે કંગાળ સ્થિતિમાં લાવે છે, નીરાશામાં ડુબાડે છે અને જેનું વર્ણન ન થઈ શકે એવા દુઃખના દરીઆમાં ગરકાવ કરે છે, બિગેરે વિગેરે બાબતોની માહીતિ મળે છે.

આશ્ચર્ય ઉપજે છે કે આજ દીવસ સુધી કોઇ પણ દેશી વૈદ્યે આ વિષય પર ધ્યાન કેમ નહીં આપ્યું હોય? તેનું કાંઈ પણ ચોક્કસ કારણ કહી શકાતું નથી. કાંતો તેઓ તે વિષયથી બીનવાકેફગાર હોય અને કાંતો તેઓ મનુષ્યોને તે બાબતથી અજ્ઞાન રાખી પોતાના ઔષધોના બહોળા ફેલાવાના લોભમાં તણાયા હોય. કારણ કે ઘણા વૈદ્યોની રોજી આ વિષયના અજ્ઞાનપણાંથી નીપજતાં દરદોથીજ ચાલે છે. જો એ દરદોનો કોઇ પણ દરદી ન હોય, અથવા

ઘણા થોડાજ દરદીઓ હોય તો ઘણા વૈદ્યોને પોતાનો ધંધો છોડી બીજે ધંધે વળગવાનો વખત આવે.

આ પુસ્તકમાં જે વિષય લખવામાં આવ્યો છે, તે જાહેરમાં મુકવો એ ડાકટરો અને વૈદ્યોનીજ ફરજ છે એવું મારૂં આધીન મત છે. પણ તે બાબદમાં પોતાના ફાયદાને માટે એટલે ગજવાં ભરવાની લાલચથી તે વાત જાહેરમાં નહીં લાવી કુદરતી કાયદાનાં ભંગથી થતાં દુઃખોથી લોકોને અજાણ્યા રાખી મુંગુ બેસી રેહેવું એ તો ખરેખર લાયક વૈદ્ય કે ડાકટરને માટે જોવા છતાં આંધલાને કુવામાં પડવા દેવા જેવું છે. આ આરોપ બધા વૈદ્યો કે ડાકટરો પર મુકવાનો નથી. પણ જેઓ જાણવા છતાં પણ જો તે સંબંધી કાંઈ પણ પ્રયત્ન કરતા નથી તો તે પર એ આરોપ મુકશું તો કાંઈ ખોટું કેહેવાશે નહીં.

આ પુસ્તકનાં કેટલાંએક પાનાં ખાસ બાળકોનેજ માટે, કેટલાંએક ખાસ સ્ત્રીઓનેજ માટે, કેટલાંએક ખાસ જુવાન્યાઓનેજ માટે, અને કેટલાંએક તમામ વાંચક વર્ગને માટે છે. જોકે આ વિષય ઉપર સંપૂર્ણ લખવાને ઘણા વૉલ્યુમો જોઈએ તોપણ બનતાં સુધી એ વિષય સંબંધી સઘળી હકીકત આ

પુસ્તકમાં ટુકાંમાં સમાવવા કોશેશ કીધી છે. તોપણ દલગીર છું, કે, જે વિષય પર વધારે છુટથી લખવું જોઇએ તેમ ન કરતાં બહુ તપાસી તપાસી, ભાષાને બહુ છુટથી વંચાય એમ લખવી પડી છે. કારણ કે લોકોની જાહેર નીતિ સાચવવાનાં બહાનાથી આવા વિષય ઉપરનું સ્પષ્ટ લખાણ લખનારને કાયદાની ચુંગાલમાં ઘસડી જાય છે. આજ દીવસ સુધીમાં મારા તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકોની ભાષા સાધારણ ગુજરાતી વાંચી સમજી શકનારને સમજવામાં જરા અઘડી પડતી હોવાના સબબથી તેનો સઘળી કોમનાં લોકો મન માનતો લાભ લઈ શકયા નથી. પણ આ પુસ્તક તો દરેક વર્ગ ઘણી સેહેલાઈથી વાંચી સમજી શકે એવા હેતુથી તેની ભાષા પારસી 'કોલોકવીઅલમાં' રાખવામાં આવી છે. અને તે મારા મુખ્ય લખાણ પરથી તેવી પારસી ગુજરાતી ભાષા કરવા મને એક મારા મીત્ર પારસી ગૃહસ્થ મી. બાપુ. જે. ડાકટર તરફથી જે મદદ મળી છે તે આ સ્થળે જણાવવાની રજા લઉં છું. આ પુસ્તકની ભાષા જાણી જોઇને બહુ ઉંચી નહીં રાખેલી હોવાથી શબ્દોની જોડણી અને વાકય રચના પણ તેવીજ રાખવામાં આવી છે, તેથી ભાષાનો કોઇપણ

રીતે વાંક ન કાડતાં તેમાં દર્શાવેલા વિચારો ઉપરજ વાંચનારે ધ્યાન આપવાનું છે.

આ પુસ્તક બહાર પડવાથી હું એજ ફાયદો માનું છું કે જેઓ મારાં એ વિષયને લગતાં ભાષણો અને ખાનગી સલાહથી દુર રહ્યાં હોય અને રહે તેઓને પણ એ ફાયદાકારક નીવડે. આમીન.

કર્તા.

વીર્ય સંરક્ષણ.

લાવણી.

ભેરવી ; હું મરી કે કલ્યાણ એમાંથી કોઈપણ
રાગમાં ગાઇ શકાય છે.

આ ચેતવણી ચિત ચોટાડો, જો હિત પોતાનું ચાહો,
વીર્યતણી રક્ષામાં તત્પર, રહો તજી અવળી રાહો ;
વીર્ય વગરનો દેહ તમારો, છે ખાલી ખોખું માનો,
નવજવાન નર વેળાસર આ, મણિવચનો ઉર
પરમાણો. ૧

અવળે રસ્તે અગર હદ વિના, જવા વીર્યને જો દેશો,
તો દરદોની ગરદીમાં બહુ, દબાઇ દુખ વ્હોરી લેશો;
વળી અણધારી ઘણી ઉખળશે, તમ ખરાબી કેરી ખાણો
નવજવાન નર વેળાસર આ, મણિવચનો ઉર
પરમાણો. ૨

નીચ ગોઠિયાતણી પોઠમાં, ભળવાનો ભામો છોડો,
પ્રસાવનારી જાળ સરીખી, ગણિકાની સંગત તોડો;
ગણજો અતિશય સ્ત્રી પ્રસંગમાં, સમાયલી બેહદ હાણો,
નવજવાન નર વેળાસરે આ, મણિવચનો ઉર
પરમાણો. ૩

ક્ષયનો ભય શિરપર ચોટે છે, વળી નપુસંકતા આવે,
વીર્ય તણો બહુ વિનાશ કરતાં, જરા અને મૃત્યુ ફાવે;
સાધ્ય દરદ પણ અસાધ્ય થાય છે, એ સઘળાં એંધાણો,
નવજવાન નર વેળાસર આ, મણિવચનો ઉર
પરમાણો. ૪

ચડતું લોહી છતાં ખરેખર, અંગ બને છે તકલાદી,
જઠરાગ્નિનું જોર હઠીને, રહે ઉદરમાં બહુ બાદી,
કામ થાય નહિ હામ જાય છે, ચડે શ્વાસ સાચું જાણો
નવજવાન નર વેળાસર આ, મણિવચનો ઉર
પરમાણો. ૫

તન મન ધનની પાયમાલીનો, પાયો હાથે નવ નાખો,
તંદુરસ્તીને નીતિ નિયમપર, સાવધ થઇ દૃષ્ટિ રાખો,

હદ છોડીને વીર્ય વહનનો, હક તમને નથી સોંપાણો,
નવજવાન નર વેળાસર આ, મણિ વચનો ઉર
પરમાણો. ૬

વીર્યતણું જો રક્ષણ કરશો, તો પૂરા સુખિયા થાશો,
તનમનને સંતાન સમૃદ્ધિમાં, બહુ આગળ વધતા જાશો;
બદ્ધ કચ્છ નર નથી સાંભળ્યો, દુખ કે ભયમાં ઘેરાણો,
નવજવાન નર વેળાસર આ, મણિવચનો ઉર
પરમાણો. ૭

જો આગળ વધવાને ઇચ્છો, જો સુખની મમતા રાખો
જો સ્વધર્મપર હોએ શ્રદ્ધા, જો આપી પ્રભુએ આંખો;
તો તો મારા ભલા બાંધવો ! વીર્યતણી રક્ષા કરજો,
વૈદ્યશાસ્ત્રી મણિશંકરની આ અરજી નિજ ઉરમાં
ધરજો ૮.

કામશાસ્ત્ર.

જીંદગી પાણીના રેલા સમાન વહી ચાલી, તનદરોસ્તી લગભગ સઘળી જતી રહી, શરીર સઘળુ રોગી બની ગયું, સાધારણ સમજ શક્તિ પણ ઓછી થવા લાગી, શરીરમાં તાકાત તો બીલકુલ રહીજ નહી, નામરદી પણ ધીમે ધીમે જણાવા લાગી, અને ધીમે ધીમે જુવાનીની બધી ઝમક અને તેજ ગુમ થવા લાગ્યું. આ બધું શાથી થયું? વાંચનાર વિચાર કર કે આ કયા પાપનું પરિણામ હોવું જોઇએ? એવાં તે કેવાં બી રોપ્યાં હશે કે તેનાં ફળ આવાં આવ્યાં, અને એવી તે કેવી મૂર્ખાઇ કીધેલી હોવી જોઇએ કે જેનો આવો બદલો મળ્યો. આવાં તંનદુરસ્ત, નીરોગી શરીરની ટુંક ઉમ્મરમાં આવી ધુળધાણી કરી નાંખનાર કોણ અને કેવો શત્રુ હોવો જોઇએ? એવું તે કેવું કાતેલ, ઝેરી

હથ્યાર હોવું જોઇએ કે જે માણસની જીંદગીના રોપાને જડમૂળથીજ સાબુત કાપ મુકી, હંમેશનો નીર્બલ કરી નાંખી આખરે તેને કરમાવી નાંખી મારી નાંખે છે ?

માણસ એક એવું ઉધરતું ઝાડ છે કે જેને સારાં તેમજ નઠારાં ફૂલો આવી શકે છે. સારાં ફૂલો ન આવવાનું કુદરતી કારણ; તેનાં મૂળમાં સડો પેસવાનું છે. પણ એવી તે સડાવી નાખનારી શી ચીજ હશે કે, તે કીરતારે ઉત્પન કરેલાં અનેક, અસંખ્ય ઝાડોમાંનાં આ ઉમદા, શ્રેષ્ટ ઝાડ પર મન ગમતાં ફૂળો આવી શકતાં નથી. માણસ એવા તે કેવાએક અંધાપાએ પોંહોંચ્યો હશે કે જેથી તે પોતાનુંજ હીત જોઇ ન શક્યો ?

આ સઘળું વાંચી વાંચનાર કોઈ ભળતી બાજુએ દોરવાઈ ન જાય, તે માટે પેહેલાંથી મારે જણાવવું જોઇએ કે તે પાપ, તે બીજની વાવણી, તે મુર્ખાઈ, તે શત્રુ, તે ઝેરી હથ્યાર, અને તે અં-

---

ધાપો, એ સઘલું કાંઇજ નહી પણ કેવળ અજ્ઞાનપણું છે. અને તે અજ્ઞાનપણું કામશાસ્ત્ર સંબંધી છે. એટલે કે સ્ત્રી પુરૂષના સંસારવ્યવ્હાર સંબંધી છે. અજ્ઞાન લોકો કામશાસ્ત્રનો અર્થ ઘણોજ બેહુદો અને અવિચારી કરે છે. અને આવી રીતની કમસમજને લીધે ધર્મની નીતિ અને વ્યવ્હારીક નીતિમાં અનેક જાતનાં નુકશાનો નજરે આવવાને લીધે તે શાસ્ત્ર સંબંધી કાંઈ પણ બોલવું એ સામાન્ય પ્રજાની ખપગી ખેંચી લેવા જેવું થઈ પડયું છે. તે સર્વશક્તિમાન સાહેબે મનુષ્ય જાતને પશુઓના કરતાં ઉંચી પંક્તિ પર મેળ્યાં છે, કારણ માણસ પોતે ખરૂં ખોટું શમજી શકે છે અને પોતાના મનના વીકાર એટલે મનના જુસ્સાઓને કાબુમાં રાખી શકે છે, પણ પશુમાં એટલું સમજવાની શક્તિ હોતી નથી. હવે માણસ જાતને આટલી ચઢયાતી પંક્તિ પર મુક્યા છતાં, જ્યારે તે પોતાની સામાન્ય મન શક્તિનો સાધારણ ઉપયોગ ન કરી પોતાના મનોવિ-

---

કામને કાબુમાં રાખી શકતો નથી ત્યારે તેને પશુની પંક્તિમાં મેલવો એ કશી રીતે ખોટું કેહેવાશે નહી. આવાં પશુની પંક્તિમાં આવી પડેલા વ્યભિચારી માણસોએ પોતે પાયમાલ થવાની અને વગોવાવાની સાથે કામશાસ્ત્રને પણ પાયમાલ કરયું અને વગોવ્યું. પણ આપણી કેવડી મોટી ભુલ થાય છે. આવાં વ્યભિચારી મનુષ્યો અને કામશાસ્ત્રને કોઈ પણ જાતનો સંબંધ ન છતાં, તેવાં મનુષ્યોના દોષથી આપણે કામશાસ્ત્રનો તીરસ્કાર કર્યા જેવું થયું. એતો ખબોચીઆંનું ગંદુ પાણી પીતાં શરીર બગડવાથી નિર્મળ સરોવરને નીંદવું, અને બાવળના ઝાડ નીચે જતાં કાંટા વાગવાથી ખુશબોદાર મોંગરાંના છોડને વખોડવા જેવું થયું. આ જેવી મોટામાં મોટી અને બેવકુફાઈભરી રીત છે, તેમજ વ્યભિચારી માણસોનાં સંબંધમાં બનતાં અણહદ નુકશાનો દેખી, કામશાસ્ત્ર તરફ અવિશ્વાસ અને અણગમાની નજ-

---

હસ્તક્રિયા (માસ્ટરબેશન) થી થએલી નબળાઈ દુર કરવા આતંકનિગ્રહ દવા જેવો બીજો કોઇ પણ ઇલાજ નથી.

રથી જોવું, એ પણ તેટલુંજ ખોટું, અને બેવકુફાઇ ભરયું છે. એક ઉત્તમ અને ઉપયોગી ચીજનો ખરો ઉપયોગ ન કરતાં તેને તમે જો આડે માર્ગે વાપરશો, અને તેમ કર્યાથી ખતા પામશો, તો તેમાં વાંક તમારો છે અને નહી કે તે ચીજનો. કામશાસ્ત્ર અને વ્યભિચારપણું એ એકએકથી તદન ઉલટા, યાને એકએકના દુશમન છે. જ્યારે પેહેલાંથી આપણા શરીરનું યોગ્ય રક્ષણ થઈ તે આપણને નીતીના રસ્તાપર રાખે છે, ત્યારે બીજાંથી આપણું નખોદ વલી તે આપણને અનીતીના રસ્તા પર હાંકી કહાડે છે. આથી ખુલ્લી રીતે ચેતાવવામાં આવે છે કે આપણો શરીરનો બાંધો જાલવવાને અને તેને વધારવાને, કામશાસ્ત્રના નીયમનું જ્ઞાન મેલવવું અને તે નીયમોને અનુસરીને વર્તવું એ દરેક મનુષ્યની મોટામાં મોટી ફરજ છે. માણસ જાતને જે વિષયની પુરતી જરૂર છે તે વિષયને લગતી એવી કોઇ પણ કેળવણી અપાતી નથી, કે જેથી તે વિષે કાંઈ પણ

સુચના થઇ શકે. એટલુંજ નહિં પણ તે વિષય વિષે જરા ઇશારો પણ થઇ શકતો નથી અને તેથી માણસ પોતાની મોટામાં મોટી ફરજથી બેખબર રહી તેથી ઊલટું વર્તે છે, અને તેથી અનેક જાતનાં મનનાં, તેમજ તનનાં દુઃખમાં ફસી પડે છે. કામશાસ્ત્રના નીયમોના અજ્ઞાનપણાથી આવી પડતાં ભયંકર દુઃખોનું બારીક વિવેચન પરણેલાને તેમજ વગર પરણેલાને, જુવાનને તેમજ બાળકને, અને પુરૂષને તેમજ સ્ત્રીને બહુજ જરૂરનું છે.

કામશાસ્ત્રના નીયમોનું જ્ઞાન અને તેને અનુસરતાં કામોથી શરીર સુખાકારી રહે છે, પણ તે નીયમોનું ઉલ્લંઘન તે રોગ અને દુઃખનું બીજ છે. કામશાસ્ત્રના નીયમો, એ કુદરતના નીયમો અથવા વધારે ખુલ્લુ કહીએ તો મનની નીતિના નિયમો છે. આમ છતાં બીજી ઘણી બાબતોમાં સંભાળથી વર્તવું અને કામશાસ્ત્રના નીયમો કે જે સર્વેથી વધારે ઉપ-

---

ખરી શક્તિ અને પુરૂષાતન માટે આતંક નિગ્રહ ગોળીઓનોજ ઉપયોગ કરવો એ અતિ ડહાપણ ભરેલું છે.

યોગની બાબત છે તેમાં બેદરકાર રહેવું, તેના કરતાં બીજી કઈ બાબત વધારે દુઃખ ઉપજાવનારી છે? દિવસ અસ્ત થયા પછી જેમ રાત્રીનું આવવું નિશ્ચિત છે તેમ કુદરતના નિયમોનું ઉલ્લંઘન કર્યા પછી દુઃખ આવવું એ પણ નિશ્ચિતજ છે. આ અગત્યની બાબત પર જાણી જોઇને અથવા તો અજાણતાં ધ્યાન નહીં આપવાને લીધે વખતો વખત ઘણા ધાસ્તી ભર્યાં પરિણામો આપણી નજરે પડે છે. કારણ કે કુદરત નાની સરખી ભુલમાં પણ અખાડા કરતી નથી; માટે કુદરતના કાયદાને માન આપવું અને તન, મનની આબાદી મેલવવી એ દરેક મનુષ્યની ફરજ છે.

પોતાનું શરીર ખુબસુરત અને મજબુત બાંધાનું જોવાની દરેક માણુસને ઇચ્છા હોએ છે, અને ... ઇચ્છાનું ફળ કુદરતના કાયદાના જ્ઞાનથી અને ...ની તર્ફ માનની લાગણી બતાવવાથીજ પ્રાપ્ત થાય છે.

કોઇ પણ જાતની નબળાઇથી પીડાતા દરદીઓએ આતંકનિગ્રહ દવાનો એકદમ આશ્રય લેવો જોઈએ.

જે વાત કુદરત પોતે ખુલ્લી મુકવા માગે છે અને જે વાત દરેક ભાષાનાં ઉમદા શાસ્ત્રો જાહેર કરે છે, તે વાત ખુલ્લી મુકવામાં, અને તે સંબંધી જ્ઞાન આપણા બાલકોને આપવામાં આપણે ખોટું શરમાલપણું રાખીએ એ આપણી ભુલ નહીં તો બીજું શું? કુદરતે ઉમદા હેતુને માટે આપેલી શક્તિનો ગેરઉપયોગ કરી તેની (શક્તિની) તાકાત કમતી કરવી, અને પાછલથી ઉપાય ન થઇ શકે એવા મોટા પસ્તાવામાં પડવું એ બહુજ અફસોસકારક વાત છે.

કુદરતના દરેક કાયદાનું જેટલે અંશે ઉલ્લંઘન થાય છે, તેટલા પ્રમાણમાં ઉલ્લંઘન કરનાર કુદરતની શીક્ષાને સજાવાર થાય છે. આવા કુદરતી નિયમો ઘણા છે. પરંતુ તે સઘળા પર થોડે ઘણે અંશે ટીકા કર્યા પહેલાં, જે બાબત અતી અગત્યની છે તે ઉપર

મરદો તેમજ ઓરતના તરેહવાર જાતનાં ભેદ ન સમજાય તેવાં દરદોનો નાશ કરવા આતંકનિગ્રહ ગોળીઓ હરીફાઇ વગરનો ઈલાજ ઠરી ચુકયો છે.

વાંચનારનું પેહેલાં ધ્યાન ખેંચવાથી, સારી અસર થશે.

પુરૂષ જ્યારે લગભગ સત્તર વર્ષની ઉમરનો થાય છે. ત્યારે પ્રજાની ઉત્પત્તિને લાયક વીર્ય તેનામાં ઉત્પન્ન થાય છે.

આ વીર્ય યોગ્ય ઉમ્મરે નહો પરણવાથી, અથવા તો ખરાબ સંગતને લીધે કુટેવ પડ્યાથી, જે રસ્તે તેને માર્ગ આપવો જોઈએ તે રસ્તે માર્ગ નહિં આપતાં કેટલાએક ઉગતા જુવાન્યાઓ તેને માટે હાથરસનો ગુનાહ કરે છે.* માણસ જાતની બનાવટ

---

* સૃષ્ટિના નિયમથી ઉલટી રીતે ઉત્પત્યવયવને હાથથી આનંદકારક અસર ઉત્પન્ન કરવી અને તેથીજ વીરયપાત કરવો તેને હાથરસ એવું નામ આપવામાં આવ્યું છે. હાથરસને માટે ઈંગરેજીમાં "માસ્ટર બેશન" "સેલ્ફએબ્યુઝ," "સેલ્ફ પોલ્યુશન," "હેલ્થ ડીસ્ટરાઈંગ" અને, 'ડેથ ડીલીંગ પરેકટીસ" એવા નામો આપવામાં આવ્યાં છે.

આ પુસ્તકમાં "હાથરસ" એ શબ્દને ઠેકાણે હવેથી "કુટેવ' એ શબ્દ વાપરવામાં આવશે.

ઘણી અજાયબ ભરેલી અને ભયભરેલી છે તેમાં પણ સઘળા અવ્યયોમાં જરા પણ હરકતથી જલદી બગડી જાય, એવી ચોકકસ, મનુષ્યનો વધારો કરનારી ઇંદ્રી (generative organ)નો વાજબી ઉપયોગ કરવાને બદલે ઉપર બતાવેલ હાનીકારક કુટેવથી તેની શક્તિને તોડી નાખીને પાયમાલ થતાં ઘણા મનુષ્યો આપણી નજરે આવે છે, જેના ઝેરી અને નાશકારક સપાટામાં દરેક દેશના જુવાનીઆઓ આવી પડે છે. તે હસ્તક્રિયા અથવા કુટેવનું નીચ કર્મ સઘળા દુરગુણોમાં સૌથી વધારે ભયંકર દુરગુણ છે, અને મોટામાં મોટું પાપ પણ એજ છે. ઠગાઇ કરવી, 'ધુતારા થવું, લુટી ખાવું, ખુન કરવાં, છાકટા બનવું, જુગાર ખેલવો અને એવાંજ બીજાં ભયંકર દુરગુણોના ભયંકર પરિણામો કરતાં પણ એ નીચ કુટેવનું પરિણામ ઘણુંજ વધારે ભયકર અને દુઃખકારક તેમજ હાનીકારક છે. શરી-

---

સ્ત્રીઓ તેમજ મરદોને ઉમરે આવ્યા પછી ઘડી ઘડી વગર ઈચ્છે ધાત જવાના રોગમાં આતંકનિગ્રહ દવા બહુજ ફતેહ પામી છે.

રમાં ઉત્પન્ન થતા અનેક રોગો એકઠા થાય અને તેનું જે ભયંકર પરિણામ આવે, તે તે કુટેવના ભયંકર પરિણામની સાથે સરખાવતાં તેનો સોમો (one-hundredth) ભાગ પણ નથી. આખી દુન્યાના સઘલા જુવાન પુરૂષોમાં ઘણી ઝડપથી ફેલાતો આ દુર્ગુણ, ઘુતમ ઘાતમથી, મંત્રજંત્રથી, અને એવા બીજા લાખો ઉપાયોથી પણ નિકલી ન શકે એવી ઝેરી અસર શરીરમાં દાખલ કરે છે.

આ ભયંકર દુર્ગુણ ખીલતા ગોલાબી ગાલોને, ફીક્કા કરી નાંખે છે, શરીરનું વત કાઢી નાંખેછે, પાચન શક્તિને ઓછી કરે છે, જીંદગીની સઘળી ખુબસુરતી-ને છીનવી લે છે, પેશાબના અનેક રોગોને જન્મ આપે છે, પેશાબનો વધારો કરે છે, દસ્તની કબજીઅત કરે છે, અને ખોરાક પર અરૂચી પેદા કરે છે.

એ કુટેવથી પેટમાં ચુંક આવે છે, દાંત સડી જાય છે, વાળ ભુરા થઇ જાય છે, શરીર પીલું પડી જાય છે, આંખો ઉંડી ઉતરી જાય છે, દિલગીરી રહયા

ફરે છે, ચેહેરો લેવાઇ ગયા જેવો થઈ જાય છે અને સારી રીતે ભુખ લાગતી નથી તથા ખાધાથી જોઇએ તેવી તૃપ્તિ થતી નથી એટલે ઘરવ આવતો નથી. સંધીવાના દરદ, પગની નબલાઇ, હરવા ફરવામાં અશક્તિ અને શરીરના અવયવોનું સુન મારી જવું વગેરે ઘણાં ભયંક્ર દર્દો, એ કુટેવનાં પરીણામ છે. એ કુટેવની આદતમાં પડેલો કમનસીબ પુરૂષ, તેમાંથી છુટો થવા માગે તોપણ થઈ શકતો નથી. કદાચ થોડા વખતને માટે એમ બને છે, તોપણ પાછો તરતજ તે ટેવમાં આવી પડે છે. ગરીબ બીચારો! કુટેવનો ભોગ થઇ પડેલું માણસ પોતાના વીચારોને સ્થીર રાખી શકતું નથી; તેની દૃષ્ટિ મંદ પડી જાય છે, કાન બેહેર મારી જાય છે, ટુંકામાં સઘલી ઈંદ્રીઓ જુઠી મારી જાય છે, અવાજમાંથી મરદાઈ નીકલી જાય છે, અને પુરૂષ નબળો, ખોખરો, ભાંગો તુટો તથા રડતી સુરત જેવો બની જાય છે. કમબખ્તીથી ઘેરાયલો તે પુરૂષ હંમેસ પોતાની જીંદગીપર વિચાર કરવાથી તેનો સ્વભાવ ચીહીડાયલ થઈ જાય છે, તેનાં

કામોત્તેજક ભાગોનું અશક્તપણું આતંકનિગ્રહ ગોળીઓથીજ મટે છે.

દીલમાંની સઘળી આશા ગોયા નાબુદ થઇ ભંગ થઈ જાયછે, વધુ અને વધુ વીર્યનું જવું હંમેસાં જારી રહે છે અને છેવટ તેનું મન તથા શરીર અત્યંત નિર્બળ અને નકામું થઇ પડેછે. આવો દર્દી જડ બુદ્ધીનો એટલે ઇડીયત બનતો જાયછે, ઘેલો થઈ જાયછે અને છેવટ આપઘાત પણ કરે છે. આ કુટેવમાં પડેલા માણસો ઠીંગણા પણ થઈ જાય છે તેમને ઘડપણ પણ જલદીથી આવે છે અને અશક્તિ તેમના પર એકદમ ગલપો કરે છે. વાઇ, ફેફરૂં, આંચકી, શરીરનું તણાવું અને અવ્યવોનું ટુંકા થઇ જવું એ સઘળું આ ખાનેખરાબીનું પરીણામ છે. સાંધાઓનું પાતલાપણું, આંખે અંધારા આવવાં, નજરનું ટુંકાપણું, વાળનું ખરી પડવું, માથામાં પીડા, નાહીંમતપણું, લાંબો વખત સુધી ઉભા રેહેવામાં અને બેસી રેહેવામાં અશકતાઇ, સવારનાં બીછાનું છોડવામાં કાંઇ અજબ કંટાળો, અને કોઇ પણ મન તેમજ તનના કામનો અણગમો, એ સઘળું એ કુટેવનાં પરિણામની ની-

---

કોઇબી સખત દરદ થવાથી ગએલી તાકાદ આતંકનિગ્રહ ગોળીઓના સેવનથી પાછી મળેછે.

શાની છે. આવાં માણસના હાથ હંમેશા ઠંડા અને ભીના રહે છે અને આ નીશાની વીર્યના ઘણા ખાલી થવાની નીસાની છે.

ખરાબ સોબત એ આ કુટેવનો શિક્ષક છે.

ઘણું કરીને ઘણા નફ્ટ નોકરો, ગરીબ નાંનાં નિર્દોષ બાલકોને એ કુટેવ લાગુ કરેછે. અને પછી તે ટેવનાં ભયંકર પરિણામો વિષે ચેતવણી આપવાને તેઓને કોઇ મલતું નથી એટલે તેઓ તે ટેવમાં ચાલુ રહે છે. હલકા પ્રકારની નૉવેલો અને બીભત્સ વાર્તાઓ વાંચવાથી પણ આ કુટેવ લાગુ પડેછે.

એક વખત અમુક બાળકને આપણે ઘણું ચંચળ અને ઉમદા યાદદાસ્ત શક્તિવાલું જોઇએ છીએ અને પાછળથી તે મુર્ખ અને ઠોઠ થઇ ગયેલું માલમ પડે છે ત્યારે તેનાપર આળસ કે કોઈ એવી બીજી રીતનું તોહમત મુકવા પેહેલાં તે તે કુટેવનો ભોગ થઈ પડયો છે કે નહીં તે તપાસવું જોઇએ.

અફસોસ ! કુદરતથીજ શ્રેષ્ઠ બુદ્ધિવાળા અને માનવ મંડલના સણગાર રૂપ નિર્માણ થયેલા ઘણા

પુરૂષો આ કુટેવમાં પડી ડુબી જાય છે એ બાબત ખરેખર અંતઃકરણને કોતરનારી છે. આ કુટેવ માણુસના શરીરને અને મનને તદન નિર્બળ કરી નાંખે છે, તેનું મુખ્ય કારણ એ છે કે, તેથી કુદરતના નિમેલા નિયમ પ્રમાણેના સંબંધ વગર બરાબર સંતોષ થતો નથી, અને તેથી વધુને વધુ એ કુટેવની ક્રિયા ચાલુ રાખવાની તેની ઈચ્છા મજબુત થતી જાય છે. વળી યોગ્ય ઉમરે પહોંચ્યા પહેલાં લાગુ પડેલી આ કુટેવ અતિશય નુકસાનકારક છે, કારણ કે તેટલી નાની ઉમરે વિર્ય પેદા થયલું ન હોવાથી તે નીકળતું નથી અને તેથી આખાં શરીરને આંચકો લાગે છે અને શક્તિ ઘટે છે. અને તે ભાગ એટલો તો નબળો પડી જાય છે કે જ્યારે મનુષ્ય ઉમરે પહોચેછે અને વીર્યની ઉત્પત્તિ થાય છે ત્યારે તે ભાગ વીર્યને ટકાવી શકતોજ નથી અને તેથી તે ભાગ જાગૃત થયા શિવાય પણ વીર્ય બહાર નીકળી પડે છે. અને તેનું જીવનતત્વ પાતળું અને પાણી જેવું થાય છે. વીર્યની ઉત્પત્તિ પેહેલાં કે

પછી એ કુટેવનું પરિણામ એ આવે છે કે કેટલીક વખત વીર્ય વગર ઇચ્છાએજ બહાર પડે છે, કેટલીક વખત પેશાબની સાથે બહાર નીકળી જાય છે અને કેટલીક વખત ઝાડાની સાથે પણ નીકળી પડે છે. એ કુટેવની શરૂઆતમાં તો વીર્ય બહાર આવવા વખતે જોસ પણ પૂરતો હોય છે અને આનંદ પણ ઘણોજ આવે છે, પણ જ્યારે તે ટેવ જુની પડે છે ત્યારે તે અવયવોમાં અશક્તતા માલમ પડે છે અને તેથી જરા પણ શક્તિ કે આનંદ વગર વીર્ય બહાર નીકળી પડે છે. અને ધીમે ધીમે તે અવયવ પાતળો સંકોચાઇ ગએલ અને કદમાં પણ ટુંકો પડી જાય છે. અને તેથી તે કુદરતી આનંદ આપવાને તદન અશક્ત થાય છે. એજ કુટેવ મનુષ્યને મારી નાખવાનું પોતાપર બહાનું લેતી નથી, પણ તે જીવનતત્વને ઓછાં કરી શરીરમાં અનેક દરદોના પ્રવેશને માટે રસ્તો ઉઘાડી આપે છે. અને એ પ્રમાણે તે બીજાં દરદોના નામથી મોતનું કામ બજાવી આપે છે. જેમ એ કુટેવ પુરૂ-

---

આતંકનિગ્રહ ગોળીઓ થોડા દિવસ ચાલુ રાખવાથી લોહીમાં વધારો થાય છે.

પોને પાયમાલ કરે છે, તેમ સ્ત્રીઓને પણ પાયમાલ કરે છે. ઘણી રૂપાળી મોહક અબળાઓ એ કુટેવથી પોતાનાં રંગ રૂપને ખુએ છે. વળી એ કુટેવથી સ્ત્રીઓને ગુહ્ય અવ્યવમાંથી સફેદ પદાર્થ નીકળ્યા કરે છે, અનિયમિત અત્યંત અને દુઃખદાયક રતુશ્રાવ તથા પેચુટીનું ખસી જવું પણ થાયછે. આમ થવામાં બીજાં પણ કેટલાંએક કારણો હોય છે પણ સૌથી મોટામાં મોટું કારણ તો હાથથી ગુહ્ય અવયવને જાગૃત કરવો એજ છે. હાથરસની કુટેવ ભવિષ્યમાં થનાર બાળકને વારસામાં મળે છે. અને તેથી એજ પ્રમાણે તે કુટેવ પેઢી દર પેઢી ઉતરતીજ રહે છે.

આ કુટેવથી થયલાં દર્દો બીજાં બધાં દર્દો કરતાં વધુ ભયંકર છે એમ કેહેવાનું કારણ એટલુંજ છે કે તે દર્દો દર્દીનાં નસીબ ઉપર પણ અસર કરે છે, જ્યારે બીજાં દર્દો તેની પેઠે નસીબ પર અસર કરતાં નથી.

જે જે માણસો આ કુટેવમાં સપડાયા છે અને સપડાય છે, તેનું કારણ એજ છે કે તેઓ તેના પરી-

---

બગડી ગએલી પાચન શક્તિને આતંકનિગ્રહ ગોળીઓ સારી રીતે સુધારે છે.

ણામ વિષે અણુજાણ્યા હોય છે એટલા માટે દરેક જુવાન માણસને આ નિબંધથી એ કુટેવના પરિણામ વિષે વાકેફ કરી તેની સામા થવાની અને તે ટેવ અ-ટકાવવાની એકદમ ચેતવણી આપીએ છીએ. સઘલી ચેતવણી સઘલી ખુલ્લી શીખામણ અને તે કુટેવ માટે કંટાળો ઉપજાવી તેમાંથી મુક્ત કરવાની સઘળી કો-શેશો એકદમ કામે લગાડવી જોઇએ. આ કુટેવ બંધ પાડવાને ગંભીર ચેતવણીની સાથે તેનાં ભયંકર પરિણામો વિષે પણ છોકરાઓને જાણીતા કરવા જોઇએ. કદાચ કોઇને એમ લાગશે કે આવી નીચ ટેવ વિષે જે બાળક તદન અજાણ્યું હોય તેવા બાળ-કને તે બાબતની ચેતવણી આપી તેનાં નિર્મળ અં-તઃકરણને જાણીતું કરવું એ ખરેખર ખેદકારક બીના છે. આવા વિચારથી કેટલાએક માબાપો, પો-તાનાં છોકરાંઓને એ બાબતમાં ચેતવણી આપવાના વિચારથી અટકે એ સ્વાભાવિક છે કારણકે જે બાબત

આતંકનિગ્રહ ગોળીઓના સેવનથી આંગમાં એમાલુમ રીતે કૌવત, જોર તથા શક્તિ, પ્રગટી નિકળે છે.

હયાતી ભોગવતી નથી તે બાબત વિષે ચેતવણી આપવી, એ તે બાબદ વિષે તેને એક જાતની યાદ આપવા બરોબર છે. પરંતુ આ બાબદ વિષે તો લાંબા અનુભવથી એમ સીધ્ધ થયું છે કે છોકરાઓને તે બાબદ વિષે ચેતવણી આપવી એ ઘણે દરજ્જે ફાયદાકારક છે. મનુષ્યજાતની વધારો કરનારી તે ચોકસ ઇંદ્રીના યોગ્ય ઉપયોગ વિષે, લાયક સુચના, તે ઇંદ્રી સંબંધી ભુલથી થતી પાયમાલીથી દુર રાખેછે. કુદરતી અમલ બજાવવામાંજ તે ઇંદ્રીનો ઉપયોગ થવો જોઇએ એ બોધ પરણવાને લાયક થયેલ દરેક સ્ત્રી પુરૂષને બહુ જરૂરનો છે. એ કુટેવમાં સપડાયલા કમબખ્તોને જલદી જણાવી દેવું જોઇએ કે અસાધારણ વીર્યનું નકામું જતું શરીરના બાંધાને તોડી જીંદગીને ટુંકી કરેછે. જેને આ કુટેવ લાગુ પડી હોય તેણે તે જગ્યાપર ડાહામ દેવો અથવા લો 'લીકર એપીસ પેસ્ટીકસ' નામનું પ્રવાહી લગાડવું જેથી ત્યાં છાગળો ઉઠી એ નાશકારક ટેવ આગળ

આતંકનિગ્રહ ગોળીઓના સેવનથી નાતવાની દુર થઇ રંગરૂપમાં અજાયબ જેવો ફેરફાર થાયછે.

વધતી અટકે. આ સિવાય એ કુટેવ અટકાવવાના જે જે ઉપાયો જણાય તે તે તુરત કામે લગાડવા જોઇએ.

આગળ જણાવવામાં આવ્યું છે કે કુદરતી અમલ બજાવવામાંજ તે ઇંદ્રીનો ઉપયોગ થવો જોઈએ. એ વાત પરણવાને લાયક થયેલ સ્ત્રી પુરૂષને કાને આવવી જોઈએ. પણ પરણવા માટેની ચોક્કસ ઉમ્મર કઇ છે તે ખાત્રીથી કહી શકાતું નથી. કારણ કે જુદા જુદા દેશની હવા પાણી અને મનુષ્યની તબીયત ઉપર તેનો આધાર રહેલો છે. આપણાં હીંદમાં હવા પાણી અને રહેવાસીઓ વિષે વિચાર કરતાં, સ્ત્રીઓને માટે બારથી સોળ વર્ષની અને પુરૂષોને માટે સતરથી પચીસ વર્ષની ઉમ્મર લગ્નને માટે નકી ઠરાવી શકાય છે. ધર્મશાસ્ત્રો અને વૈદકશાસ્ત્રોનો મત તપાસતાં પણ લગભગ તેજ ઉમર સ્ત્રીઓ તથા પુરૂષોને માટે પરણવાને લાયક ગણાયલી છે. સોળ વર્ષની નાની ઉમ્મરની સ્ત્રીમાં પચ્ચીસ વર્ષે નહીં પહોચેલા પુરૂષથી રહેલો ગર્ભ અધવચમાંજ પડી

ખાલી પડી; ગએલાં ભેજાંને આતંકનિગ્રહ ગોળીઓ શક્તિ આપી સારાં કરેછે.

જાય છે અથવા તો તેથી જે બાળક અવતરે છે તે લાંબો વખત જીવી શકતું નથી અને કદાચ જીવે છે તો તેની સઘલી ઇંદ્રીઓ અત્યંત: દુબળી રહે છે એટલે બાળસ્ત્રીમાં બાળ પુરૂષથી કદી પણ સંસાર વ્યવહાર થવો જોઈએ નહીં.

વળી આપણે હાલના જમાનામાં ખુલ્લું જોઇએ છૈએ કે બાળલગ્નથી વિદ્યા અને કલાઓનો જેવો જોઇએ તેવો અભ્યાસ થઈ શકતો નથી અને સંધાયલાં જોડાંના સ્વભાવ પરસ્પર મળતા આવતા નથી. પરસ્પરની રાજી ખુશી વગરના જોડાંઓનો વીવાહ તેઓની ઉપર ગોયા એક જાતની જુસરી નાંખ્યાં જેવો થાય છે. પુરૂષને સ્ત્રી ગમતી નથી અને સ્ત્રીને પુરૂષ ગમતો નથી. રાજી ખુશી વગર માબાપનાં અથવા તો આસપાસનાં લાગતાં વલગતાંઓના દબાણથી થતાં લગ્નો કદી સુખી નીવડતાં નથી અને તેનાં પરિણામ કોઈ વેળા બહુ માઠાં આવેછે. તે જોડાંથી પેદા થતી પ્રજા પ્રણ ખરાબ ઉત્પન્ન થાય છે, જોકે છેક નાની ઉમરમાં છોકરાં

થઈ શકતાં નથી પણ એવા ઘણા દાખલા મોજુદ છે કે અગીઆર વર્ષની બાળકીઓએ બાળકને જન્મ આપેલા છે, નાની બાળકીનું ગર્ભસ્થાન નાનુંજ હોય છે અને તેથી તે કદાવર બાળકને જન્મ આપી શકે એ સંભવથી તદન ઉલટું છે. જે વિશે વધારે સ્પષ્ટ વિવેચન આગળ કરવામાં આવશે. હાલતો બાળ લગ્નથી થતા ગેરફાયદામાં જણાવવાનું કે બાળક માબાપોનાં બાળક છોકરાં ઉત્તરોત્તર હીન સત્વ અને અલ્પાયુ થતાં જાય છે એટલુંજ નહિં પણ કુદરતી કાયદાથી વિરૂદ્ધ બચપણમાં ગર્ભ રહેવાથી ઘણી સ્ત્રીઓનાં બાંધા નબળા પડી ગયા છે. તનદુરસ્તીનો નાશ થયો છે. અને જીંદગી ટુંકી થઇ ગઇ છે. અને તેથીજ ધર્મશાસ્ત્ર અને વૈદ્યકશાસ્ત્રના કર્ત્તાઓએ જગતનું ભલું કરવાના હેતુથી, પુરૂષોને વાસ્તે પચ્ચીસ વર્ષની વયને અને સ્ત્રીઓને માટે દુર બેસવાના સમયને વીવાહનો વખત ઠરાવે-

---

હસ્તક્રિયાથી આવેલી કમતાકાતી અને ગુમ થએલો મરદાઇ તત્વ આતંકનિગ્રહ ગોળીઓના સેવનથી પાછો આવે છે.

લો છે. આ વખત સ્ત્રીઓને તેમજ પુરૂષોને માટે, પ્રજા ઉત્પન્ન કરનાર શક્તિની શરૂઆત છે. કે જે શક્તિ સ્ત્રીઓમાં પચાસ વર્ષ સુધી અને પુરૂષોમાં તેથી પણ વધારે વખત સુધી ટકી રહે છે. પણ આ ઉપરથી એમ સમજવાનું નથી કે તે શરૂઆત, તે ઇંદ્રીના ઉપયોગની પણ શરૂઆત છે, પણ એમ સમજવાનું છે કે તે તેના ઉપયોગની લાયકાતની શરૂઆત છે. જુવાનીની શરૂઆત માત્રજ કાંઈ લગ્નને માટે પુરતી નથી જોકે સ્ત્રીજાત પોતાની જુવાનીની શરૂઆતમાં પણ ગર્ભ ધારણ કરી શકે છે, પણ જો આપણે તંદુરસ્ત અને મજબુત બાંધાના બાળકની આશા રાખતા હોઈએ તો ગર્ભ ધારણને માટે જુવાનીની શરૂઆત પછી પણ થોડાં વર્ષના ગાળાની જરૂર છે. અયોગ્ય વખતે અને કંઈ પણ દાબ વીના કામની ઇચ્છાને આધીન થવાથી ઇંદ્રી જલદીથી બીનતાકાત થઈ જાય છે, એટલુંજ નહિં પણ શરીરના જુદા જુદા અવયવો પણ અશક્ત થઇ

અતી સ્ત્રીસંગથી ઉપજેલી કમતાકાતી આતંકનિગ્રહથીજ પાછી મળે છે.

જાયછે. જો તરતની જુવાનીમાં વીર્યને બહાર માર્ગ ન આપવામાં આવે તો તે વીર્ય શરીરમાં ઉતરી પુરૂષનાં બાંધાને મજબુત કરે છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સ્ત્રી પુરૂષોની જુવાનીની શરૂઆતમાંજ કામ સંબંધી વ્યવહાર, તેઓના બાંધાને મજબુત થવામાં અટકાવ નાંખે છે.

કુદરતના કાયદા વિરૂદ્ધ કામ સંબંધી વ્યવહારથીજ દુ:ખ ઉત્પન્ન થાયછે, પણ લગ્ન થયા પછી પતિ પત્ની વચ્ચે કામ સંબંધી ગમે તેટલો અતીયોગ કરવામાં આવે તોપણ તેથી કાંઇ નુકસાન થતું નથી એમ માનવું એ ઘણું ભુલ ભરેલું છે. કારણ કે આવા અતીયોગને માટે પણ કુદરતનો કાયદો ના પાડે છે. કુદરતના કાયદાના ગેરઉપયોગમાં કદી પણ માફી મળતીજ નથી. તેને ગુન્હાના પ્રમાણમાં, વેહેલી યા મોડી શિક્ષા તો જરૂર ભોગવવીજ પડે છે. કામ સંબંધી વ્યવહારના અતિયોગનું પરિણામ પરણેલી તેમજ વગર પરણેલી સ્થિતિમાં પણ સરખુંજ

ધાતુક્ષયથી થએલી નબળાઇનો નાશ કરવામાં આતંકનિગ્રહ ગોળીઓએ પુરતો સંતોષ આપ્યો છે.

છે. ઘણા પુરૂષો તેમજ સ્ત્રીઓ લગ્ન થતાં સુધી, સ્વચ્છ અને નીતીવાન રહી વીર્યને ખોટે મારગે બહાર જવા દેતાં નથી, પણ પરણે છે કે તરતજ કામ સંબંધી વ્યવહારના અતિયોગમાં પડી જાય છે. વખતો વખત સ્ત્રીઓ સંબંધી કામના વિચાર પણ માણસના મનને ખાલી કરી નાખે છે અને તેથી પણ નબળાઇ પ્રાપ્ત થાય છે, ત્યારે સાક્ષાત્કાર અતિયોગથી માણસ દુઃખી દુઃખી થાય તેમાં તો શું નવાઇ ! આ પ્રમાણે કુદરતી કાયદાનો ભંગ મરણ વેહેલું લાવવાનો એક મજબુત ઉપાય છે. અતિયોગથી નબળાઈ પ્રાપ્ત થયા પછી ઉત્પન્ન કરેલાં બાળકો નાની વયમાં ગુજરી જાય એમાં પણ કાંઇ નવાઈ નથી કારણ કે જે જીવન તત્વ તેને મળવું જોઈએ તે તત્વ તેના માબાપોએ કામ સંબંધી અતિયોગમાં પેહેલેથીજ વાપરી નાખેલું હોય છે. થોડી મિનિટના સુખને માટે પોતાના તેમજ ભવિષ્યનાં બાળ બચ્ચાંના આખા ભવના સુખમાં ખલલ પહોંચાડવી એ કેટલી અફસો-

---

સની વાત છે! પુરૂષના વીર્યનો સોઇની અણીપર ચડે એટલો પણ ભાગ જો સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસવામાં આવે તો તેમાં જીવનનાં તત્વો ઘણાં માલમ પડે છે. અને તેથી તેવાં જીવનતત્વો જો ઘણાં જાય તો પુરૂષ શકિત‧હીન થાય તેમાં કાંઇ નવાઈ નથી, વીર્યનો અમુક ભાગ તેથી ચાળીશગણા લોહીની બરાબર છે, ત્યારે વિચાર કરો કે કુમાર્ગે કવખતે અને કુટેવથી જતું વીર્ય તેથી ચાળીશગણા શરીરમાંથી જતાં લોહીની બરાબર છે. ઘણું લોહી જવાથી મનુષ્યને ક્ષય, અજીર્ણ, મનની અનવસ્થિતિ, દમ, યાદ, શકિતનું ગુમ થવું અને ટુંકામાં શરીરના દરેક અવ્યયમાં ખામી ઉત્પન્ન થાય છે. અને તેથી સાબીત થાય છે કે તે પ્રમાણે વીર્યના જવાથી પણ તેજ દરદો ઉત્પન્ન થાય છે. આ અતિયોગનાં ભોગ થઈ પડેલા દર્દીને આખરે જ્યારે ડાકટરની સલાહ લેવાની જરૂર પડે છે ત્યારે તેના ડાકટરને કે વૈદ્યને તેણે કામસંબંધી વ્યવહારમાં અતીયોગ કર્યો છે એવો શક

કવચિતજ આવે છે અને તેથી તે તેને અતિયોગથી દુર થવાની ભલામણ કીધા વગરજ દવા ચાલુ કરે છે. આ પ્રમાણે ખરી હકીકત જાણ્યા સીવાય કીધેલા ઉપાયોથી દર્દીને આરામ થતો નથી.

વળી કામ સંબંધી વ્યવહારના અતિયોગને લીધે તુરત નબળાઇ થવાની અસર મજબુત માણસ પર થતી નથી અને તેથી તે અતિયોગ તેને નુકશાનકારક નથી એમ પણ સમજવું જોઇએ નહીં. તેવા માણસને તુરત નહીં તો થોડી મુદત પછી એ અતિયોગનું પરીણામ જરૂર માલમ પડે છે. અને તેના શરીરનો બાંધો ધીમે ધીમે નબલો થતો જાય છે. મરજી સીવાય, બેધડક વીર્ય બહાર આવે છે અને છેવટે આગળ વર્ણવેલી ભયંકર સ્થિતિમાં તે આવી પડે છે.

કામ સંબંધી વ્યવહારનો અતિયોગ સ્ત્રી કરતાં પુરૂષને વધારે નુકશાનકારક છે. ઇચ્છા ન હોય અથવા કંટાલો હોય ત્યારેજ તે વ્યવહાર સ્ત્રીને ભયંકર નુક-

---

શાન કરનાર નીવડે છે. આમ કેહેવાની મતલબ તેથી એમ નથી થતી કે અતીયોગ સ્ત્રીને લાગુ નથી પડતો, પણ સ્ત્રી કરતાં પુરૂષને તેથી વધારે સાવચેતી રાખવાની જરૂર છે એમ સમજવાનું છે. વળી સ્ત્રી તથા પુરૂષ એ બન્નેને અતી સંયોગનું પરિણામ કુંવારી તેમજ પરણેલી સ્થિતિમાં પણ સરખુંજ છે માટે પરણ્યા પછી ભોગવિલાસમાં અતિશય જોડાવું એ ખરેખર ચેતન શક્તિને સુકાવી નાંખવાનો આકરો ઉપાય છે. ધણી વખત અતી સ્ત્રી સંગની ટેવ ખાવા પીવાની, કામ કરવાની, અને ઉંઘવાની ટેવ જેવી થઈ જાય છે. માણસ જેમ જેમ વધારેને વધારે સ્ત્રી સંગ કરે છે તેમ તેમ તેને તે ઈચ્છા વધારે ને વધારે વધતી જાય છે અને પછી તેનું પરિણામ બહુ ભય ભરેલું થઈ પડે છે.

ધણા જુવાન માણસોની સાધારણ ફરયાદ આપણે વખતો વખત સાંભળીએ છીએ કે તેઓને સ્વપ્નમાં અથવા પેસાબમાં અથવા એમને એમ સેહેજ

દસ્તાનના કોઈબી જાતના દરદને મટાડવામાં આતંકનિગ્રહ દવા વાજબી વખાણને પામીછે.

આંચકાએ પણ વીર્ય નીકળી જાય છે. આ પ્રમાણે ઈચ્છા સિવાય વીર્યનું નિકળવું ધાતુક્ષય રોગથી ઓળખાય છે. આનું પેહેલું કારણ હાથરસ, બીજું, અતી સ્ત્રી સંગ અને ત્રીજું કારણ સખત અભ્યાસ છે. આ મુખ્ય કારણો સીવાય નાનાં મોટાં બીજાં ઘણાં કારણો છે. અસાધારણ વીર્યનાં જવાથી માણસ નામર્દ યા નપુંસક બની જાય છે; અને કદાચ જો તે તદન નપુસંક થતો નથી તો કામ વિલાસ વખતે તેને ઘણા!જ થોડાં સુખની સાથે વીર્યનું નીકળી જવું થાય છે અથવા તો તે ક્રીયા કરવામાં તેને કંટાલો આવેછે. અથવા તો સ્ત્રીની પાસે જતાં તેને શરમ આવે છે. અસાધારણ વીર્યનું જવું લાંબી મુદત સુધી રહે તો તેનું વીર્ય ગર્ભ ઉત્પન્ન કરવાના ખાસ ગુણમાંથી નીકળી જાયછે. વળી અસાધારણ વીર્યના જવાથી ખાધરાપણું, ખાધા પછી ઉલટી, ચામડીનો ફીકો, ધોલો બીહામણો દેખાવ, શરીરનું નબળું પડી

આતંકનિગ્રહ દવા ઉપર કોઈબી જાતની પરેજી રાખવી પડતી નથી કારણ કે તે વનસ્પતીનીજ બનાવટ છે.

જવું, થોડી મેહેનતથી વધારે થાક લાગવી, બોલવામાં અચકાવું, કલ્પના શકિત તથા યાદદાસ્ત શકિતનું કમ થવું, હાથનું ધ્રુજવું, વગેરે અનેક દર્દો ઉત્પન્ન થાય છે. જેમ જેમ તે દર્દ વધારે જડ ઘાલતું જાય છે, તેમ તેમ ઉપર બતાવેલાં દર્દોમાં ધીમે ધીમે વધારો થતો જાય છે; જો મનુષ્યનાં કામો અનિયમિતપણાને બદલે નિયમિતપણામાં થાય તો કેવું સારૂં? કારણ કે નિયમિતપણું એ જીંદગીને માટે અતિશય સહીસલામત ભરેલો કાયદો છે. કામ વિલાસમાં અનિયમિતપણું તેના ભાગ લેનારનેજ નહીં પણ તેથી ઉત્પન્ન થતાં બાળકને પણ મનની તથા તનની શકિતમાં ગંભીર ઇજા કરે છે. પોતાની બેદરકારી ચાલથી બીજાને નુકશાન કરવાનો કોઇને હક નથી. માટે તેથી એમ સાબીત થાય છે કે રોગિષ્ટ અને નબળા બાંધાનાં બાળકો ઉત્પન્ન કરનારાં ઇશ્વરનાં અપરાધી છે કારણકે દરેક બાળકને પોતાનો તંદુરસ્ત બાંધો અને તંદુરસ્ત ઇંદ્રીઓ મળવાનો હક છે. આવાં બાળકો કેમ ઉત્પન્ન

આતંકનિગ્રહ દવાનું સેવન આયુષ્ય અને આરોગ્યમાં અવશય વધારો કરે છે.

થાય એ માબાપ થવા લાયક દરેક સ્ત્રી પુરૂષના જા-ણવામાં આવે તો કેવું સારૂં?

અફસોસ છે કે આ વધારે અગત્યની બાબતપર લોકોનો મોટો ભાગ બેદરકાર છે. જનાવરોને ઉછેરવાને વાસ્તે જોઈતા નિયમો ઉપર ધ્યાન આપવું અને તેનો અભ્યાસ કરવો પણ મજબુત અને તંદુરસ્ત બાંધા-વાળાં બાળકો ઉત્પન્ન કરવામાં અને ઉછેરવામાં કાંઇ ધ્યાન ન આપવું એ કેવી મુર્ખાઈ? "ઝાડ તેવું ફળ" એ કેહેવત પ્રમાણે બાળક તેનાં માબાપનો નમુનો છે. માતાપિતાના ગુણદોષો બચ્ચાંને વારસામાં મળે છે. જે ગુણો માબાપમાં હોતા નથી તે ગુણો તેનાં છોકરાંમાં પણ હોતા નથી. દરેક બાળકમાં માતા-પિતાના ભેગા ગુણોનો સમાવેશ થાય છે. સારા અથવા ખરાબ બાંધાનું થવું તથા તંદુરસ્ત અને નાજુક મનના થવું વગેરે ગુણ અને ખાસીયતો બા-ળકમાં ઓધે ઉતરવા, એ સઘલો આધાર માતા પિતા ઉપર રહેલો છે. ગર્ભ રેહેતી વખતે માતાપિતાના દીલમાં

યાદદાસ્ત તાજી કરવાને આતંકનિગ્રહ એક ઉ-સ્તાદ દવા છે.

જે જે વિચારો તન, મનની નીતિ અને બીજી અનેક લાગણી વિષે દોડતા હોય, તેવા વિચારો અને તેવી નીતિવાળું બાળક તે ગર્ભથી ઉત્પન્ન થાય છે. તેટલાં માટેજ કહેલું છે કે દુર બેઠેલી સ્ત્રીએ દુર બેસવાના દિવસોમાં પોતાનાં પતિથી દુર રહેવું, દીવસે ઉંઘવું નહીં, આંખ આંજવી નહી, રડવું નહીં, નહાવું, નહીં, નખ ઉતારવા નહીં, દોડવું નહીં, હસવું નહીં, ઘણું બોલવું નહીં, ઘણું સાંભળવું નહીં, જમીન ખોતરવી નહીં, બહુ પવન ખાવો નહીં અને મેહેનત કરવી નહીં. આ સઘળા નિયમો જે આર્ય ધર્મશાસ્ત્રમાં લખવામાં આવેલા છે, તેને અનુસરીને વૈદ્યકશાસ્ત્રમાં કારણો બતાવેલા છે. કે દુર બેસવાના દીવસોમાં દીવસે ઉંઘવાથી તે સ્રીને જે ગર્ભ રહે તે બહુ નિદ્રાવાળો, આંજણ આંજવાથી આંધળો, રડવાથી આંખની ખામીવાળો, નહાવાથી દુખીદમયલ સ્વભાવવાળો, નખ કાપવાથી ખરાબ નખવાળો અને બોલ-

---

વીર્યનો વધારો કરવા ઇચ્છનાર પુરૂષોને આતંકનિગ્રહ દવા વાપરવાનીજ ભલામણ કરવામાં આવે છે.

વાથી બકબકીયો થાય છે. તેમજ અત્યંત હસવાથી અવતરેલા બાળકના દાંત, હોઠ, તાળવું, તથા જીભ કાળાં થાય છે. બહુ સાંભળવાથી બેહેરૂં, જમીન ખોતરવાથી આળસુ, બહુ પવન ખાવાથી ઘેલું અને ઘણી મેહેનત કરવાથી બાળક કદરૂપું અવતરે છે. એટલાજ માટે સ્ત્રીએ દુર બેસવાના વખતમાં ઉપર જણાવેલા સર્વ ચાળા અને કામોથી દુર રહેવું.

દુર બેસવાના દિવસમાં સ્ત્રીએ પતિના સંયોગથી દુર રેહેવું જોઈએ. કારણ કે જેમ નદીના પ્રવાહમાં નાંખેલું લાકડું, ઉંચે જઈ શકતું નથી તેમ દુર બેસવાની વખતે લોહી વહેતાં છતાં નાંખેલું વીર્ય ટકી શકતું નથી. કદાચ ટકે તો પેહેલે દીવસે રહેલો ગર્ભ પ્રસવ વખતેજ મરણ પામે છે. દુર બેસવાને બીજે દીવસે સ્ત્રી સંગ કરવાથી ઉત્પન્ન થનાર બાળક સુવાવડમાંજ મરણ પામે છે, અને ત્રીજે દીવસે સંગ કરવાથી ઉત્પન્ન થનારૂં બાળક અપૂર્ણ અંગવાળું અને ઓછાં આયુષ્યવાળું થાય

છે, પણ દુર બેસવાના દિવસ પુરા થયા પછી સંગ કરવાથી ઉત્પન્ન થનાર બાળક મોગ આવરદાનું અને તંદુરસ્ત જન્મે છે.

જ્યારે બાળક ગર્ભમાં હોય છે ત્યારે જે જે કારણો તેની માતા પર અસર કરે છે, તે તે કારણો તે બાળકપર પણ અસર કરે છે. જો માતાને તનનું દુઃખ થાય છે તો બાળકને પણ તનનું દુઃખ થાય છે એટલા માટે ગર્ભવાળી સ્ત્રીએ, ગર્ભ રહે તે દીવસથી શાંત મન રાખવું, ચોખાઇથી રહેવું, સફેદ કપડાં પેહેરવાં, ગોજા અને બેબયલ માણસોને અડવું નહીં. ખરાબ વાસ, બીક ઉપજે એવી ચીજો અને તેવી વાતો પર ધ્યાન આપવું નહીં. સુકાગેલું, ટાઢું, સડી ગયેલું અને બફાઇ ગયેલું અન્ન ખાવું નહી. ખુશી ખુશાલીના પ્રસંગ સીવાય ઘેરની બહાર જવું નહીં, ભુતના રેહેઠાણવાળી કેહેવાતી જગ્યાએ, કોઇ મરી જાય તેને પાથરણે બેસવા, વગેરે જગ્યાએ પણ જવું નહીં. મોટે સાહાદે બોલવું નહીં. અને એવી બીજી

ગુમ થઈ ગએલી શક્તિ પાછી લાવવાને આ તંકનિગ્રહ દવા વાપરવી જોઇએ.

પણ ગર્ભને અડચણ કરનારી જે જે બાબતો જણાય તે છોડી દેવી. શરીરને બહુ મેહેનત પણ આપવી નહીં. સુવાનો પલંગ યા ખાટલો ઉંચો ન જોઇએ; બહુ મોટો હોવો જોઈએ, અને સ્વચ્છ પાથરેલો જોઈએ. વળી સુતી વખતે હલકા કપડાંજ શરીરપર હોવાં જોઇએ. બહુ મેવા મસાલાના 'રીચ' ખોરાકને બદલે સાદો, પુષ્ટ, અને રૂચીવાળો ખોરાક જમતી વખતે લેવો. આ સઘળી વર્ણવેલી બાબતો પર છુટક થવાના વખત સુધી ધ્યાન આપવાનું છે. સ્ત્રીની ઈચ્છા પરિપુર્ણ થવામાં ખામી આવે તો તે ખામી બાળકનાં અવયવોમાં ઉતરે છે. પણ શોક, દીલગીરી, ગુસ્સો, અને અસંતોષ વગેરે દીલનાં દુઃખો જો ગર્ભવાળી સ્ત્રીને હોય તો તેની અસર તેના બાળકમાં પણ ઉતરે છે. ઘોડા પર, પહાડ પર, હાથી પર યા એવી ઉંચી જગ્યા પર ચહડવું, કસરત કરવી, ઉતાવળે ચાલવું, પાણીમાં ચાલવું, કજીઓ કરવો, આળસ ખાવી, અને તીખા, ઉના, ખાટા અને ભારે પકવાનો

જીવન વધારનારી ઘણી ઉમદા વનસ્પતી આતંકનિગ્રહ દવામાં વાપરવામાં આવે છે.

ખાવાં, દિવસના સુવું અને રાતનાં જાગવું અને ઉભે પગે બેસવું વગેરે બાબતોનો પણ ગર્ભવાળી સ્ત્રીએ ત્યાગ કરવો.

ગર્ભ રહ્યા પછી સ્ત્રીને જુદીજુદી ચીજ ખાવાની ઈચ્છા થાય છે, ત્યારે જો તેણીની મરજી માફકના પદાર્થો આપવામાં આવે તો શુરવીર અને લાંબી આવરદાનાં બાળકને તેણી જન્મ આપે છે. પણ જો તેથી વિરૂદ્ધ એટલે મનગમતા પદાર્થો આપવામાં ન આવે તો તે લંગડા, બેબીયલ, ઠીંગણા, 'ઈડીઅટ' અને આંધળા બાળકને જન્મ આપે છે. ગર્ભવાલી સ્ત્રીની જેજે ઇંદ્રીઓની ઈચ્છા પુરી પાડવામાં ન આવે તો તે તે ઇંદ્રીઓની ખામીવાળા બાળકને તેણી જન્મ આપે છે. પણ એટલી સંભાળ રાખવાની જરૂર છે કે ગર્ભને ઈજા કરે એવી વસ્તુ નહિ આપવી જોઈએ. બાળકોની મનની ખાસીયતોને માબાપની કુટેવની અસર થાય છે. જો ગર્ભ રેહેવાના વખત પેહેલા સ્ત્રી પુરૂષ વચ્ચે કંકાશ થાય છે તો બાળક કજીઆખોર થાય છે.

અતી દારૂ પીનારાં છોકટાં માબાપો, થોડી અકલ-વાળાં અને ખોડવાલાં બાળકોને ઉત્પન્ન કરે છે. વખતે એમ પણ બને છે કે પેહેલું જન્મેલું બાળક કબુધીનું હોય છે અને પછીનાં બાળકો હોશીઆર અને તંનદુરસ્ત હોયછે. અથવા તો પેહેલું બાળક હોશીઆર અને તંદુરસ્ત હોય છે તો પછીનાં બાળકો અશકત અને કમસમજનાં હોય છે. આમ થવાનાં કારણો પણ ઉપરનો નીયમ વાંચવાથી તુરત ધ્યાનમાં આવેછે.

ઉપરની સઘળી હકીકત ઉપરથી હવે એમ ખુલ્લું સમજાયું હશે કે જ્યારે એક જોડું દરદી હાલ-તમાં હોય ત્યારે તેઓએ છોકરાંની વૃદ્ધી યા ઉત્પત્તિ નહીં કરવી જોઇએ, કારણ કે તેવી સ્થિતીમાં રહેલા ગર્ભથી ઉત્પન્ન થયેલું બાળક તેઓને એક બોજા જેવું અને દુઃખ ઉત્પન્ન કરનારૂં થઇ પડે છે. માતાની દરેક ભુલ ગર્ભ રેહેવાના વખતથી તે બાળકના જન્મ

ઉત્તમ ઔષધો એજ મનુષ્યનું જીવન છે. આ તંકનિગ્રહ જેવાં ઉત્તમ ઔષધો ઘણાં થોડાંજ જોવામાં આવશે.

સુધી બાળકને હાનીકારક થઇ પડે છે. ગર્ભ રહેતી વખતે બન્ને જણાં પોતપોતાના ગુણો બાળકને આપેછે. પણ ગર્ભ ધારણના વખતથી તે તેના જન્મ સુધીમાં તો માતાનાજ ગુણોની અસર બાળક પર લાગુ રેહે છે. મહીનાવાલી સ્ત્રી જો ભારે ખોરાક ખાય તો બાળકને કંઠમાળનું દરદ થાય છે. જો તેને લાંબા વખત સુધી બેસવાની ટેવ હોય તો બાળક નબળા બાંધાનું થાય છે. કોઈપણ નાલાયક ઔષધ લેવામાં આવે તો બાળક ખરાબ સ્વભાવવાળું થાય છે. કોઇ પણ પારાની મેળવણીવાળું ઔષધ આપવામાં આવે તે બાળકને ગાંઠ તથા ખહીના રોગની અસર પેહેલાંથીજ થાય છે. તેને 'કિવનાઈન' આપવામાં આવે તો બાળકની બહારની ઈંદ્રીઓમાં એટલે મુખ્યત્વે કરી સાંભળવામાં અને જોવામાં ખામી પેદા થાય છે. જો તેને કાંઇ પણ કારણથી અફીણવાળી દવા આપવામાં આવે તો બાળકનું કલેજું અશકત અને આતરડાં કબજ થાય છે. મહીનાવાલી

સ્ત્રી જો બહુ મેહેનત કરે અથવા તો જો તેને હંમેશ થાકેલી સ્થિતિમાં રાખવામાં આવે તો તેનું બાળક ખામી ભરેલું, ચેહેરામાં, શરીરમાં, અને બોલવામાં સમતોલ વગરનું તેમજ બેડોળ થાય છે. ગર્ભમાં રહેલાં બાળકનો જોકે કુદરતે ઘણો સારો બચાવ કરી રાખેલો છે, તોપણ ગર્ભ રહ્યા પછી સ્ત્રી પુરૂષ વચ્ચેનો સંબંધ બંધ રાખવો જોઇએ. આ પ્રમાણે જંગલી લોકોમાં અને પશુ વિગેરેમાં રિવાજ આલે છે. અફસોસ છે કે સુધરેલા લોકોમાંજ તે સંબંધી ભયંકર ભૂલો થાય છે. ગર્ભ રહ્યા પછી તે સંબંધ જો જારી રાખવામાં આવે છે તો ઉત્પન્ન થનાર બાળકોના અવ્યવોની રચનામાં ખામી ઉત્પન્ન થાય છે. આવા વખતમાં સંયોગથી થતા કામનું વળણ અટકાવવાને સ્ત્રી પુરૂષનું સુવાનું બીછાનું જુદું રાખવું જરૂરનું છે. ગર્ભવાલી સ્થિતિમાં વખતો વખત સંબંધ થયાથી બાળક કમજોર અને

લોહી સુધારવું શક્તિ આપવી અને અનેક જાતનાં દરદો મટાડવાં એ આતંકનિગ્રહ દવાનુંજ કામ છે.

મુશ્કેલ થાય છે. એટલુંજ નહીં પણ તેથી ઘણી વખત ગર્ભ અધુરે પડે છે. તેમજ સ્ત્રીની છુપી ઈંદ્રીઓનાં ઘણાક દર્દો, સ્ત્રીનું જલદીથી ઘસાઇ જવું અને બાળકોનો નાની વયમાં નાશ એ સઘળું મહીનાવાળી સ્થિતિના વખતમાં સ્ત્રી પુરૂષ વચ્ચેના સંબંધનુંજ પરીણામ છે. એટલુંજ નહીં, પણ ઉત્પન્ન થનારાં બાળકમાં, મા બાપનો, મનને વશ ન કરી શકનારો જુસ્સો પણ ઓધે ઉતરે છે.

ગર્ભ રેહેવા પછી પોતાની આગળના નાનાં બાળકને ધવરાવવું એ માતાને, ધાવનાર બાળકને, અને ગર્ભમાં રહેલું બાળક, એ ત્રણેને નુકશાનકારક છે. આવી રીતે બાળકને ધવરાવવાથી હમેલ અધુરે જાય છે, અને કદાચ બાળક જન્મ પામે છે તો તે સડો લાગેલાં ફળની માફક ધીમે ધીમે દુબળો થઇ મરણ પામે છે.

જેમ માવતરનું દુધ તેમજ ધવાડવા રાખેલી આયાનું દુધ પણ બાળક પર અસર કરે છે. માટે માતા તથા ધવાડવા રાખેલી સ્ત્રી તંદુરસ્ત હોય તોજ

આતંકનિગ્રહ દવાના સેવનથી થાક લાગતો નથી.

બાળક તંદુરસ્ત બાંધો પકડે છે. ધવાડવા રાખેલી આયા માટે (આજકાલની ફ્રાશનની ફીસીઆરીમાં ચડી રેહેલી પ્રજાએ) ખાસ ધ્યાન આપવું, માતા (જો ખરેખરજ પોતાના શરીરની નાતબીયતને લીધે), પોતાના બાળકને માટે ધવાડનારી સ્ત્રી રાખે, તો તેણી પોતાની જાતની, મધ્યમ કદની, જુવાન, કશા રોગ વગરની, નમ્ર સ્વભાવની, બહુ બાહોશ નહીં એવી, લોભી નહીં, દુબળી નહીં, તદન હોશ વગરની પણ નહીં, સ્વચ્છ દુધવાળી, લાંબા હોઠ વગરની, ગોળ થાનવાળી, શરીરના સઘળા સાબુત અવ્યવોવાળી, અફીણ વગેરે કેફી વસ્તુને નહી અડનારી, હૈયાત બાળકવાળી, બાળક પર વહાલ રાખનારી, નીચ કામ નહીં કરનારી, સારાં ખાનદાનની, અને બીજા પણ એવા સારા ગુણોવાળી હોવી જોઇએ. ધવાડનારી જો ઉંચા થાનવાળી હોયતો તેને ધાવનાર બાળક ભયંકર થાય છે. લાંબા થાન વાળી ધવાડનારીથી છોકરાંનું નાક અને મોઢું દબાય છે અને વખતે તેમાંથી બાળકનું મરણ પણ નીપજે છે. ધવરાવતી

હાથરસથી ઉત્પન્ન થએલા દરેક જાતનાં રોગોમાં આતંકનિગ્રહ દવા ધારેલી અસર કરે છે.

વખતે ધવાડનારીએ બાળકનાં માંથાંપર હાથ રાખવો જોઈએ. વળી ધવાડનારી એકજ હોવી જોઈએ કારણ કે જુદાં જુદાં ધાવણ ધાવવાથી બાળકના શરીરમાં અનેક રોગો જન્મ પામેછે. બાળકને ધવાડવાનું શરૂ કરતી વખતે હંમેશ થોડું દુધ બહાર કહાડી નાંખવું જોઈએ. જો તેમ કર્યા વગર ધવાડવામાં આવે તો દુધથી ભરેલાં થાનમાંથી દુધનાં જોસબંધ વેહેવાથી બાળકને દમ, અને તેને લગતા બીજા રોગ ઉત્પન્ન થાયછે. ગુસ્સા અને દલગીરીથી તેમજ બચ્ચાં તર્ફના અભાવથી સ્ત્રીનું દુધ બળી જાયછે. માટે ઉપલી લાગણી અને ગુસ્સા વગરની સ્ત્રી ધવાડવા માટે રાખવી. વળી ધવાડનારી હસ્તક પોતાનાં બાળકને સોંપવા પેહેલાં તે ધવાડનારીના દુધની તપાસ લેવી બહુ જરૂરીયાત છે. દુધને પાણીમાં નાંખવાથી જો તે તેની સાથે મળી જાય, ફીણ નહીં દેખાય, પાણીમાં દોરાના

રાત્રીમા અને દિવસમાં એપ્રમાણે બે જાતના ધાત જવાના રોગમાં ધણાં ઔષધો એકને ફાયદા કર્ત્તા અને બીજાને નુકશાન કર્ત્તા નિવડેછે પણ આતંકનિગ્રહ ગોળીઓ એ બન્ને પ્રકારમાં એકસરખી રીતે લાગુ પડતો વખણાએલો ઇલાજ છે.

વળની પેઠે દુધ ફર્યા ન કરે, ઉપર તરી ન આવે, ફાટી નહીં જાય, પણ સ્વચ્છ અને સફેદ દેખાય તો તે દુધને લાયક માનવું. ભુખી, શોકમાં ગરક થએલી, થાકેલી, ધાતુના બગાડવાળી, હમેલવાળી, તાવથી પીડાતી, બહુ નબળી, બહુ જાડી અને અજીર્ણ વગેરે રોગોવાળી ધવાડનારીનું ધાવણ બાળકના શરીરમાં અનેક જાતના રોગો ઉત્પન્ન કરે છે.

તનનાં કૌવતની જરૂરીઆતના પ્રમાણમાંજ મનનાં કૌવતની જરૂર છે. સાધારણ બુદ્ધિનાં છોકરાં તો ઘણાં ઉત્પન્ન થઇ શકે પણ તેજ બુધ્ધીવાળાં છોકરાં કેમ પેદા થઈ શકે એ જાણવું બહુ જરૂરનું છે. બાળકના જન્મ પછી તેને બુદ્ધિમાન કરવાનાં સઘળાં પ્રયત્નો કામે લગાડવા કરતાં, બાળક જ્યારે ગર્ભમાં હોય ત્યારે તેને બુદ્ધિમાન કરવાનું તેની માતાનું પ્રયત્ન વધારે સફળ ઉતરેછે. ગર્ભમાં-

---

રાત્રીમાં ધાત જવાનાં કરતાં દિવસે ધાત જવી એ રોગ ઘણો ભયંકર છે તે શરીરને જલદીથી ખાલી કરી નાંખેછે આવા વખતમાં આતંકનિગ્રહનો ઉપયોગ અતિશય લાભકારી નિવડે છે.

રહેલા બાળકની મનની કેળવણી ખીલવવાનો વખત ગર્ભના પાંચમાં મહીના પછીનો છે. પેહેલા પાંચ મહીના તો માતાએ પોતાના શરીરને તંદુરસ્તી-વાળું રાખી અને એટલી પોતાના શરીરને કસરત આપવી, જેથી બાળકના શરીરના બાંધાની ખીલ-વણીનો પાયો રચાયછે. પણ પાંચમાં મહીના પછી બાળકનું મગજ ખીલેછે ત્યારે માતાએ પોતાની બુદ્ધિ વધે એવાં પુસ્તકોનો સારીપેઠે અભ્યાસ કરવો જોઈએ. ગર્ભમાં રહેલાં બાળકના મનનું કૌવત વધા-રવાનો એજ ઉત્તમ રસ્તો છે. માતા જો પોતાનાં બાળકને એક છટ્ટાદાર બોલનાર કરવા માંગતી હોય તો તેણીએ ઘણાં ઉત્તમ ભાષણો સાંભળવાં જોઇએ અને બની શકે તો આપવાં જોઇએ. અને જો ઉત્તમ કારીગર કરવા માંગતી હોય તો તેણીએ સારાં સારાં ચિત્રો જોવાં જોઇએ અને તે વિષે મનમાં વિચાર કર્યા કરવો જોઈએ, અને ચીત્રો દોરવાની કોશેશ કરવી જોઇએ. એજ પ્રમાણે બાળકને જે જે વિષયમાં ઉત્તમ બનાવવાની ઇચ્છા હોય તે તે વિષય

---

* સેહેજ બી લંપટી વિચાર આવવાથી થતો વીર્ય-પાત આતંકનિગ્રહ દવાથી અટકે છે.

નો વિચાર અને ખ્યાલ તેની માતાએ કરવો જોઇએ અને તે તે વિષયમાં હુશીઆર અને પ્રવિણ થવાની અથવા તે શાખવા માંડવાની અને જાણવાની કોશેશ તેણીએ કરવી જોઇએ. એકજ માતાનાં બે છોકરાંમાં ઉપર પ્રમાણે કેળવણી મળેલું બાળક વધારે હુશીઆર થાયછે; અને કેળવણી વગરનું બાળક ગાફેલ રહેછે. આ ઉપરથી આપણે સિદ્ધ કરી શકીએ છૈએ કે ગર્ભવાળી સ્ત્રીના મનની લાગણી ગર્ભમાં રહેલાં બાળક ઉપર થાયછે. ગર્ભવાલી સ્ત્રીને કદાચ કોઈ કદરૂપા પુરૂષ સાથે વાતચિત કરવાનો પ્રસંગ આવે અને પછી તે પુરૂષના રંગ, રૂપ, અને ચેહેરાનો તેણીને વિચાર આવ્યા કરે તો તેણીનું બાળક પણ તેવુંજ કદરૂપું થાયછે. જો બાળકને બાહાદુર અને હીમતવાન બનાવવાની ઈચ્છા હોય તો હમેલવાળી સ્ત્રીએ બહાદુર અને હીંમતવાન થવું જોઇએ. ધારતી અને ભયની અસર પણ ગર્ભમાં રહેલાં બાળક ઉપર થાયછે. જો તેવા વખતમાં બાળક જન્મ પામે તો તે તરત મરી જાયછે અથવા થોડા મહીના

સુધી જીવીને મરી જાયછે, અને કદાચ લાંબો વખત જીવેછે તો તે મુર્ખજ રહેછે.

પિતા અને માતા બન્ને તંદુરસ્ત હોય તો બાળક પણ તંદુરસ્ત અવતરેછે અને બંન્નેમાંથી એક પણ નબળું હોંય તો બાળક પણ નબળું અવતરેછે. અશક્ત માબાપોના છોકરાં અશક્ત હોય છે, વિષયી માબાપોનાં છોકરાં વિષયી નિવડેછે અને ટુંકામાં જે જે કુટેવો માબાપમાં હોયછે તે તે કુટેવ તેનાં બચ્ચાંઓને પણ વારસામાં મળેછે એટલે કે માબાપના દરેક અનીતિનાં પરમાણુ છોકરાંને વારસામાં મળેછે અફસોસ માત્ર એટલોજ કે માબાપોની ભૂલની શિક્ષા તેના છોકરાંને ભોગવવી પડેછે આ ઠેકાણે મારે જણાવવું જોઇએ કે જેમ માબાપની અનીતિના પરમાણુંઓ તેમ નીતિના પરમાણુંઓ પણ છોકરાંને વારસામાં મળેછે. રોગિષ્ટ માબાપોનાં છોકરાં રોગિષ્ટ અવતરેછે. તેવા ઘણા દાખલા આપણે જોયા છે અને જોઇએ છૈએ. ટુંકી નજર, ખઈ, દમ, વાઈ વગેરે બીજાં દરદો માબાપ તરફથી છોકરાંને વારસામાં મળે છે.

આતંકનિગ્રહ ગોળીમાં જ્ઞાન તંતુઓને બળ આપવાનો ખાસ ગુણ રહેલો છે.

માણસ જ્યારે ઘોડા, બળદ, કુતરા, કે એવાં બીજાં જાનવરો સારાં મજબુત થાય તેને માટે મજબુત અને તંદુરસ્ત જોડાં શોધેછે, ત્યારે પોતાનાં બાળકો મજબુત અને તંદુરસ્ત થવા માટે સ્ત્રી પસંદ કરવાના સંબંધમાં પુરૂષ, અને પુરૂષ પસંદ કરવામાં સ્ત્રી બેદરકાર રહે એ કેટલી અફસોસની વાત છે? સ્ત્રી, કે પુરૂષમાંથી કોઈપણ નબળા બાંધાનું હોય તો તે વચ્ચેનાં લગ્ન એકદમ અટકાવવાં જોઇએ. પણ જ્યાં સુધી બાળકોને વારસામાં દરદ કેવી રીતે મળેછે તેનું જ્ઞાન લોકોમાં પુરેપુરૂં નહીં ફેલાય ત્યાં સુધી એમ થવું ઘણું અસંભવિત છે, "માબાપ તેવાં છોકરાં" એ કેહેવત માબાપનાં તનનાં બાંધા અને મનના વિકાર ઉપર ધ્યાન આપીનેજ નિકલેલી હોય એમ જણાયછે. અતિ અફસોસ કરવા જેવું છે કે પૈસો, ઉંચી જાત અને એવીજ બીજી કેટલીએક બાબતોપર વિશેષ ધ્યાન આપી પરસ્પર જોડાં બંધાયછે. આવી રીતે કજોડાં બંધાઈ નબળી ઓલાદ ઉત્પન્ન થાયછે. એક પૈસા-

---

બદનના જુદા જુદા ભાગોને જોઇતી મજબુતી આપવી એ આતંકનિગ્રહનુંજ કામ છે.

દાર જુવાન્યો ગમે એવો બેડોળ, રોગિષ્ટ અને બુબખ હોય તોપણ તે રૂપાળો, તંદુરસ્ત અને હોશીઆર તરીકે પસંદ કરવામાં આવેછે. એવી પૈસાની કરામત છે. સારી જેવી સમ્ભર રીત લાવનારી બહીવાળી બેખીયલ સ્ત્રીની સાથે લગ્નના પવિત્ર ગાંઠથી જોડાવામાં એક તંદુરસ્ત, લોભી અને દેખતી આંખે આંધળો પુરૂષ જરા પણ અચકાતો નથી. બુદ્ધિમાન માબાપનાં છોકરાં તેવાંજ નિવડેછે. ઘણું કરી મોટાં, પ્રખ્યાત માણસોની માતા તેવાજ ગુણવાળી હોયછે. કારણકે પીતા ગમે તેવી ઉત્તમ શક્તિ ધરાવતો હોય પણ માતાં નબળા બાંધાની હોય તો તેણી કદી સારાં, તેવાં છોકરાંને જન્મ આપી શકશે નહીં. વળી અનુભવથી એમ પણ સાબેત થયુંછે કે, ફકત માતાપિતાનાજ નહી પણ પોતાના દાદા વગેરેના પણ ખાસ ગુણો, ખામીઓ અને દરદો થોડે અથવા ઘણે દરજ્જે વારસામાં લઈને છોકરૂં અવતરે છે. પુરૂષની તર્ફના ગુણ અને ખામીઓ પુરૂષને અને સ્ત્રીની તર્ફના ગુણ અને ખામીઓ

સ્ત્રીને મળે છે. વલી દારૂ પીવાની, ખુન કરવાની અને આપઘાત કરવાની ટેવ તથા ઘેલછા પણ વારસામાં ઉતરે છે. દુનીઆમાં જે જે ગુનેહગાર માણસો આપણા જોવામાં આવે છે તે સઘળા ગુનેહગાર બાપોનાંજ છોકરાં છે.

માબાપની તંદુરસ્તી અને ગુણદોષો ઉપરજ છોકરાંની તનમનની હાલતનો આધાર રહે છે. એમાંથી એક પણ નબળું હશે તો બાળક પણ નબળું નીવડશે. સ્ત્રી અને પુરૂષમાં જેટલે દરજજે ખામી તેટલે દરજજે તે ખામીનું પરિણામ બાળકને ભોગવવું પડે છે. સ્ત્રી અને પુરૂષ જો પોતાની નાની વયમાં માબાપ થાય તો તેથી અવતરેલાં બાળકમાં તેના તર્ફથી મળેલા ગુણો ઘણીજ અધુરી હાલતમાં જોવામાં આવશે. પુખ્ત ઉમરે પોંહચેલાં માબાપોનાં છોકરાં ઘણા મજબુત બાંધાનાં અને રૂપાળાં નીવડશે. આ બાબદ તો ખરીજ છે કે ફુટતી જુવાનીવાળો પુરૂષ, પોતાનાં બાળકને પુરેપુરી જીવન શક્તિ (vitality) આપી શકતો નથી. તેવીજ

રીતે નાની ઉમ્મરની છોકરી નાનાં અને ઝીણા બાળકને જન્મ આપે તેમાં શી નવાઈ ?

જેમ નાની ઉમ્મરનાં માબાપો તંદુરસ્ત બાળકો ઉત્પન્ન કરી શકતાં નથી તેમ બહુ મોટી ઉમ્મરે પહોંચેલાં માબાપો પણ તંદુરસ્ત બાળકને ઉત્પન્ન કરી શકતાં નથી. અને તેથી એમ સિદ્ધ થાય છે કે નબળા બાંધાનાં બાળકો કાંતો કાચી ઉમ્મરનાં માબાપોનાં અથવા તો ઘરડાં માબાપોનાં છોકરાં હોવાં જોઈએ. કારણ કે નાની ઉમરનાં માબાપોનાં શરીર અને મન નાનાં હોય છે. તથા ઘરડાં માબાપોના શરીર અને મન વપરાઇને ઘસાઈ પીસાઈ ગયલાં જેવા હોય છે. આથી બીજી વાત એ સાબીત થાય છે કે સઘલી રીતે લાયક દેખાતાં બાળકો સારી રીતે પુખ્ત ઉમ્મરે પહોંચેલાં માબાપનાંજ છોકરાં છે. કારણ કે લાયક ઉમ્મરે માત પીતાનાં તન અને મન બરાબર સંપુર્ણ હાલતમાં આવેલાં હોય છે. આપણે ઈતિહાસપર નજર કરશું અને

રાત્રીના કે દિવસના કોઈ પણ જાતના ધાતુ જવાના રોગપર આતંકનિગ્રહ એક વખણાએલો ઈલાજ છે.

અતિ પ્રખ્યાત માણુસો તર્ફ જોઇશું તો તેઓ છેક નાની વયનાં માબાપનાં કે ઉમ્મરે પુગેલાં માબાપનાં છોકરાં નહીંજ હોય. સારી પેઠે પુખ્ત ઉમ્મરે પહોંચેલાં માબાપનાં છોકરાં અનુક્રમે એક બીજાંની સાથે સરખાવતાં થોડે યા ઘણે દરજ્જે વધુ યા ઓછી ખામી લઈ અવતરે છે. અને તેથી એવું અનુમાન થાય છે કે હિંદુઓના ધર્મશાસ્ત્રકારોએ સૌથી નાના છોકરાને પિતાની મિલ્કતનો મોટો ભાગ વારસામાં આપવાનો જે કાયદો ઘડયો છે તેનું કારણ પણ એજ હોવું જોઇએ, કારણ કે મોટી ઉમ્મરે થયેલાં નાનાં છોકરામાં માબાપ તર્ફનાં જેટલા મજબુત ગુણ હોવા જોઈએ તેટલા હોતાં નથી. અને તેથી તે દુન્યામાં આગળ વધવાને અશક્ત રહે છે. અને તેટલાજ માટે તેને વધારે હીસ્સો મળવાની જરૂર છે. આ ઉપરથી એક બીજો સાર આપણે કહાડી શકીએ છૈએ કે છેક નાની ઉમ્મર તેમજ છેક મોટી ઉમ્મર બાળકની ઉત્પત્તિને માટે નાલાયક છે. માટે તેવી ઉમરે બાળકની ઉત્પત્તિ થતી

અટકાવવીજ જોઇએ. નહીં પાકેલું તેમજ સડી ગયેલું વીર્ય કદીપણ સારો દેખાવ આપતું નથી.

દુન્યાદારીનાં સઘળાં સુખોનો આધાર લગ્નઉપર છે. ખરી લગ્નની સ્થિતિ એ દુન્યામાં સૌથીસરસ સુખની સ્થિતિ છે. લગ્નમાં જોડાયા પછી બન્ને પક્ષ એક બીજા તરફ પવિત્ર હોય તો તેનું પરિણામ કાંઈ જુદુંજ આવે છે. પણ અરે! આ બાબત સમજેછે કોણ? પતિ પસંદ કરવામાં ઘણી બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર છે. સ્ત્રી પુરૂષો જેમ પોતાનાં સુખને સારૂ પરણેછે તેમ તેઓ પોતાના ભવિષ્યના બાળકનું હિત ધ્યાનમાં લઈ પરણતાં હોય તો કેવું સારૂ? પતિની નાદુરસ્તી તેની સ્ત્રીને પણ દુઃખદાયક છે એટલુંજ નહીં પણ તેના ભવિષ્યના વંશવેલા પર પણ આવી પડેછે. પુરૂષ સ્ત્રીને તનું રૂપ અને પૈસો જોઇ પસંદ કરેછે અને સ્ત્રી પુરૂષને તેનું રૂપ જોઇ પસંદ કરે છે. પણ એક બીજાને પસંદ કરવામાં કઇ કઈ બાબતો જરૂરની છે તે તેઓ જાણતાં નથી. પરણવા પેહેલાં વિચાર કરવો

ગફલતથી નાદાન વયમાં કરેલા હાથરસથી આવેલી કમતાકાતી આતંકનિગ્રહથીજ નાશ પામે છે.

જોઈએ કે તમારે માટે કયો ધણી કે કઇ સ્ત્રી લાયક છે. કારણ કે તેના પર તમારા ભવિષ્યનો આધાર છે. પોતાના ઘરને માટે કોઈ જાનવર પસંદ કરતી વખતે માણસ તેની બધી રીતે તપાસ કરેછે, ત્યારે લગ્ન, કે જેના પર ભવિષ્યનાં સઘળાં સુખોનો આધારછે તેમાં જરા પણ વિચાર કર્યા વિના જોડાવું એ કેવું ભુલ અને ભયભરેલું છે. એક બીજાની સાથે લગ્નમાં જોડાતી વખતે પરસ્પરના બાંધાની બરોબરી, ઉમ્મરનો તફાવત અને એક બીજાને મળતા વિચારો સંબંધી જરૂર વિચાર કરવો જોઈએ. જેવા ગુણ પુરૂષમાં તેવાજ ગુણ સ્ત્રીમાં હોય અને તેઓ જો લગ્નથી સાથે જોડાય તોજ તેઓ સુખી જીંદગી ગુજારી શકે. બુધ્ધિમાન બેઅક્કલની સાથે, ઉદાર કંજુસની સાથે, તંદુરસ્ત નાદુરસ્તની સાથે અને એવીજ રીતે પરસ્પર વિરૂધ્ધ ગુણ ધરાવનાર જોડાંઓ સાથે જોડાવાથી બેશક માઠા પરિણામ આવે છે. જો સ્ત્રી, છાકટ ધણીને પસંદ કરે તો તેણીને માટે, ગરીબ સ્થિતિ, દુઃખ અને

અતિ વ્યભિચારથી થએલી નબળાઈ પણ આતંકનિગ્રહથીજ દૂર થાય છે.

ભુખમરાનો વખત નજદીક છે એમ તેણીએ નક્કી માનવું એટલુંજ નહીં પણ એ જોડાંથી ઉત્પન્ન થનાર છોકરાં ઉપર પણ તેની નાશકારક અસર થાય છે, કોઈ પણ હલકી જાતનો વ્યસની પુરૂષ પણ પતિ થવાને નાલાયક છે. જે પુરૂષ પોતાની માતા તથા બહેનો ને અપમાન આપતો હોય તે પણ પતિ થવાને નાલાયક છે, કારણ એવી ચાલથી તે પોતાને હલકા અને ઘાતકી પુરૂષમાં ખપાવે છે. પુરૂષનો બહારનો અદેખાઇભર્યો અને નીચ દેખાવ તેનાં અંદરનાં હલકા ગુણોનાં ગોયા એક સાંકળીયાં (index) સમાન છે. માટે તેવો સખ્સ પતિ થવાને લાયક નથી. આ પ્રમાણે પતિ પસંદ કરવામાં, એક સ્ત્રીને ઘણી બાબતો તપાસવાની છે. પણ અફસોસ! તેમ થોડીજ સ્ત્રીઓ કરેછે. ઘણી વખત ઘણી સ્ત્રીઓ તેવો લઈ કુવામાં ઉતરેછે. બલકે તેનાં માબાપોજ તેણીઓને કુવામાં નાખેછે. વિચાર કર્યા વગર ઉતાવળે પતિ પસંદ કરવામાં, પાછળથી ધીરજથી અફસોસ કરવો, એજ પરિણામ આવેછે. જો કે હું

દરેક જાતના ધાતુક્ષયને માટે આતંકનિગ્રહ એક ખરો ઇલાજ છે.

કુંવારા રેહેવાની ભલામણ કરતો નથી, પરંતુ માઠાં પરિણામવાળાં લગ્નમાં જોડાવા કરતાં કુંવારા રેહેવું એ વધારે સારૂં છે.

જેમ સ્ત્રીને પતિ પસંદ કરવામાં તેમ પુરૂષને સ્ત્રી પસંદ કરવામાં પણ ઘણી બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર છે. કોઇ પણ દરદથી પીડાતી સ્ત્રી પત્ની થવાને નાલાયક છે. અતિ નાની કમરવાળી સ્ત્રી પણ પત્ની થવાને નાલાયક છે. અતિ નાની કમરને ખુબસુરતીની નીશાની ધારવી એ ભુલભર્યુંછે. એવી સ્ત્રીઓ તંદુરસ્ત બાળકને જન્મ આપી શકતી નથી. જેને સારી કેળવણી મળી હોય તેજ સ્ત્રી પત્ની થવાને લાયક છે. આ જગ્યાએ કેળવણી શબ્દ લખ્યોછે માટે તેથી એમ ન સમજવું કે મોટી મોટી પરીક્ષાઓ આપેલી હોવી જોઈએ. પણ જેણે ઘરના કામકાજમાં સારી કેળવણી લીધેલી હોય તેજ પત્ની થવાને લાયક છે. જે સ્ત્રીને સુઘડ, સારૂં રાંધતાં આવડતું હોય, સીવવા, ભરવાના કામમાં પૂરતું જ્ઞાન હોય, સફાઇથી ઘર રાખી જાણતી હોય, અને સૌથી

કમરનું દુઃખવું, પગની કળતર, વિગેરે દરદો આતંકનિગ્રહ આગલ બીલકુલ ટકી શકતાં નથી.

વધારે તો જેને બાળકો કેમ ઉછેરવાં એ સારી રીતે આવડતું હોય તેજ ખરેખર પત્ની થવાને લાયક છે. ઉપર બતાવેલાં કામો માટેજ સ્ત્રી પસંદ કરવાની છે એવી મતલબ નથી પણ તે તેવાં દરેક કામમાં હોશીઆર અને પહેલી પંક્તિની થાય એમ કહેવાની મતલબ છે. આળસુ સ્ત્રી મદદગાર થવાને બદલે બોજા રૂપ થઈ પડેછે. અને ચાલાક ઉદ્યોગી સ્ત્રી થોડાં સાધનોથી પણ ઘરને ઘરનાં ખરાં રંગ રૂપમાં લાવી મુકી પતિનું હૈયું હરખાવેછે. સાચી, ભલી, અને ઉદ્યોગી સ્ત્રી ખરેજ એક બેમુલો ખજાનો છે. પણ અફસોસ ! તેથી ઉલટા ગુણ ધરાવનારી સ્ત્રી આ કઠણ સંસાર સાગરમાં છેવટે જરૂર ડુબાડેછે. ફકત ખુબસુરતી પરજ લોભાઇ ન પડતાં હમેશાં મજબુત બાંધાની સ્ત્રીજ પત્ની તરીકે પસંદ કરવી. કારણ કે તેવી સ્ત્રી મજબુત બાંધાનાં અને તંદુરસ્ત બાળકોને જન્મ આપેછે. જે સ્ત્રીને બચ્ચાંઓ તર્ફ કુદરતી અભાવ અને અણગમો હોય, તે સ્ત્રી પણ પત્ની થવાને લાયક નથી. અને છેવટે તમે જે જે

પત્ની પસંદ કરો તેનો ખરો સ્વભાવ કેવો છે તે ઓળખીનેજ તેની સાથે લગ્ન કરજો.

એક લોહીના સ્ત્રી પુરૂષ વચ્ચે લગ્ન થવાથી તે જોડાંનાં છોકરાં, બેહેરાં, મુંગા, આંધળાં, મુર્ખ અને તન મનની બીજી શકતીઓમાં ઉતરી ગયેલાં માલમ પડે છે. હિંદુધર્મશાસ્ત્ર અને મુસલમાનીધર્મશાસ્ત્ર પણ, માંહોમાંહે એટલે સગપણમાં લગ્ન ન કરવાં એમ કહેછે. કારણ કે માંહોમાંહે લગ્નથી જોડાયલાં જોડાંના, તનમનના ગુણો એક સરખા હોવાને લીધે તે તેનાં બાળકોમાં વધારે મજબુતાઇથી પ્રવેશ કરે છે. અને તેટલા માટે, માતા તથા પીતાના પક્ષનાં ચોક્કસ નજદીકનાં સગાંઓમાં લગ્નના ગાંઠથી બંધાવું નહીં. ગમે તેટલો મોટો વારસો, અને રીત યા પલ્લું મળવાનું હોય તોપણ જે કુળમાં પુરૂષોની ઉત્પત્તિજ ન થતી હોય, કોઇ પણ જાતની ઉંચી કેળવણી તે કુળમાં કોઇને ન મળી હોય, અને ખઇ, કોઢ, ફેફરૂં, હરસ, વગેરે દરદો, તે ખાનદાનમાં ઓત્રે ઉતરતાં હોય તે કુળની

સ્ત્રીસંગ વખતે નબળા પડી જતા પુરૂષોને આતંકનિગ્રહ દવાનુંજ સેવન કરવું જોઈએ.

કન્યા કદી પણ પરણવી નહીં. સાધારણ જોઇએ તે કરતાં મોટા અવયવોવાળી, રોગિષ્ટ, બહુ રૂવાંવાળી, તદન્ રૂવાં વગરની અને કઠોર, ભયભીત નામવાળી સ્ત્રીને કદી પણ પત્ની તરીકે પસંદ કરવી નહીં.

ખુશનુમાં નામવાળી, હંસ અને હાથીની માફક ચાલનારી, ખુબસુરત, નાજુક, અને જેના વાળ, રૂવાં તથા દાંત ઝીણા હોય એવી સ્ત્રીનેજ પત્ની તરીકે પસંદ કરો, પરંતુ આ સઘળા ગુણોવાળી છતાં જો તે ઉમ્મરે મોટી હોય તો તેનાથી દુરજ રહેજો સ્ત્રી પસંદ કરવામાં આટલી બધી સંભાળ રાખવાની જરૂરછે તેનું કારણ એટલુંજ કે જે જે બાબતો માણસને સાધારણ રીતે પ્રીતિ અને પ્યાર ઉત્પન્ન કરનારી છે તે સઘળી બાબતો તેવી સ્ત્રીમાં એકઠી રહેલી છે. જુવાન, રૂપાળી, અને ઉપર કહેલાં સારાં લક્ષણોવાલી સ્ત્રીમાં ધર્મ અને લક્ષ્મીનો સમાવેશ થાય છે.

જો અતિ વિષયાંધ સ્ત્રી સાથે ઉત્તમ માનસિક શક્તિ અને ઉત્તમ શારીરિક શક્તિ ધરાવનાર પુરૂષનો

સ્ત્રીસંગ વખતે દમ ભરાઈ આવવો એ નપુંસકપણાની નિશાની છે પણ આતંકનિગ્રહના સેવનથી તે નીશાની જલદીથી દૂર થાય છે.

સંબંધ થાય તો તે પુરૂષનો નાશ જલદીથી થાયછે કારણ કે તેવી સ્ત્રીઓ સાથે જોડાયા પછી તેને માનસિક અને શારીરિક એ બન્ને શક્તિનો ખર્ચ કરવો પડેછે અને તે બન્ને શક્તિનું એકી વખતે ખર્ચ કુદરતથી સહન થતું નથી જેને લખવા, વાંચવા, ભણવા વિગેરેનું કામ હોય તેણે કાંતો સ્ત્રીના સંબંધમાં અતિ ભોગનો ત્યાગ કરવો અને કાંતો માનસિક મેહેનતનો ત્યાગ કરવો નહિ તો તેનું પરિણામ મોત સિવાય બીજું કશું આવતું નથી.

લગ્ન થયા પછી રોગિષ્ટ બાળકો ઉત્પન્ન થવાનાં કારણોમાં હજુ આપણે એક બીજા ભયંકર કારણનો ઉમેરો કરી શકશું. જુવાન માણસોનો મોટો ભાગ લંપટપણાને લીધે અથવા પૂરતી રીતે પવિત્ર જીંદગી નહીં ગુજારી શકવાને લીધે ગરમીના ચેપી રોગનો ભોગ થઈ પડેછે. ગરમી પ્રથમ પુરૂષ કે સ્ત્રીને છુપી ઇંદ્રી પર દેખાવ આપે છે, અને તેનો આકાર પ્રથમ એક નાનાં ચાંદાં જેવો હોયછે,

---

સ્ત્રીસંગ વખતે પસીનો વળવો એ પણ કમતાકાતની નીશાની છે. આતંકનિગ્રહના સેવનથી એ કમતાકાત જલદી નાશ પામે છે.

તેની અસર શરીરમાં ધીમે ધીમે પસરે છે. અને પછી તેમાંથી હારબંધ ત્રાસજનક પરિણામો ઉત્પન્ન થાય છે. એવું કોઇ પણ દરદ નથી કે જેની ખાને-ખરાબીની સરખાંમણી આ દર્દની ખાનેખરાબી સાથે થઈ શકે. તે રોગ પોતાની ઝેરી અસરથી આખા શરીરને બગાડી નાંખેછે. મજબુત અને તંદુરસ્ત બાંધાના માણસને પણ બેહાલ બનાવી રંગરૂપ વગરનો કરી મુકેછે. ગરમીનું દરદ આંખને પણ અસર કરેછે, અને છેવટે તે માણસને અંધાપો આવેછે. આ દુષ્ટ રોગનાં ભયંકર પરિણામો કાબેલ ડાકટરને પણ કાયર કાયર કરી નાંખે છે. ગરમી છુપા ભાગ ઉપર તેમજ શરીરના બહારના ભાગ ઉપર અસર કરેછે, એટલુંજ નહીં, પણ તે ફેફસું, તલ્લી અને એવા બીજા શરીરના દરેક અવયવ ઉ-પર પણ અસર કરેછે. આ દરદ, દર્દી પર જરા પણ દયા બતાવતું નથી પણ એક વાર લાગુ પ-ડયું તો તેને પાયમાલ કરી મુકેછે. ગરમીના ચેપી

હસ્તક્રિયાથી ઉપજેલાં દરેક ભયંકર દરદોનો નાશ કરવામાં આતંકનિગ્રહ ગોળી ન પુછો એવી અસર કરે છે.

રોગની અસરવાળા ઘણા જુવાન પુરૂષો પોતે એ દરદમાંથી મુક્ત થયાછે એમ સમજીને અથવા મુક્ત ન થયા છતાં બેદરકારીથી જુવાન અને નિર્દોષ કન્યા સાથે લગ્નમાં જોડાયછે, અને તેથી તેના ચેપી રોગની અસર તે સ્ત્રીને પણ થાય છે. પુરૂષના હોઠ પર નજીવી ગરમીની અસર હોય ત્યારે પણ જો તે પોતાની સ્ત્રીને 'કીસ' લે તો તેથી પણ તે સ્ત્રીના હોઠ પર ગરમી લાગુ પડે છે. અને એજ પ્રમાણે વીર્ય માર્ગે પણ સ્ત્રીને ગરમી લાગુ પડે છે. ગર્ભ-સ્થાનમાં રહેલાં બાળકને પીતા તર્ફથી વારસામાં મળેલી ગરમીની અસર સ્ત્રીના ઉપર થાય છે. પણ તે વાતથી અજાણ્યા પુરૂષો પોતાની નિરપરાધ પત્ની પર પતિવ્રત્યના ભંગનો આરોપ મુકે છે. ગર્ભથી મળેલી ગરમીથી બાળક મુવેલું અવતરે છે, અથવા જીવે છે તો તે દરદીજ રહે છે. અને તે પછી દરેક હમેલ વખતે સ્ત્રીને અધુરે જાય છે. આવા વખતમાં સ્ત્રી અને પુરૂષ એ બંનેએ સારા ડાકટરની દવા કરવી. તંદુરસ્ત સ્ત્રીને અધુરે જવામાં તો પતિ તર

આતંકનિગ્રહ કુદરતના નિયમથી ઉલટી રીતે જતાં વીર્યને અટકાવે છે.

૪થી ૯૨ કોઇ રીતે મળેલી ગરમીજ કારણ છે
સ્ત્રીના શરીરમાંથી ગરમીની અસર દુર થઇ ન હોય
ત્યાં સુધી તે સ્ત્રી ગમે એટલી વાર હમલેદાર થાય
તો પણ તે દરેક વખતે કોઇ વાર બાળક ગર્ભમાંજ
(પેટમાંજ) મરી જાય છે, અને કોઇ વખત જન્મીને
તે મરી જાય છે અને કોઈ વખત તંદુરસ્ત સ્થિતિમાં
અવતરે છે, છતાં થોડા દહાડા પછી તે ગ-
ળાતું જાય છે અને છેવટે મરણ પામે છે. ઘણી
વખત અધુરે જવાથી તે સ્ત્રીનું પણ મરણ નીપજે
છે. ગરમીનો ચેપી રોગ સ્ત્રીને પોતાના પતિ તરફ-
થીજ સીધી રીતે મળેછે એમ પણ નથી. પરંતુ
ગર્ભ માર્ગે પણ મળે છે. પુરૂષના શરીરમાં ગર-
મીનો ચેપી રોગ એવી રીતે ભરાઈ બેસે છે.
કે તે સ્ત્રીને સંયોગને વખતે લાગુ પડતો નથી પણ
જ્યારે મહીના રહેછે ત્યારે તે ગર્ભ મારફતે તેને
લાગુ પડેછે. ગરમીના દરદવાળી માતા જો ગરમીની
અસર ગર્ભમાં રહેલાં બાળકને આપી શકે તો તે
બાળક પોતાના પિતાના તરફથી મળેલી ગરમીની

અસર પોતાની માતાને પણ આપી શકે, એ બીના વગર તકરારે સાબેત થઈ શકેછે. ધવાડનારીની ગરમીની અસર છોકરાંને અને છોકરાંની ગરમીની અસર ધવાડનારીને પણ લાગુ પડેછે. ખાવાનાં વાસણો, પહેરવાનાં લુગડાં, છત્રી, લાકડી, હોકા, પેનસીલ, કલમ, કાગળ અને ચમચા વગેરે પણ તે દરદવાળા દરદીના ઉપયોગમાં આવ્યા હોય તો તેથી પણ તે દરદ બીજાને લાગુ પડેછે.

જુવાનીની ગેરવર્તણુકનું ફળ દરદ અને મોત સીવાય બીજુ કાંઇ નથી. એ જુવાન, બદફેલીમાં પડેલાં માણસોએ નકી માનવું. ગરમીથી પુરૂષનો બહારનો દેખાવ ખરાબ થઈ જાયછે. નાક ખવાઈ જાયછે. હોઠ બગડી જાયછે; આંખોના દરદો થાયછે. સંધીવા થાયછે અને જેમ જેમ તે દરદ ઘર કરતું જાયછે તેમ તેમ તે હાડકાંમાં અસર કરતું જાયછે. અને છેવટે તે દરદી દુઃખી દુઃખી થઈ મરણ પામેછે. પતિ ગરમીના દરદથી તદન મુક્ત થયો ન હોય ત્યાં

આંખની દવા કરવામાં વખણાએલા ડાકટરો તથા વૈદ્યોને પણ છેવટ નેત્રાનંદમંદારનો ઉપયોગ લેવા મજબૂત ભલામણ કરવામાં આવેછે.

સુધી તેની સ્ત્રીએ કોઈપણ બાળકને જન્મ ન આપવો એ વધારે શિખામણ ભરેલું છે. કારણ કે તેવી સ્થિતિમાં બાળકને ઉત્પન્ન કરવું એ એક ઇશ્વરી ગુનાહ છે. ગરમીના રોગવાળાં માબાપોથી ઉત્પન્ન થતાં છોકરાં ગર્ભમાં મોતથી બચી પણ જાય છે અથવા તો તે રોગની કંઈ પણ નિશાની વગર જન્મ પણ લેછે, પરંતુ એથી સંતોષ પામવા જેવું નથી. માંબાપ તરફથી વારસા રૂપી મળેલી ગરમીની અસર જે સ્પષ્ટ જાણવામાં ન આવે તે વધારે મુસીબતભરેલું છે. ગરમીવાળા માબાપોનાં છોકરાંઓમાં કદાચ ગરમીની અસર ન હોય તોપણ તેઓ વારસામાં નબળાઈ લઇનેજ અવતરે છે. વળી તેઓ નાજુક ખરાબ દેખાવનાં, માંદાં, કરમાઇ ગયેલાં, ધ્રુજતાં, ઠીંગણાં અને ઘરડાં માણસ જેવાં દેખાય છે. આવાં છોકરાંઓ મોતને સાથે લઈનેજ ફરે છે. તેઓ મોટાં થવાને વાસ્તે જન્મ લેતાં નથી અને જીવેછે ત્યાંસુધી અવયવોના અધુરા અને અશક્તપણાને લીધે જીવવાને વાસ્તે નાલાયકજ

દેખાય છે. વારસામાં મળેલી ગરમીની અસરવાળા બાળકો માંદા પડે છે ત્યારે બીજાં સાધારણ બાળકો મંદવાડમાં દુઃખ ભોગવે તેનાં કરતાં વધારે અને લાંબો વખત સુધી દુઃખ ભોગવે છે, અને તેવાં બાળકો કંઠમાળ, જુદી જુદી જાતોની ગાંઠોની અસર, તાવ, આંચકી, ખહી, વગેરે દરદોને સાથે લઇનેજ અવતરે છે. જુવાન સ્ત્રીઓમાં ગર્ભસ્થાનની નબળાઈ અને દુર બેસવામાં અનિયમિતપણું વગેરે દરદો વારસામાં મળેલી ગરમીનું પરિણામ છે એમ સાબીત થઈ ચુક્યું છે.

મનુષ્યને દુઃખસ્થિતિમાં લાવનારાં અનેક કારણોમાં એક અતિશય ધ્યાન આપવા જોગ કારણપર હું વાંચનારનું ખાસ ધ્યાન ખેંચું છું. પશુવૃત્તિની માફક કરેલા સ્ત્રીસંગથી વખતો વખત ઉત્પન્ન થતાં છોકરાં કેવળ તેનાં માબાપનેજ નહિ પણ દુનિઆને પણ કંગાલ સ્થિતિમાં લાવનાર સાધન થઈ પડેછે. એક સ્ત્રી દરેક વર્ષે અથવા બબ્બે વર્ષે એક અથવા બે બાળકને જન્મ આપી શકે અને તેથી તે પોતાના

નેત્રાનંદમંદારથી ઘણા આંધળા જેવા દેખતા થયા છે.

જીવિતસુધીમાં ઓછામાં ઓછાં વીશથી ત્રીશ છોકરાંની મા થઇ શકે. પણ પુરૂષ તો તેટલા વખતમાં એક સો કરતાં પણ વધારે છોકરાનો પિતા થઈ શકે. અસંખ્ય છોકરાના માબાપ થવું એ ખરી નીતિથી તદ્દન ઉલટું છે. પ્રજાનો અતિશય વધારો એ ગરીબાઇ વેહેલી આવવાનો પેહેલો પાયો છે. અનુભવથી એમ સાબીત થયુંછે કે દુનીઆમાં માણસોને ખોરાકી પોશાકીના સાધનો પૂરાં પડી શકે તે કરતાં માણસની વસ્તી વધારે થતી માલમ પડેછે. અને તેથી એમ સાબીત થાયછે કે વસ્તીનો વધારો એ દુઃખનો વધારો છે. કુટુંબમાં માણસની હદવાળી સંખ્યા એ મોટા પુન્યની નીશાની છે, અને બાળબચ્ચાંથી ભરપૂર ઘરમાં છોકરાંઓની વધતી જતી ઉત્પત્તિ એ મોટામાં મોટી પાપની નીશાની છે. ચોકસ કમાણીવાળા બે કુટુંબોમાં એક કુટુંબમાં ઘણાં બાળબચ્ચાં હોય અને બીજા કુટુંબમાં માત્ર તેથી અરધાં હોય તો થોડાં છોકરાંવાળાં માબાપોને પૈસા સંબંધી કેટલી સારી સગવડ થશે? એ ક્રમમાં કમ-

---

અક્કલવાળા માણસથી પણ સેહેલાઇથી સમજી શકાય એમ છે. જોકે ઘણાં પેદા થએલાં છોકરાંમાંથી ઘણાંજ થોડાં મોટી ઉમર થતાં સુધી જીવેછે. કારણકે કેટલાંએક નબળાઇને લીધે, કેટલાંએક અયોગ્ય અને અપૂર્ણ પોષણને લીધે, કેટલાંએક ઘરની વધી ગએલી વસ્તીથી ફેલાએલા ચેપી રોગોને લીધે અને કેટલાંએક તેમના વાલી તરફથી અપૂર્ણ સંભાલને લીધે જીવી શકતાં નથી. તોપણ જે મનુષ્ય પોતે ઉત્પન્ન કરેલાં છોકરાંને કપડાં પેહેરાવવાનાં, ગુજરાન ચલાવવાનાં અને કેલવણી આપવાના સાધનમાં અશક્ત હોય તો છોકરાં ઉત્પન્ન કરવાં એ એક મોટો ગુન્હો કર્યા બરોબર છે. જો સરકાર તરફથી છોકરાંની સંખ્યાના પ્રમાણમાં માબાપ ઉપર કર નાખવામાં આવે તો અશક્ત માબાપો વધારે છોકરાં ઉત્પન્ન કરતાં અટકે ખરાં. છોકરાં ઓછાં ઉત્પન્ન કરવાના મતમાં મળતા આવનારા મનુષ્યો કદાચ પોતાના વિચારો એવી રીતે જાહેર કરે કે જો કોઇ મનુષ્ય પોતાનાં ભવિષ્યનાં છોકરાંનું ભરણપોષણ કરવાને પોતે પૂરતી રીતે લાયક છે એમ તેને ખાત્રી

થાય નહિ ત્યાંસુધી તેણે બિલકુલ પરણવુંજ નહિ જોઇએ. પણ હું આ વિચારથી તદન ઉલટો છું. કારણ કે લગ્નનો હેતુ કાંઈ માત્ર છોકરાં ઉત્પન્ન કરવાનોજ નથી પણ તેથી એકબીજાને ઘણી રીતે મદદ કરવાનો છે. વળી ઉમરે પોહોંચ્યા પછી કુદરતી કાયદાના નિયમ પ્રમાણે સ્ત્રીસંગમાં અટકાયત પણ સ્ત્રી તથા પુરૂષ એ બંનેને નુકશાનકારક છે. અને તેથી સાબીત થાયછે કે કુંવારાં રહેવું એ તદન કાયદાથી વિરૂદ્ધ છે. વળી કુંવારા કરતાં પરણેલા માણસોનું આયુષ્ય લાંબું થાયછે. એટલુંજ નહિ પણ પરણેલા કરતાં કુંવારા મનુષ્યની સંખ્યામાં ગુહ્ય ભાગોનાં દરદો વિશેષ જોવામાં આવે છે. અને તેથી શારીરિક અને માનસિક એ બંને નીતિ જાળવવા માટે સ્ત્રી પુરૂષ વચ્ચેનાં લગ્ન અવસ્ય થવાંજ જોઇએ. કુદરતી નિયમજ આપણને એમ સિદ્ધ કરી આપેછે કે કોઇપણ સ્ત્રીએ પુરૂષવિના અને કોઈપણ પુરૂષે સ્ત્રીવિના રહેવું નહીંજ જોઈએ. મતલબકે દરેક સ્ત્રીને પોતાનો ધણી અને દરેક પુરૂષને પોતાની સ્ત્રી-હોવીજ જોઈએ. ચાલતા રાજકીય કાયદામાં જો કોઇ

પણ ઉમરે પહોંચેલો પુરૂષ કે કોઈપણ ઉમરે પહોચેલી સ્ત્રી પરણ્યા વગરની સ્થિતિમાં રહે તો તે અમુક શિક્ષાને પાત્ર થાય; એવા નિયમનો ઉમેરો થાય તો કેવું સારૂં? તેની સાથે એટલો પણ વધારો થવો જોઈએ કે અમુક વર્ષ પેહેલાં પરણનાર સ્ત્રી કે પુરૂષ અમુક શિક્ષાને પાત્ર થાય. અને જો તે છેક નાની ઉમરનાં હોય તો તેનાં માબાપો શિક્ષાને પાત્ર થાય. જો મારા હાથમાં એ પ્રમાણે કાયદાની કલમ ઉમેરવાની સત્તા હોય તો કોઇપણ કામ કરવા પેહેલાં હું એ નિયમનોજ ઉમેરો કરૂં.

જોકે આ નાની ચોપડીમાં સમાયલો વિષય વાંચનારને કોઇ પણ રીતે કંટાળો ઉપજાવે એવો નથી તોપણ બહુ લંબાણના ભયથી એ વિષય એટલેથી બંધ કરતાં વાંચનારને મારી એટલીજ ભલામણ છે કે જ્યારે જ્યારે તેઓ આવાં નહીં સહન થાય એવાં દરદોમાં ફસાઈ ગયાં હોય ત્યારે તેઓએ, તે દરદોના ઇલાજ સારા ડાકટરના હાથથી શરૂ કરાવવા, પણ ઘરમેળે હાથે હાથે ભળતી દવાઓ વાપરી પોતાને વધુ ભયભરેલી હાલતમાં મુકવા નહીં. આ જમા-

નામાં દેશી વૈદું ધંધાધાપા વગરના માણસને માટે સહેલું અને સસ્તું થઇ પડયું છે. નામધારી વૈદ્યો ઠામ ઠામ અને ગામેગામ જોવામાં આવે છે અને તેથી એક મશહુર કહેવત થઈ પડી છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, કનિષ્ટ ચાકરી, આખર ભીખ અને તે (પણ) ન આવડે તો વૈદું શીખ." અફસોસ વૈધ વિદ્યાની કેવી પડતી દશા? જે ઉમદા ધંધામાં ઘણું જાણવાનું, ઘણું જોવાનું અને ઘણું સાંભળવાનું છે તે ધંધાને આવી છેક હલકી પંક્તિ પર લાવી મુકવામાં આવ્યો છે. સારા અનુભવી ડાકટરો પણ જીંદગી સુધી વૈદાંનો અભ્યાસ કર્યા કરે તો પણ પાર ન આવે એવી આ ઉત્તમ વિદ્યાને, વગર અભ્યાસે અને વગર કારણે, સંપુર્ણ થએલી સમજનારા ઘણા ડોળઘાલુ માણસો આ શ્રેષ્ટ વિદ્યાને ગોયા તેની પંકિત પરથી ઉતારી પાડે છે. જેઓને પુરૂં સંસ્કૃત તો શું પણ પુરૂં પાધરૂં ગુજરાતી પણ વાંચતાં આવડતું ન હોય તેઓ બીજો કોઈ પણ ધંધો હાથ ન લાગવાથી, કોઈની પાસે થોડું ઘણું લખાવી દવાઓ સંબંધી

જાહેર ખબરો બહાર પાડે છે. જાહેર ખબર બહાર પાડનારા કોણ છે અને તેણે તે વિદ્યામાં કેટલી માહીતી મેળવી છે, આવો વિચાર થોડાંજ માણસો કરે છે. મારા જોવામાં અને સાંભળવામાં આવ્યું છે કે કેરોસીન તેલની ફેરી ફરનારા હલકા વ્યાપારીઓ, હલકા ગાંધીઓ, છુટક છુટક પરચુટણ દવા વેચનારાઓ અને બહુ થોડું જ્ઞાન ધરાવનારી સ્ત્રીઓ પણ મોટાં અને ખોટાં હેંડબીલો બહાર પાડી લોકોને ઠગે છે. આ ઉપર પ્રજાએ ઘણું ધ્યાન આપવાનું છે, અને તેવી જાહેર ખબરોમાં નહીં ફસાતાં ખરાં ખોટાંની પરીક્ષા કરી દવા કરાવવી જોઈએ જોકે આ પ્રમાણે લખવાથી મારે ઘણાનો કોપ વહોરી લેવો પડશે. તોપણ જે ખરૂં છે તે જાહેરમાં લાવવું જોઈએ એ મારી ફરજ છે, એમ સમજી માત્ર એ સંબંધી લોકોને ચેતવણી આપી હું આ નાની પણ ઉપયોગી ચોપડીની સમાપ્તિ કરૂં છું.

સમાપ્ત.

બાળકના શરીરમાં લોહીનો વધારો કરવાને બાળમિત્ર શિવાય બીજી કોઈપણ દવાનો ઉપયોગ કરવો એ મોટામાં મોટી ભૂલ છે.

લગભગ પંદર વર્ષ થયાં મેં હાથ ધરેલા ધંધામાં હસ્તક્રિયારૂપ બદીથી નિપજતાં અસંખ્ય ભયંકર દુઃખોના પરિણામ વિશે મને જે અનુભવ મળ્યો છે તે ઉપરથી હું કહેવાને શક્તિમાન થાઉંછું કે સેંકડે, ૮૦ ટકાં દરદી એ કુટેવના ફળ ભોગવે છે. કેટલાકોએ મને રૂબરૂમાં તેઓની હકીકત જાહેર કરી છે અને કેટલાંકોએ પત્રદ્વારા જાહેર કરેલી છે જેઓએ પત્રદ્વારા એ કુટેવથી પોતાની સ્થિતિ જાહેર કરેછે અને તેઓ જે સંતાપજનક દુઃખમાં આવી પડેછે તેનો ચિતાર કેટલાક મારાપર આવેલા પત્રોનો સાર જે હું નિચે લખનારાઓના નામ ઠામ વિના ટાંકુછું તે ઉપરથી સહજ આવી શકશે.

કાગળ ૧ લો.

મારી ઉમર વર્ષ ૨૬ ની છે. હું પરણેલોછું. મને હાથરસની કુટેવ પંદરમા વર્ષથી લાગુ પડી હતી. પાંચ વર્ષ ચાલુ રહી હતી. હાલ હું કેવળ નપુંસક છઉં વીર્યસ્ત્રાવ રાત્રી દિવસ થયા કરેછે. મારી સ્ત્રીને દેખી મારૂં મન બળેછે. હું તદન પુરૂષપણાથી નિકલી

બાળમિત્ર દવા એકથી પાંચ વર્ષ સુધીના બાળકોને આપી શકાય છે.

ગયોછું. યાદશક્તિ ગુમ થએલી છે. વધારે શું લખું. મારો જેવો દુઃખી દુનિયામાં બીજો નહિં હોય એમ મારૂં માનવું છે. મેહેરબાની કરી મારો કાંઈ ઉપાય કરશો. મને જીવદાન આપ્યું સમજાશે. મેં તમારી કીર્તિ સાંભળીછે. તમારી ગોળીની તારીફ સાંભળી તથા વાંચીછે જો મને એ દવા અથવા બીજી કોઈ પણ દવા લાગુ પડે એમ હોય તો મોકલશો હું ખુશીથી તેની કિંમત તથા ખર્ચ વિગેરે આપીશ.

કાગળ ૨ જો.

તમારા વૈદક જ્ઞાન સંબંધી હું ઉંચું મત ધરાવુંછું અને તેથી મારી સ્થિતિ જાહેર કરૂંછું કે આઠ વર્ષ પેહેલાં જ્યારે હું એક નિશાળીઓ હતો ત્યારે કેટલાક સોબતીઓથી મને . . . . ની કુટેવ લાગુ પડી હતી. હવે હું તદન સંસાર ભોગવવાને અશક્ત થયોછું. તદન શિથિલ થયોછું. હુ પશ્ચાત્તાપ કરૂંછું. અને તે પશ્ચાત્તાપનું ફળ કંઈ આવતું નથી. મારા હાથ પગ ધ્રુજેછે. ચેહેરો ફીકો પડી ગયોછે. હિંમતથી બોલી શકતો નથી. માણસને કાંઈ યાદ

કેમ રહેતું હશે એ વિચાર મને વારંવાર આવ્યા કરેછે. આપને હું મારા માતા પિતા સમાન સમજુંછું. મારૂં દુઃખ ટાળો હું આપને હજારો આશિર્વાદ આપીશ. મારો એક મિત્ર તમારી ગોળીથી સારો થયોછે અને તેનીજ ભલામણથી હું આપની આતંક નિગ્રહ ગોળીઓનો ઉપયોગ કરવા ધારૂંછું, મારા કેસમા જો એ ગોળીઓ ફાયદાકર્ત્તા આપને લાગે તો મને જરૂર જેટલી ગોળીઓ હાલ મોકલશો હું જીવતા સુધી આપનો ઉપકાર ભુલનાર નથી.

કાગળ ૩ ત્રીજો.

મારો એક મિત્ર અતિ દુઃખી દરદી છે. આજ દશ બાર વર્ષ થયાં તે પોતાની હકીકત કોઈને જાહેર કરતો નથી. તે વારંવાર રડેછે. શું કરવું તેને કાંઇ સુજતું નથી. નાહિમ્મત થયોછે. શરીરે ઘણોજ લેવાઈ ગયોછે. શક્તિ બીલકુલ નથી. એક બાળક જેવો દેખાય છે. હજુ હવે પરણવાનું છે. તેના માબાપ તેને પરણવાનો આગ્રહ કરેછે અને તે ના પાડેછે. આપ લખોતો હું તેને આપની પાસે

બજારમાં મળતી અફીણવાળી સાધારણ બાળા ગોળીઓ બાળકને અવશ્ય નુકસાનકર્ત્તા છે.

મોકલ્યું. તે કહેછે કે હું પ્રથમ ખરો પુરૂષ હતો. હાલ બાલકથી પણ ખરાબછું. કારણ તેને . . . ની કુટેવ લાગુ પડી હતી. તેને અનાજ પચતું નથી. હાલવા ચાલવાની શક્તિ બીલકુલ નથી. તે અવયવ ઘણોજ ટુંકો પડી ગયોછે. વિગેરે ન લખી શકાય તેવી સ્થિતિ થઇછે. આપનાં પુસ્તકો તથા ઔષધોની પ્રખ્યાતી જાણીને આપનો આશ્રય લેવા ચાહેછે માટે પ્રત્યુત્તર જલદી પાઠવશો.

કાગળ ૪ થો.

અનેક પત્રદ્વારા તથા મિત્રોદ્વારા આપની સુકીર્તિ સાંભળી આ કાગળ લખવા હું હિંમત ધરૂં છું. તમારી આતંકનિગ્રહ ગોલીઓથી એક મારા મિત્રને અતિશય ફાયદો થયો છે. મને તે ફાયદાકર્ત્તા નિવડશે એમ ધારૂં છું અને તેથી મારી સ્થિતિ આપને લખી જણાવુંછું. કૃપાકરી કાગળ વાંચી ફાડી નાખશો. મને જવાબ લખો તે પણ બીડેલ કાગળમાં લખશો તેને માટે ટીકીટ આ સાથે બીડું છું. કાર્ડ પર લખતા નહિ.

મને વારંવાર પેસાબ થાય છે. પેસાબની નીચે જાડો થર બાઝી રહેછે. પેસાબનો રંગ પીળો છે. ગરદન, પીઠ અને કમરમાં ન ખમાય તેવો દુ-ખાવો રહ્યા કરે છે. હું બીકણ થયોછું. મારૂં મગજ ગુંચવાઈ ગયું છે. આપઘાત કરવાની મરજી થાય છે. મને સ્ત્રીસંગની બહુ ઇચ્છા થાય છે પણ પરિણામ નિષ્ફળ નિવડે છે. મને કોઇ પણ કામ તરફ કં-ટાળો આવે છે. શું કરવું સુજતું નથી આપ સમજી ગયા હશો. તો પણ લખું છું કે મને ખરાબ સો-બત થઇ હતી. હાથનો ઉપયોગ કર્યો છે અને તેથી એ બધું થયુંછે. મરજી મુજબ મને ઔષધો વિગેરેનું બતાવશો અને આતંકનિગ્રહ ફાયદો કરે તેમ હોય તો તે રૂ. પાંચની વી. પી. મોકલશો.

કાગળ ૫ મો

હું એક થાકેલો દરદી છું. છેવટ આપનો આશ્રય લેવા ધારૂં છું. ઘણી જાહેરખબરો, તાકાત આપનારી ગોલીઓની વાંચી તેનો ઉપયોગ કર્યો પણ

બાળમિત્ર ગોળીઓ રૂ. ૧ એકની ૩૦૦ ત્રણસો મળે છે ઘણીજ સસ્તી કિંમત રાખવાનું કારણ માત્ર એજ કે એ ગોળીઓ બાળકોને માટે છે.

ફાક્યાં. જેઓએ મને દવા આપી છે અને મેં તેના પૈસા ખરચ્યાછે તેથી એક ગરીબ સ્થિતિમાં આવી ગયો છું. હવે તો એક આપને શરણ છું. જોઇએ તો તારો અને જોઇએ તો મારો આપશિવાય મારો એક ઉપાય નથી. યાદદાસ્ત બીલકુલ નથી. તરત થાકી જાઉંછું. આંખો ઉંડી ઉતરી ગઇ છે. મારૂં માથું ફરે છે. આંખે અંધારાં આવે છે. સ્વપ્નમાં ધાત થાય છે. મને સ્ત્રીસંગની બીલકુલ ઈચ્છા થતી નથી. મારી સ્ત્રી મને જોઈ અને મારી પાસે આવી નિસાસા મુકેછે, અને તેથી મને વધારે દુઃખ થાય છે, આ સઘળું મને મારા દોષથી થયું છે તેમાં કોને દોષ આપું. હું છેક બાળક સ્થિતિમાં હતો ત્યારથીજ મને પરાણે ધાતુ કાઢવાની ટેવ પડી છે તે છેક મારી વીસ વર્ષની ઉમર થઈ અને પરણ્યો ત્યાં સુધી ચાલુ રહી. હવે સાવધબ જેવો થઈ ગયો છું. મારી સ્ત્રી મારી આબરૂ ગુમાવશે એવી બીક લાગેછે. આવી ખાનગી વાત આપને માબાપ સમજી લખું છું. કાગળ વાંચી ફાડી નાખશો અને મને

યોગ્ય ઉપાય તથા સલાહ આપશો. મારી સ્થિતિ પર નજર રાખી મને દવાનુ યોગ્ય ચાર્જ કરશો. વધારે શું લખું.

કાગળ ૬ ઠો.

તમારા પર મને સંપૂર્ણ ભરોસો બેસવાથી આ કાગળ લખું છું. મેં .... કુટેવથી ઘણું ઘણું સહન કર્યું છે. મને પ્રથમ ખબર ન પડી કે તેથી શું દુઃખ આવી પડશે. તે ટેવની શરૂઆતમાં તો મને બહુ આનંદ આવતો હતો પણ હવે તેનો પસ્તાવો કરૂં છું. હું એક વિદ્યાર્થી છું. મારી પરીક્ષા તરતમાં થવાની છે. મને મારા રાજ્ય તરફથી સ્કોલરશિપ મળે છે. પણ મને મારા પાઠો બીલકુલ યાદ રહેતા નથી. મને સખત ઠપકો મળશે કારણ કે આ વર્ષે હું પાસ થવા ભાગ્યશાળી નિવડીશ નહિ. આ બધાનું કારણ હાલ ઘણું વાંચવામાં આવતું માસ્ટરબેશન હોય એમ મને લાગે છે. આપની ગોળીઓએ એ દરદ ઉપર ફત્તેહ મેળવી છે એમ ઘણે ઠેકાણે સાંભળવાથી અને મિત્રો તરફથી ભલા-

---

"બાળમિત્ર" દવા લોહીમાં વધારો કરી બાળકના તેજ અને શકિતમાં પણ વધારો કરે છે.

મણુ થવાથી આપને તેજ દવા મોકલવા અરજ કરૂંછું માટે સત્વર રૂ. બેની વિ. પી. થી મોકલશો.

કાગળ ૭ મો.

મારી દુ:ખી સ્થિતિનો વિચાર કરી તેવી મને યોગ્ય સલાહ આપશો. મારો સ્વર ઘણોજ ઘાટો થયોછે. મરદાઈ બીલકુલ નથી. એક તેર વર્ષના બાળક જેવી મારી સ્થિતિ થઈછે. હાલ મારી ઉમર પાંત્રીસ વર્ષની છે. ને પુરૂષપણું ગુમાવ્યું છે તે પાછું ફરી શી રીતે આવે હું પાછો હતો તેવો બળવાન થઇશ. મારી વગર ઈચ્છાએ ધાત વહ્યા કરેછે. નબળાઇ ઘર કરી બેઠી છે. હાથ પગના સાંધામાં બેહદ દુખાવો રહ્યા કરેછે. કોઇ કામપર મન લાગતું નથી. સ્મરણ શક્તિ ગુમ થઈ ગઇ છે. મન બેચેન રહેછે. ઉંઘ આવતી નથી. જમણાં પડખાંમાં દુ:ખ રહ્યા કરેછે. ઉભું રહેવાની શક્તિ બીલકુલ નથી. ઉંઘમાંથી એકદમ આંચકો ખાઇ જાગી જાઉંછું ભયંકર સ્વપ્નાં આવેછે. મોઢું ફીકું પડી ગયુંછે.

અને યાદછે અને તે મારે છુપાવવું નહિ જોઇએ કે મને મારી જુવાન વયે સ્ત્રી નહિ મળવાથી કુટેવથી ધાતુ કાઢવાની ટેવ પડી હતી. અને તેથી મારી આ સ્થિતિ થઈછે એમ હું માનુંછું. આપની ગોળીઓ મને સારો ફાયદો આપશે એમ ધારી આકાગળમાં હું રૂ. પાંચની નોટ મોકલુંછું. મારાપર દયા લાવી સારી દવા મોકલશો.

કાગળ ૮ મો.

હું એક ખાનદાન કુટુંબનું ફરજન છું. મારી ઉમર વર્ષ ૨૫ની છે. મારા માબાપ મને પરણાવી મરી ગયાંછે. હું અને એક મારી સ્ત્રીજ ઘરમાં છઇએ. કાંઈ છોકરૂં છૈયું થયું નથી. મને મારી મોટી મુર્ખાઇ યાદ આવેછે, હું એક મોટા કુછંદમાં પડયો હતો અને તેથી હું કેવળ તાકાદ ગુમાવી બેઠોછું. આપને હું મારા પિતાસમાન લેખુંછું. મારી હકીકત તદ્દન છાની રાખશો. હું એક બાર વર્ષનો

પેટનું વધવું, ભરાઈ આવવું, સસણી, તાવ, ઝાડો, શરીરનું પીળું પડવું વિગેરે બાળકોને થતાં દરદોનો "બાળમિત્ર" એકદમ નાશ કરે છે.

બાળક હોઉં એમ મને લાગેછે. મારા સાંધા દુઃખેછે મેમરી ડલ થઇ ગઇછે. મને કુછંદ પાંચ વર્ષસુધી રહ્યો હતો. મારા આ લખાણથી આપ કંટાળો લાવશો નહિ. મારામાં પુરૂષત્વ બીલકુલ નથી પણ તેવા ઘણા દરદીઓને આપે સારા કર્યાછે. એમ મારા જાણવામાં આવ્યાથી મારી હકીકત આપને ટુંકામાં જાહેર કરીછે. મને યોગ્ય સલાહ અને દવા આપશો જેથી હું દુનીઆનું ખરૂં સુખ ભોગવી શકું.

આ પ્રમાણે એક નહિ, સેંકડો નહિ, પણ હજારો કાગળો જે કુટેવથી હજારો પાય-માલ થયેલા પુરૂષો તરફથી મળેલા છે જેમાંના કેટલાક ઉપર નમુના તરીકે આપવામાં આવ્યા છે. અને તેપરથી ખુલ્લું સમજાય છે કે જ્યારે આવાં પુસ્તકો તે ટેવમાં ફસી પડતા પુરૂષોને માટે સંખ્યાબંધ જાહેરમાં આવશે ત્યારેજ તે ટેવ નાબુદ થઇ મનુષ્યો ખરૂં શૌર્ય બળ પ્રાપ્ત કરવા સમર્થ થશે એમ મારૂં ખાતરીથી માનવું છે. ઇશ્વર એ કુટેવને નાબુદ કરો !

વાંઝીઆપણું સ્ત્રી અને પુરૂષ એ બંનેમાં

"આયુષ્ય અને આરોગ્ય વર્ધક" તેલનો ઉપ-યોગ ખરેખર આયુષ્ય અને આરોગ્યમાં વધારો કરનાર છે.

હોય છે. પુરૂષ વાંઝીઆ થવાનાં અનેક કારણોમાં મુખ્ય કારણો વિષે કેટલુંક વિવેચન આ પુસ્તકની શરૂઆતમાં કરવામાં આવ્યું છે. હવે સ્ત્રીને વાંઝીઆપણું શા કારણથી પ્રાપ્ત થાય છે તે આ ઠેકાણે વિસ્તાર સહિત કહીશું. સ્ત્રી વાંઝણી ઘણે પ્રકારે કહેવાય છે જેને છોકરાં થઇને મરી જતાં હોય તે પણ વાંઝણી, જેને એકજ છોકરૂં થયું હોય તે પણ વાંઝણી. પણ ખરી રીતે તપાસતાં જેને એકે વખત ગર્ભ રહ્યો ન હોય તે ખરી વાંઝણી કહેવાય છે. સાધારણ રીતે સ્ત્રી ઉમરે આવ્યા પછી એટલે તેના પેહેલા દૂર બેસવાના વખત પછી વધારેમાં વધારે ત્રણ ચાર વર્ષની અંદર ગર્ભ ધારણ કરે છે. સ્ત્રી બીજ બરોબર થયું નહોય, સ્ત્રી બીજ તેમજ પુરૂષ બીજને સાચવી શકે તેમ ગર્ભાશયનું અંતર્પિંડ શુદ્ધ ન હોય, કમલમુખ જોઇએ તેવું ખુલું થયું ન હોય, કમળમુખ તથા ગર્ભાશય યોગ્ય સ્થલે ન હોય, કમળ મુખમાં અડચણ કર્ત્તા કોઇ પણ ચીકણો પદાર્થ હોય, જંતુઓનો નાશ કરે એવો

"આયુષ્ય વર્ધક" તેલથી પાતળાં માણસો જાડાં થાય છે અને જાડાં માણસો પાતળાં થાય છે. એ વાત તદન સાચી છે.

ગર્ભાશયમાંથી અથવા યોની માર્ગમાંથી સ્રાવ થતો હોય. વીર્ય જંતુ અપક્વ હોય. તથા સ્ત્રીઓનું અનિયમિત દુર બેસવું હોય તો તે એક એક, બેબે અથવા સઘળાં કારણો ગર્ભ રહેવામાં અટકાયતરૂપ થાય છે. પુરૂષ બીજને ગર્ભાશય સુધી પહોંચતાં રસ્તામાં ઘણાં વિઘ્નો આવે છે તેથી દર માસે ગર્ભ રહેતો નથી. અપૂર્ણ અવયવ રચના અથવા ઉત્પત્યવયવના અપૂર્ણ કૃત્ય ઉપર મુખ્યત્વેકરીને વાંઝીઆપણાંનો આધાર રહેલો છે. અપૂર્ણ અવયવ રચનાની બાબતમાં સ્ત્રીને છેટે બેસવું થતું નથી અને તેના સ્તનાદિક ભાગ ખીલતા નથી. આવા કેસોમાં કામેચ્છા ઘણી થાય છે પણ તેનું ફળ પ્રાપ્ત થતું નથી આ ઠેકાણે કોઈ ઇલાજ પણ કામે આવતો નથી. ઋતુ રૂંધાએલ હોય અથવા ઘણું થોડું હોય અથવા તો ઘણુંજ અને વારંવાર દેખાતું હોય તો ઉત્પત્યવયવ કૃત્ય અપૂર્ણ રહેછે અને તેથી ગર્ભ રહેતો નથી. જે સ્ત્રી નિયમિત દૂર બેસતી નથી તે સ્ત્રી ગર્ભ ધારણ કરે એ તો એક અપવાદના નિયમમાંજ

આવી શકે. નિયમિત ઋતુ આવવું એ ગર્ભધારણમાં પેહેલું કારણ છે. વખતો વખતના અને અનિયમિત પુરૂષ સમાગમથી ગર્ભાશયની સ્થિતિનું નબળાપણું પ્રાપ્ત થાય છે અને ગર્ભ રહેતો નથી. ઘણું કરીને ગણીકાઓ વાંઝણી રહેછે તેમાં એજ કારણનો સમાવેશ થાય છે. ગર્ભાશયની સ્થિતિનું નબળાપણું દુર કરવા સારૂં ખુલી હવા, સાદો અને પચીશકે એવો પોષ્ટિક ખોરાક, ગરમ ફ્લેનલના લુગડાં અને મુખ્યત્વે કરી મિતાહારપણુ એ ચોકસ ઈલાજો છે. આ ઉપાયોની સાથે હમેશ પેટ સાફ આવે તેવું ઔષધ ચાલુ રાખવું. જેને માટે અમો અમારી આતંક નિગ્રહ ઔષધાલયમાં બનતી વિરેચન ગોળીનીજ ભલામણ કરશું કારણ કે તે ગોળીઓ પેટ સાફ લાવવાનો એક અકસીર અને જરા પણુ હરકત ન કરે એવો ઈલાજ છે. અને તેની સાથે શરીરને જોઈતી શક્તિ મળવા સારૂ આતંક નિગ્રહનો ઉપયોગ એક આશિરવાદ તરીકે ગણાય છે. વાંઝીઆપણાના ઘણા કેસોમાં જ્યાં તનદુરસ્તી નબળી પડતી જતી હોય અને પાચન શકિત જોઈએ તેવી ન હોય ત્યાં

ઉપર બતાવેલાં એ ઓષધો ઘણું પરાક્રમ કરે છે. ગર્ભાશય અથવા યોનીમાર્ગમાંથી નિકળતો સ્ત્રાવ ગર્ભને અટકાવે છે તેનું કારણ એ કે તે ખાટો સ્ત્રાવ વીર્યજંતુને મારી નાખે છે માટે તેવા સ્ત્રાવમાં તે ભાગ બાવળ કે બોરડીની છાલના ઉકાળાથી પુરૂષ સંબંધ પેહેલાં ધોવાથી ગર્ભ રહેવામાં અટકાએત આવતી નથી. પણ પુરૂષ સમાગમ પછી તરતજ કે પાંચ દશ મીનીટ પછી જો તે ભાગને તે પ્રમાણે અતીશય ધોવામાં આવેતો વીર્યજંતુ જે અતી નાજુક હોય છે તે મરી જાય છે. અને ગર્ભ રહેતો નથી. વીર્યાશ્રયમાં જ્યારે વધારેમાં વધારે ૨૬ છવીસ કલાક સુધી વીર્ય રહે છે ત્યારે તેમાં એક જાતના જંતુ ઉત્પન્ન થાય છે અને એ જંતુથી ગર્ભ રહેછે આ ઉપરથી એમ સાબિત થાય છે કે વખતો વખત રતિવિલાસથી વીર્યાશ્રયમાં જંતુ ઉત્પન્ન થતા નથી અને ગર્ભ રહેતો નથી. ગર્ભ રહેતો નથી એટલુંજ નહિ. પણ આગળ લખી ગયા પ્રમાણે વીર્યનો એક ભાગ લોહીના ચાલીસ ભાગની બરાબર છે; અને તેથી વખતો વખત જતું વીર્ય તેથી ચાળીસગણું જતું લોહી શરીરમાંથી

ક્રમતી કરે છે. આ પ્રમાણે વળી વીર્ય પોતાની પ-
ક્વસ્થિતિએ પહોંચ્યું નહોય ત્યારે પણ યોગ્ય અથવા
અયોગ્ય રીતે તેને રસ્તો આપવાથી ઉમરે પહોંચ્યા
પછી વખતો વખત રતિવિલાસથી જે દુઃખ થાય છે
તેના કરતાં પણ વિશેષ થાય છે. વખતો વખત
રતિવિલાસથી સ્ત્રી વંધ્યા રહે છે, અને પુરૂષ ક્ષયી
થાય છે અને જલદી પોતાનું આયુષ્ય પુરૂ કરેછે
સારા અને સાદા ખોરાકપર રહેનાર એક માણસનું
એક વર્ષમાં વધારેમાં વધારે ૫૦ પચાસ આંઉસ વીર્ય
નિકળી શકે.

કેવી સ્ત્રી ગર્ભ ધારણ કરી શકતી નથી એ
જો કે આગળ જણાવવામાં આવ્યું છે તો પણ વૈદક
શાસ્ત્રના અતિ ગહનપણાને લીધે એમ તો કોઇ રીતે
ચોક્કસ કહી શકાતું નથી કે અમુક પ્રકારની રોગવાલી
કે અમુક સ્થિતિની સ્ત્રી ગર્ભ ધારણ કરી શકે નહિ.
માત્ર કેટલાક એવા ચોક્કસ રોગો છે કે જેથી ગર્ભ
રહી શકતો નથી. પુરૂષ અથવા સ્ત્રી બન્ને પરિપૂર્ણ
તનદુરસ્ત છતાં જો તેઓ વાંઝીઆં હોય તો તેઓના
ઉત્પત્યવયવોમાં ખામી એજ તેમાં કારણ છે એમ

માની શકાય છે. કેટલીક સ્ત્રીઓમાં ગર્ભાશય બીલકુલ હોતુંજ નથી તેમ કેટલીક સ્ત્રીઓમાં તે બહુ નાના રૂપમાં હોય છે જેમ ગર્ભાશય હોતું નથી તેમ ગર્ભઅંડપણ કેટલીક સ્ત્રીઓને હોતા નથી. વળી કેટલીક સ્ત્રીઓને યોનિમાર્ગ હોતો નથી તેમ કેટલીકને હોય છે તો તે અતિશય ટુંકો હોય છે. જે સ્ત્રીને ગર્ભઅંડ હોતા નથી તેને ગર્ભાશય પણ હોતું નથી તેમજ તેને યોનીમાર્ગ કે સ્તનનો પણ અભાવ હોય છે આવી સ્ત્રી પુખ્ત ઉમરે પહોચ્યા છતાં પણ તેનો બાંધો નબળો રહે છે. તે ઠીંગણી રહે છે તથા તે શિવાય બીજાં પુરૂષપણાનાં પણ કેટલાંક ચિન્હ હોય છે. આવી સ્ત્રીઓ ઘણી થોડીજ હોય છે અને તે કમનશીબ પુરૂષનેજ મળે છે. યોની માર્ગ બીલકુલ નહોય અથવા ટુંકો હોય તો દરમાસે દુર બેસતી વખતે તે સ્ત્રીને ઘણી પીડા થાયછે કારણ કે ઋતુને બહાર આવવાનો રસ્તો મળતો નથી. આ પ્રમાણે વખતો વખત થવાથી ઋતુ ત્યાં જામી જાય છે અને તે ગાંઠનો આકાર ધારણ કરે છે. કેટલાક શસ્ત્રોપચારથી યોનિમાર્ગ ટુંકો હોય તો મોટો કરવામાં આવેછે અને નહોય તો પણ

કરવામાં આવેછે પણ તે જોઇએ તેવો થતો નથી. એટલે ટુંકો થાય છે પણ તેથી ગર્ભ રહેવામાં કાંઇ અડચણ આવતી નથી. યોનીમાર્ગના અભાવથી જેમ ગર્ભ રહેતો નથી તેમ તે ભાગના સંકોચથી પણ ગર્ભ રહેતો નથી આ સંકોચ કેટલીક સ્ત્રીઓને જન્મથીજ હોય છે તેમ કેટલીક સ્ત્રીઓને પાછળથી પણ થાય છે. જન્મથી રહેલો સંકોચ ગર્ભ ન રહેવામાં એક મુખ્ય કારણ છે. પાછળથી સંકોચ થવામાં ઝેરી તાવ, પ્રદર તથા ગરમી વિગેરે દરદો કારણ ભૂત છે. એ દરદોથી તે ભાગ સડે છે અને પાછળથી સડેલો ભાગ જ્યારે રૂઝાય છે ત્યારે તેમાં સંકોચ થાય છે સંબંધ વખતે થતી અડચણ અને પુખ્ત ઉમરે પહોચ્યાં છતાં ઋતુનું નહિ દેખાવું અને તેની અટકાયતને લીધે દુઃખાવો તથા ગાંઠ યોનિમાર્ગના સંકોચને સૂચવે છે આવા સંકોચને લીધે વીર્ય જન્તુ ગર્ભાશયમાં દાખલ થઇ શકતા નથી અને તેથી ગર્ભ રહેતો નથી. માટે જેમ કમળ મુખ મોહોટું તેમ વીર્યજંન્તુ વધારે સહેલાઇથી દાખલ થઇ ગર્ભરૂપ પકડે છે. યોનીમાર્ગનો સંકોચ શસ્ત્રથી

મોટો થઇ શકેછે અને તેવા કામને માટે સારા ડાક્ટરની મદદની જરૂર છે. જે સ્ત્રીને છોકરાં થયાં હોય તે સ્રીના જેટલુંજ વાંઝણી સ્ત્રીનું ગર્ભાશય શસ્ત્રોપચારથી પહોળું કરવામાં આવે તો તે પછીથી ગર્ભ ધારણ કરી શકે છે અને તેને ઋતુ પણ વધારે સાફ આવે છે જે સ્ત્રીને ઋતુ ઘણું આવતું હોય અને લોહીના જામેલા લોચા પડતા હોય તેનું તે પ્રમાણે કમળમુખ મોટું કરવાથી તે દોષ દૂર થાય છે.

કેટલીક વખતે ગર્ભાશયનો ભાગ કેટલીક વખતે કમળનો ભાગ અને કેટલીક વખતે તે બન્નેના ભાગ વળેલા હોય છે માટે કયો ભાગ વળેલો છે તે ખાસ ધ્યાનમાં રાખી જે ભાગ વળેલો હોય તે ભાગને સીધો કરવો ગર્ભાશયે ગમે તે રીતે પોતાના સ્થળને મૂકી દીધું હોય તોપણ ગર્ભ રહેવામાં કાંઇ અડચણ આવતી નથી, પણ જો તેની અગ્રવક્રતા થઈ હોય તો ગર્ભ બિલકુલ રહેતો નથી. અને તે વક્રતા કુદરતથીજ હોય તો વાંઝીયાપણા શિવાય એમાં બીજી કોઈ પણ જાતની હરકત આવતી નથી. પણ તે વક્રતા જો ઘણી હોય તો પેહેલી વખતનું ૨તુ ઘણું મોડું

અને દુઃખભરેલું આવે છે. આવા વખતમાં ઉપાયો યોજવામાં ઘણું ડહાપણ અને સંભાળ વાપરવાની જરૂર છે. કારણ કે જો તેને વિશેષ શ્રમ આપવામાં આવે તો તેથી તીક્ષ્ણ વરમ થઇ આવી ઘણું દુઃખ દાયક પરિણામ નિપજે છે. જો કમળમુખનો અને ગર્ભાશયનો ઉપલો ભાગ બંને અગ્રવક્ર હોયતો તેમાં પેહેલાં કમળ મુખનો સુધારો કરવાની જરૂર છે. વળી કેટલીક વખતે આખું ગર્ભાશય ફરી ગયેલું માલમ પડે છે. આખું ગર્ભાશય ફરી જવામાં ગર્ભાશયના બંધનોનું ઢીલું થઈ જવું, કદ અને વજનમાં વધારો થવો, તેનાં પડોનું નબળું થવું તથા લોહીનો જમાવ થવો એ કારણો છે. ગર્ભનો બોજો વધી જવાથી, ગર્ભાશયમાં મસા હોવાથી તથા એવાં બીજાં ઘણાં કારણોથી તે ઉલટપુલટ થઈ જાય છે. પેશાબને દબાવી રાખવાથી તેનો બોજો મૂત્રાશયમાં વધે છે. અને તે મૂત્રાશયનું ગર્ભાશયપર દબાણ થવાથી તે પાછળ ઢળી પડે છે. આ પ્રમાણે ગર્ભાશયનું પાછળ ઢળી પડવું જે સ્ત્રીને છોકરાં થતાં હોય તેનેજ થાય છે. જે પહેલેથીજ વાંઝણી હોય

ક્ષય જેવા ભયંકર દરદને પણ કાસાંતક દવા ભય પમાડે છે.

તેને તો તે પ્રમાણે ક્વચિતજ થાય છે. તંગ પોશાક પેહેરવો, તાણીને પાટો બાંધવો તથા કમ્મરને પાતળી દેખાડવા તેપર દબાણ રાખવું એ ગર્ભાશયને પાછળ ઢળી પડવામાં સહાયભૂત થાય છે. જ્યારે ગર્ભાશય પાછલા ભાગમાં ઢળી જાય છે, ત્યારે સ્ત્રીને કમ્મર, વાંસો તથા પગમાં દુખાવો રહે છે, પેડુમાં પણ દુખે છે. દસ્તની કબજીઅત થાય છે. અને રજો દર્શનમાં પણ ફેર પડે છે. આવે પ્રસંગે સ્ત્રીને ગર્ભ રહેતો નથી અને રહે છે તો તે અધૂરે પડી જાય છે. ગર્ભાશય પાછળ પડી ગયું હોય ત્યારે કોઈ પણ જાતની દવા પેહરવી કે ખાવી નિષ્ફળ નીવડે છે. માત્ર તેને પાછું પોતાને ઠેકાણે લાવવું એજ સર્વોત્તમ ઇલાજ છે. અને તેટલા માટે તેવે પ્રસંગે સારા ડાકટરની મદદ લેવી જોઈએ. ગર્ભાશય યોગ્ય સ્થળે આવ્યા પછી પાછું તે પોતાનું સ્થાન મૂકી ન દીએ તેને માટે બહુ સંભાળ રાખવા જેવું છે. જેમ ગર્ભાશય પાછળ ઢળી જાય છે તેમ આગળ પણ ઢળી આવે છે. અને પાછળ ઢળવાનાં જે કારણો છે તેજ આગળ ઢળવાનાં કારણો પણ છે. ગર્ભાશય

આગળ ઢળેલું હોય ત્યારે પેશાબ મુશ્કેલીથી અથવા ટપકી ટપકીને ઉતરે છે.

કેટલીક વખતે ઘણી સ્ત્રીઓ પુરૂષ સમાગમને સહન કરી શકતી નથી. આ એક જાતનો રોગ છે, અને તે સ્ત્રીને વાંઝણી રાખવાનું એક કારણ છે. સ્ત્રીઓનું ગુહ્યદ્વાર કુદરતથી અગર તેમાં પડેલ ક્ષતના રૂઝાવાથી જ્યારે સંકુચિત થાય છે, ત્યારેજ તે પુરૂષનો સમાગમ સહન કરી શકતી નથી એમ નથી પણ તે માર્ગ બહુ ટુંકો હોય અગર મુખ ઘણું સાંકડું હોય તોપણ તે પ્રમાણે થવા સંભવ છે. વાતપ્રકોપથી પણ જેમ સ્ત્રી પુરૂષ સમાગમ સહન કરી શકતી નથી તેમ તે તે ઠેકાણે આંગળીના સ્પર્શને પણ સહન કરી શકતી નથી. ચાલવા હાલવામાં કપડાંનો સ્પર્શ પણ તેને અસહ્ય દુઃખ ઉત્પન્ન કરે છે. આવા પ્રસંગમાં પુરૂષના જરા જેટલાં પણ પ્રયત્નથી સ્ત્રીને ધ્રુજ છુટે છે અને વખતે આંચકી કે હિસ્ટીરીયા જેવો દેખાવ પણ થઇ આવે છે. આવા દરદોનાં જે યોગ્ય

દરેક મનુષ્યે હંમેશાં સુરમો આંખમાં નાખવો જોઇએ એમ અમોજ નહિ પણ વૈદકશાસ્ત્ર પણ ભલામણ કરે છે.

કારણ જણાય તેના તરત ઉપાય કામે લગાડવા જોઇએ. જુદી જુદી જાતના વેહેમ શરમ અને એવાં દરદોપર બેદરકારપણું તે વ્યાધીનાં મૂળ ઉંડા નાખવામાં કારણ થાય છે. જો તે ભાગમાં કોઈ પણ જાતનો ક્ષત હોય તો તે ક્ષત સુધારવાના ઉપાયો કરવા, તેના મુખ આડું પટલ હોય તો તેને તે કામમાં અનુભવીથી કપાવવો અને તે માર્ગનો સંકોચ હોય તો તેને મોટાં કરવાનાં યંત્રો તેમાં દાખલ કરવાં.

વાંઝીયાપણાનાં ઘણાં કારણોમાં ગર્ભ અંડના વ્યાધિઓનો ઉમેરો થાય છે. કારણ કે સ્ત્રી બીજનું ઉત્પત્તિસ્થાન ગર્ભ અંડ છે. તે બીજ અને પુરૂષ બીજના સાથે મળવાથીજ ગર્ભ રહે છે. પણ ગર્ભઅંડના વ્યાધિને લીધે સ્ત્રીબીજ ઉત્પન્ન થતું નથી અને તેથી તે વાંઝીયાપણામાં એક કારણ છે. જેમ ગર્ભાશય પોતાનું સ્થાન છોડી જાય છે તેમ ગર્ભઅંડપણ પોતાનું સ્થાન છોડી જાય છે. ગર્ભઅંડ જ્યારે પોતાનું સ્થાન છોડે છે ત્યારે તેમાં કેટલેક કાળે લોહીનો જમાવ થઇ તેમાં દીર્ઘ વરમ

શાસ્ત્રમાં ફરમાવ્યા મુજબજ આતંકનિગ્રહ ઔષધાલયમાં સુરમો તૈયાર કરવામાં આવે છે.

થઇ આવે છે. આવે વખતે ઝાડે જતાં તથા પુરૂષ સમાગમ વખતે સ્ત્રીને દુઃખ થાય છે. તે સ્થળ ઉપર હાથે દાબતાં દુખાવો થાય છે. અને જો ત્યાં વધારે દબાણ કરવામાં આવે તો ઉલટી તથા ચકરી આવે છે. ગર્ભઅંડ અને ગર્ભાશય એ બન્ને પોતાનાં સ્થળ મૂકી ગએલ હોય તો પ્રથમ ગર્ભાશયને ઠેકાણે લાવવાના ઉપાયો કામે લગાડવા જોઈએ. જે સ્ત્રીને હિસ્ટિરીઆનું દરદ હોય તથા જેની માનસિક શક્તિ બહુ તેજ હોય તેને ગર્ભઅંડનો વરમ થવા સંભવ છે. અત્યંત પુરૂષ સમાગમ પણ એ વરમ થવામાં કારણભૂત થાય છે. ગર્ભઅંડના દીર્ઘ વરમમાં પેડુમાં અને સાથળમાં ચસકા, જરા વારમાં નરમ અને જરા વારમાં વધારે દુઃખાવો, રૂતુના સમયમાં વધારે દુઃખાવો, રૂતુનું એકદમ આવવું, રૂતુનું કમી આવવું તથા એકદમ બંધ થઇ જવું, પેટનું ચડવું, સ્તનમાં દુઃખાવો, હિસ્ટીરિયા જેવાં ચિન્હો, તથા અજીર્ણ વિગેરે ચિન્હો માલમ પડેછે. આવાં ચિન્હ જણાય ત્યારે પુરૂષ સમાગમ નિયમિત તથા લાંબે અંતરે થવો જોઈએ. પૌષ્ટિક અને હલકો

હંમેશા સુરમો આંખમાં આંજવાંથી આંખ તેજવાલી અને ચોખી રહે છે.

ખોરાક આપવો જોઇએ, નીતિના વિચારો ઉત્પન્ન થાય તેવાં પ્રયત્ન કામે લગાડવાં જોઇએ. ગરમ પાણીનો બાટલીથી કે ફ્લાનલથી શેક, પોટીસ, બ્લીસ્ટર, રાઈનાં પ્લાસ્ટર, ગરમ પાણીની પીચકારી વગેરે ઉપચારો બહુ ફતેહમંદ ઉતરે છે. પેટ સાફ લાવવાને માટે ઘણી કાલજી રાખવી જોઈએ. જેઓને દારૂ જેવા પદાર્થો લેવાની ટેવ હોય તેમણે તેનો એકદમ ત્યાગ કરવો જોઈએ.

ગર્ભાશયમાં અનેક પ્રકારની ગાંઠો થાય છે. એ ગાંઠો ગર્ભાશયના પડમાં પેદા થઈ તે વખતે અંદર તેમજ બહારના ભાગમાં વૃદ્ધિ પામે છે. અંદરના ભાગમાં વૃદ્ધિ પામે તો તેની સાથે ગર્ભાશય પણ વૃદ્ધિ પામે છે. અને બહારના ભાગમાં વૃદ્ધિ પામેલ હોય તો તેના દબાણથી ગર્ભાશય નાનું થાય છે અને સુકાઈ જાય છે. એ ગાંઠો સોપારીથી નારીએર જેવડી હોય છે. રસોળી, અર્શ, અર્શનામસા તથા બીજી ગાંઠો ગર્ભાશયના કોઇ પણ ભાગમાં થાય છે. અર્શ કેટલીક વખતે લટકતા પણ દેખાય છે અને તેનો રંગ ધોળો અને વખતે રતાશ મારતો અને લોહીથી ભરપૂર હોય

હંમેશા સુરમો આંજવાથી આંખના કોઈ પણ દરદ થવા પામતા નથી.

છે. તેને કાપવાથી તેમાંથી અતિશય લોહિ નીકળે છે. આવી ગાંઠો સ્ત્રીને વાંઝણી રાખવાનાં કારણોમાંનું એક કારણ છે. આવી ગાંઠો મોટી ઉમરે થતાં સ્ત્રીઓને થાય છે. વખતે કસુવાવડ એવા અર્શનું કારણ થાય છે અને તે અર્શ કસુવાવડનું કારણ થાય છે. શ્વેતતંતુની ગાંઠ સ્ત્રીઓની મોટી ઉમરે અને તેમાં વિશેષે કરીને વિશેષ કાળી ચામડીવાળી સ્ત્રીઓને થાય છે. અને તેથી તે સ્ત્રીએ પ્રથમ બચ્ચાંઓ આપ્યાં હોય પણ પાછળથી આપતી બંધ થાય છે.

ઉપર જણાવેલ ગાંઠોને લીધે ગર્ભાશય આળો થઇ જાય છે, અને તેને લીધે પ્રદર તથા રૂતુનું વધારે દેખાતું થાય છે. અર્શના કારણથી થએલી વાંઝણી તે અર્શ કાપી નાખવાથી ફરીથી ગર્ભ ધારણ કરે છે પણ શ્વેતતંતુની ગાંઠ મટવી મુશ્કેલ છે. આવી સ્ત્રીઓએ પુરૂષ સંબંધ એકદમ બંધ કરવો જોઇએ, કારણ કે તેથી ગર્ભ રહેતો નથી.

સ્ત્રીઓના કોઇ પણ જાતના રોગોને માટે સ્ફુટ વિવેચન તથા યોગ્ય ઉપચારો જાણવા સારૂ ડાકટર વીરજી ઝીણા રાવળનું "વંધ્યત્વ નિ-વારણ" પુસ્તક વાંચવા ખાસ ભલામણ છે.

પીડા થાય છે, અને ગર્ભ રહે છે તો તે અધૂરે પડી જાય છે.

આ દરદમાં જોકે ઘણા ઉપચારો કરવામાં આવે છે, તોપણ તે ગાંઠોને કાપી કાઢવા જેવો બીજો કોઈ પણ સારો ઉપાય નથી, પણ એ ગાંઠ કાપવાથી વખતે જીંદગી પણ જોખમમાં આવી પડે છે.

કુદરતથી તેમ પાછળથી પણ કેટલાંક કારણોને લીધે કમળ મુખ બંધ થાય છે. અને તે પણ સ્ત્રીને વાંઝણી રાખવામાં એક કારણ છે. જો પાછળથી તે દ્વાર બંધ થએલું હોય તો તેમાં સફેદ સ્રાવ ભરેલો જણાશે તથા તેનું મુખ સૂજેલું જણાશે, કળ મુખમાં ખીલને લીધે પણ તે સંકુચિત થઇ જાય છે. કુદરતથીજ હોય ત્યારે શસ્ત્રોપચારની જરૂર પડે છે.

ઘણું કરીને જે સ્ત્રી પેહેલેથીજ વાંઝણી હોય અથવા પાછળથી વાંઝણી થએલી હોય અથવા જેને

રૂતુ નહિં આવતું હોય તે સ્ત્રીઓ બાલી જાય છે એટલે તે શરીરે જાડી થાય છે, તથા તેનો કટિ પશ્ચાત્‌ભાગ પણ ઘણો વધી જાય છે જે સ્ત્રી બાલી જાય છે તે ઘણું કરીને વાંઝણીજ રહે છે. જે સ્ત્રીને અત્યંત રૂતુ દેખાતું હોય તે સ્ત્રીને જોકે ગર્ભ રહેતો ન હોય તો પણ તે બાલી જતી નથી. રૂતુનું ઓછું દેખાવું, બેઠાડુ સ્થિતિ, દિવસે સૂવાની ટેવ, તથા ગર્ભ અંડની શિથિલતા એ બાલી જવાનાં મુખ્ય કારણો છે. સૂવાવડ તેમજ કસુવાવાડમાં યોગ્ય ક્રિયા ન થવાને લીધે રૂતુ ઓછું આવે છે. અને તેથી પણ સ્ત્રી બાલી જાય છે.

ખુલ્લી હવામાં ફરવું, શરીરને કસરત આપવી, દિવસે સુવાની ટેવનો ત્યાગ કરવો, સાદો હલકો, તથા જેમાં ગળપણ ન હોય તેવો ખોરાક, રૂતુ સાફ આવે તેવી દવાઓ, હમેશાં પેટ સાફ આવે તેવી યોજના, થોડા થોડા દિવસને આંતરે જુલાબ, ઓછો ખોરાક, કમ્મર અને પેડું ઉપર પાણીનો શેક,

---

કોઇ પણ જાતના ઝેરી અથવા સાદા જખ્મને રૂઝાવવા વ્રણમર્દન મલમ વાપરવામાં ભૂલ કરવી, કે વિલંબ કરવો એ એક મોટી ભૂલ છે.

ડ્રુપિંગ વિગેરે ઉપાયો સ્ત્રીના બાલી જવાને કમી કરે છે. આ ઉપાયો જો સ્ત્રીને થોડું થોડું રતુ દેખાતું હોય તોજ કામે લાગે છે. રતુ વધારે લાવવાને માટે એળીઓ વિશેષ કામ કરે છે. એળીઆની સાથે હિંગ પણ તેટલોજ ફાયદો આપે છે. લોઢાની કોઇ પણ બનાવટ પણ આવે પ્રસંગે ઉપયોગી થઈ પડે છે. મધ અને પાણી સાથે મેળવી પાવાથી પણ સ્ત્રીની ચરબી ઘટી જાય છે.

ગર્ભાશયના ખસી જવાથી, કમળમુખપર દબાણ થવાથી, વગર સમજ્યાં ઔષધો પેહેરવાથી, બહુ સુરતસુખ લેવાથી, તથા પ્રસવ સમયે કમળ મુખ ઉપર બચ્ચાંનું દબાણ થવાથી, નબળા બાંધાની, ફિક્કા ચેહેરાવાળી, મંદાગ્નિવાળી, વાયુના રોગવાળી તથા જેની મોટી પાકણી હોય તેવી સ્ત્રીને કમળ મુખમાં લોહી જામી જઈ પાછળથી તેમાં ક્ષત પડે છે. આ ક્ષત સ્ત્રીને વાંઝણી રાખવાનાં કારણોમાંનું એક કારણ છે. કમળ મુખ પોહોળું, સૂજેલું, લાલચોળ, પોચું તથા સ્પર્શથી દુઃખ થાય એવું તથા ધોળા પાણીથી ભરપૂર દેખાય ત્યારે તે ભાગમાં

ક્ષત પડેલ છે એમ સમજવું. પ્રદર એ કમળ મુખનાં ક્ષતની મુખ્ય નિશાની છે. પ્રદર એટલે ગુહ્ય ભાગમાંથી શ્વેત પદાર્થનું નીકળવું. આ શ્વેત પદાર્થ વીર્ય જંતુનો નાશ કરે છે. અને તેથી સ્ત્રી વાંઝણી રહે છે આ દરદમાં સુદર્શન, પૂર્ણ, લોહીની કોઈ પણ બનાવટ, ખુલ્લી હવા, સાદો અને અગ્નિને પ્રદીપ્ત કરે તેવો ખોરાક તથા ઔષધો, પેટ સાફ આવે એવી યોજના, અલ્પ પુરૂષ સમાગમ, ગ્રાહી દવાઓની પીચકારી, ગરમ પાણીની પિચકારી, અતિશય સફાઇ તથા આતંકનિગ્રહ ગોળીઓ ઘણો સારો ફાયદો કરે છે.

પ્રસવ સમયે ગર્ભાશયને અડચણ આવવાથી લોહીનો જમાવ થવાને લીધે ઓરને પડતાં ઢીલ થવાથી, ઓરનો કાંઈક ભાગ અંદર રહી જવાથી દુર બેસવાના વખતમાં સરદી લાગવાથી અત્યંત પુરૂષ સમાગમથી, ગર્ભપાતની કોશીશોથી, ગરમીથી તથા પ્રમેહથી, ગર્ભાસયના અંતર પડનો દીર્ઘ વરમ થાય છે. એ દીર્ઘ વરમ પણ સ્ત્રીને વાંઝણી રાખવાનાં કારણો-

કોલેરાનાં દરદમાં આતંકનિગ્રહ ઔષધાલયમાં બનતિ કોલેરા પીલ્સ વાપરવાની ભલામણ એક મોટા પુણ્યનું કામ છે.

માનું એક કારણ છે. ગર્ભાશયના અંતર પડના દીર્ઘ-વરમમાં સફેદ, પાતલો, ચોખ્ખો, અને આછો સ્ત્રાવ થયા કરે છે, રૂતુ ઘણું, લાંબો વખત દેખાય એવું અને પીડાવાળું આવે છે- સ્ત્રીને તેના ગુહ્યદ્વારમાં ચળ આવે છે. ગર્ભ રહેવાથી જેમ સ્ત્રીના શરીરમાં અનેક ફેરફારો થાય છે, તેમ આ દીર્ઘ વરમમાં ગર્ભાશયમાં લોહીનો જમાવ થવાથી ગર્ભની માફકજ ચિન્હો થાય છે. માથાના વાળ ખરી પડવા, ચેહેરાપર ખીલ ઉપડવા, મૂર્છા આવવી, પેટમાં ગુલ્મ ઉપડતો હોય એમ જણાવું, સંધિવાએ ઝલાઈ જવું તથા હિસ્ટીરીયા થઇ આવવો વિગેરે ચિન્હો થાય છે. ઘણા વર્ષ સુધી એ દરદ ચાલુ રહેવાથી રૂતુ કમી અને પીડાવાળું આવે છે અને પાછળથી તે રોગ કષ્ટ સાધ્ય થાય છે.

આ દરદમાં જે ભાગમાં દરદ થયું હોય તે ભાગમાંથી લોહી કઢાવવું, ગરમ પાણીની પીચકારી લગાડવી, પુરૂષ સમાગમ તદન બંધ કરાંવવો, જીવિત

જાળવનારા નિયમો પર યોગ્ય ધ્યાન આપવું, ખોરાક સાદો તથા પુષ્ટિકારક લેવો, જેને દારૂ પીવાની ટેવ હોય તેણે તરત બંધ કરવી તથા જઠરાગ્નિ પ્રદીપ્ત થાય એવા ઉપાયો કામે લગાડવા. આવે પ્રસંગે ઘરગતુ ઉપાયો કરવા કરતાં સારા ડાકટર કે વૈદ્યની સલાહ લેવી. જે ભાગમાં દુખાવો થતો હોય ત્યાં રાઇનાં પ્લાસ્ટર લગાડવાં, વાતહર તૈલ ચોપડવું, બ્લિસ્ટર મારવું, ગરમ પાણીનો શેક કરવો તથા લોઢું અને એળીઆની બનાવટની દવાઓનો આપવી.

પ્રમેહના દરદવાળા પતિના સમાગમથી, અત્યંત સમાગમથી, ગર્ભાશયપર લગાડવાની દવાઓનો સ્પર્શ થવાથી, ઝેરી તાવથી તથા મલિનતાથી પણ ગુહ્યદ્વારમાં વરમ થાય છે, અને તેથી ચળ, બળતરા, પેશાબનું વારંવાર થવું, ઝીણો ઝીણો તાવ, હરવા

જેની બબે ત્રણ આવૃત્તિઓ એકદમ ખપી જતાં હજુ પણ જેની માગણી થયાજ કરે છે એવાં મુક્તા પાંડવ, કૌરવ, રામ, રાવણ, ચિકિત્સાબ્ધિ વિગેરે પુસ્તકો આતંકનિગ્રહાદિ દવાઓની સાથે ભેટ આપવાનો ઠરાવ કેવળ ઉત્તમ ઔષધો અને રસિક પુસ્તકોના બહોળા ફેલાવા માટેજ છે.

ફરવામાં કમતાકાત, શ્વેત તથા પીળો સ્ત્રાવ તથા જાંગમાં દુખાવો થાય છે. આ કારણોમાંથી જો તે વરમનું પ્રમેહજ કારણ હોય તોજ તે ગર્ભ રહેવામાં અટકાયતરૂપ થાય છે. આ દરદમાં કમરબૂડ ગરમ પાણીમાં બેસવું, ખસખસના ડોડવા નાખી કરેલ ગરમ પાણીની પીચકારી મારવી તથા પેશાબ સાફ આવે અને બળતરા કમી થાય એવી દવાનો ઉપયોગ કરવો જોઇએ.

ફુળવાહીની નળીની આસપાસ પેટના પડદાના વરમમાંથી નિકળતો રસ જામી જાય છે અને તે નળી સંકોચ પામે છે અથવા તે નળીના મોઢા આગળ મસા હોવાથી પણ તે ભાગ બંધ થઇ જાય છે આ દરદમાં ગર્ભાશયની આજુબાજુ દુ:ખે છે અને ત્યાં કોઇપણ પ્રકારનો વરમ હોમ એમ જણાય છે. આ પણ સ્ત્રીને વાંઝણી રાખવાનાં કારણોમાંનું એક કારણ છે. આ દરદમાં ગરમ પાણીનો શેક પોટીસ તથા તેવા વર-

---

મુક્તા વિગેરે પુસ્તકો સિલિકમાં હશે ત્યાં સુધીજ ઔષધોની સાથે ભેટ મળી શકશે. યાદ રાખવું કે તે પુસ્તકો છુટક લેવા જતાં તેની જાહેર કરેલી કિંમતથી જરા પણ કમતી કિંમતે મળી શકશે નહિં.

મના કોઇ પણ ઉપાયો કામે લાગે છે. સ્ત્રી અથવા પુરૂષનો પ્રમેહ પણ એ નળીનો સંકોચ કરે છે. પ્રમેહની અસરથી પેટના પડદાના ગુહ્યદ્વારના અથવા ગર્ભશયના વરમની અસર ફૂળવાહીની નળી સુધી પહોંચે છે અને તે ભાગ સંકોચાઇ જાય છે.

ગરમીનું દરદ ગર્ભ રહેવામાં કોઇ પણ પ્રકારે અટકાયત કરનાર નથી તોપણ તેથી સ્ત્રીબીજ બગડી જાય છે. અથવાતો તેનો નાશજ કરે છે. ગરમીની અસર ગર્ભ રહ્યા પછી ગર્ભને બગાડી નાંખે છે અને તેથી ઘણી વખત બાળકનું અધુરે જન્મવું વિગેરે બનાવો બને છે. ગરમી સ્ત્રી અથવા બાળકને કેવી રીતે લાગુ પડે છે તે આ ચોપડીમાં આગળ લખવામાં આવ્યું છે તેથી આ ઠેકાણે તેના વિશેષ વિવેચનની જરૂર નથી. આ ઠેકાણે જરા ઈસારો કરવાનું કારણ માત્ર એટલુંજ કે સ્ત્રીને વાંઝણી રાખવાના અનેક કારણોમાં ગરમીનું દરદ એ

પણ એક કારણ છે એમ કેટલેક અંશે લઇ શકાય.

સ્ત્રીઓને ઋતુનું બહુજ મોડું આવવું, બીલકુલ નહી આવવું, દેખાયા પછી તરત બંધ થઇ જવું, ઘણા દિવસ સુધી દેખાયા કરવું. પીડા થઇને આવતું દર માસે નિયમિત આવતાં છતાં લોહીનું ઓછું પડવું. વિગેરે કારણો પણ સ્ત્રીને વાંઝણી રાખે છે. સ્ત્રીઓને સ્ત્રીઅંડ ન હોય તેથી અથવા તે વૃદ્ધિને પામ્યા ન હોય તેથી પણ ઋતુ આવતું નથી. આ બાબતના પુરાવામાં એટલુંજ બસ છે કે જો સ્ત્રીઓમાંથી સ્ત્રીઅંડ કાઢી લેવામાં આવે તો ઋતુ બંધ થઈ જાય છે. સ્ત્રીઅંડની કોઈ પણ પ્રકારની ખામીને લીધે તે સ્ત્રીમાં કેટલાંક પુરૂષનાં ચિન્હ માલમ પડે છે, જે વાતનો ઈસારો આગળ કરવામાં આવ્યો છે. ગર્ભઅંડ અથવા ગર્ભાશયના અભાવમાં કોઈ પણ ઉપાય કામ આવતો નથી. ગુહ્યદ્વાર સંકોચને પામ્યું હોય અથવા દૃઢ બંધ હોય અથવા ગર્ભાશય આડો પડદો હોય તો ઋતુ ઉત્પન્ન થાય છે ખરૂં પણ તે બહાર આવતું અટકે છે અને

પાંડવ, કૌરવ, રામ, રાવણ વિગેરે પુસ્તકોનો સંગ્રહ રાખનાર પુરૂષને ભાગ્યશાળી શા માટે નહિં કહેવો જોઈએ ?

તેથી ત્યાં લોહી એકઠું થઈ ગાંઠ જેવું થઇ જાય છે. વળી કેટલીક સ્ત્રીઓને ઋતુ ન આવવાના તથા ઋતુને બંધ કરનારાં કોઇ પણ કારણ જણાતાં ન હોય તો પણ ઋતુ આવતું નથી પણ દર મહિને કેમ જાણે આવતું હોય એમ જણાય છે પણ તે દેખાતું નથી. આવી સ્ત્રીને પેટ સાફ આવતું નથી, માથામાં પીડા રેહે છે, શુળ નિકળે છે. તેનો ચેહેરો ફીકો થઈ જાય છે, હાંફણ થઇ આવે છે તથા બીજા પણ ઘણા વાત વ્યાધીઓ થાય છે. આવી સ્ત્રીઓને સાધારણ વખતો વખત જુલાબ આપવા, કમ્મર બુડ ગરમ પાણીમાં બેસાડવી, ગરમ પાણીની પીચકારી મારવી તથા જળો લગાડવી વિગરે ઉપાયો કામે લગાડવા પણ સ્ત્રી જો તદ્દન નબળી હોય તો તેને જુલાબ નહી આપતાં જે દવાઓમાં લોહ આવતું હોય તેવી દવાઓ આપવી. ગર્ભાશયના ભાગ ઉપર, પેડુ ઉપર, પછવાડે તથા કમ્મર ઉપર વખતો વખત વિજળી લગાડવી એ અતિશય વખણાએલો ઇલાજ

છે. ગરમ પાણીમાં બેસાડતી વખતે તેમાં થોડો રાઇનો ભુકો નાખવો એ પણ નિર્વિઘ્ન ઈલાજ છે. વળી કેટલીક વખતે સ્ત્રીને દર માસે ઋતુ દેખાવાને બદલે સફેત પ્રવાહી પદાર્થ પડે છે અને લોહી શિવાય સઘળાં ઋતુ આવવાનાં ચિન્હ જણાય છે. આવે પ્રસંગે લોહની બનાવટ અને સારો પચે એવો પૌષ્ટિક ખોરાક બહુ ઉપયોગી થાય છે. વળી કેટલીક સ્ત્રીઓને રીતસર ઋતુ દેખાયા પછી પણ શરદીથી, થંડે પાણીએ નહાવાથી. ત્રાસથી, મનના અતિશય દુઃખથી, તાવ આવવાથી અથવા એવાં બીજાં કારણોથી પણ ઋતુ દેખાવું એકદમ બંધ પડી જાય છે. આમ થવાથી વખતે તાવ આવે છે, માથું દુખે છે, તરસ લાગે છે. પેડુ વિગેરે સ્થળોમાં શૂળ નિકળે છે, દસ્ત કબજ રહે છે અને વખતે આંચકી પણ ઉપડી આવે છે. વળી એમ પણ બને છે કે ઋતુ એકદમ આવી એકદમ બંધ પડે છે અને વળી

તરતજ થોડી મુદતમાં પાછું દેખાય છે અને તેમ થોડું થોડું દેખાઈ વળી બંધ પડે છે. આ પ્રમાણે થાય ત્યારે એમ અનુમાન થાય છે કે ગર્ભાશયમાં કોઇ પણ પ્રકારની ખાસ અડચણ છે. વળી કેટલીક વખતે વેહેલું દેખાય છે તેમ મોડું પણ દેખાય. બેચાર માસ ચડી જાય છે ત્રણ દિવસ બરોબર ન દેખાવાને બદલે એકજ દિવસ અથવા બે દિવસ દેખાય છે. અથવા એકજ વખત દેખાયા છતાં સ્ત્રીને ત્રણ દિવસ સુધી દુર બેસી રહેવું પડે છે અને લોહી જેટલું પડવું જોઈએ તેટલું પડતું નથી. વળી કેટલીક વખતે સ્ત્રીને ઋતુ નિયમિત તથા જોઇએ તેટલું પડતું હોય તોપણ તે પડતી વખતે સ્ત્રીને ઘણી પીડા થાય છે. આ દરદ ઘણુંકરી બચ્ચાં વગરની સ્ત્રીને વિશેષ થાય છે અને તે ગર્ભાશય અથવા ગર્ભઅંડમાં કોઈ પણ જાતની ખામીને લીધેજ થાય છે. આ પ્રમાણે ઉપર બતાવેલી ઋતુની કોઈ પણ

આતકનિગ્રહ ઔષધાલયમાંથી એકજ જાતની અથવા જુદી જુદી જાતની મળીને પણ દશ રૂપીઆની દવાઓ સાથે મંગાવનારને મુક્તા અને પાંડવ કૌરવ એ બન્ને છ રૂપીઆની કિમતનાં પુસ્તકો ભેટ આપવામાં આવે છે.

પ્રકારની ખામી સ્ત્રીને વાંઝણી રાખવામાં કારણભૂત થાય છે અને એ ઋતુની ખામીઓ સુધારવામાં ઉપાયો પણ ઘણુંકરી એકસરખાજ લાગુ પાડી શકાય છે. જે ઉપર ઘણે ઠેકાણે કહેવાઈ ગએલ છે માત્ર ઋતુનું ઘણું દેખાવું હોય તેમાંજ ગરમ પાણીને બદલે સ્ત્રીને પેડુ ઉપર તથા ગુહ્યદ્વારમાં થંડા પાણીના પોતાં મુકવાં અથવા બરફ મુકવો. ગ્રાહી દવાઓની પીચકારી મારવી વિગેરે લોહી બંધ કરવાના અંદરના તથા બહારના ઉપાયો કામે લગાડવા જોઈએ.

જેમ ઉપર બતાવેલાં સ્ત્રીના રોગ સ્ત્રીને વાંઝણી રાખવાનાં કારણ છે તેમ આ પુસ્તકની શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે જે કમકમાટ ભરેલાં કારણથી પુરૂષ પુરૂષપણામાંથી નિકળી જાય છે તેપણ સ્ત્રીને વાંઝણી રાખવાનું એક મુખ્ય કારણ છે જેમ મુખ્ય અવયવની ખામીને લીધે પુરૂષ પુરૂષપણામાંથી નિ-

---

કળી જાય છે તેમ બીજાપણ તે સ્થળોનાં દરદો તથા માનસિક વ્યાધિઓને લીધે પણ પુરૂષ પુરૂષપણાથી રહિત થઇ જાય છે.

સમાપ્ત.

ઉત્તમ ઔષધો એજ મનુશ્યોનું જીવન છે.

શરીરને બળવાન અને મજબુત કરનારી રોગી અને નીરોગી એ બન્નેને લેવા લાયક,

તદન વનસ્પતિની સર્વોત્તમ પૌષ્ટિક દવા પુરૂષો તેમજ સ્ત્રીઓને એક સરખી ઉપયોગી.

દવા.

આતંક નિગ્રહ.

પુષ્ટિના સઘળા ઉપાયોમાં આતંક નિગ્રહ જેવો કોઇપણ આબાદ ઇલાજ નથી. એ દવા લાંબું આયુષ્ય, આરોગ્ય જુવાન અવસ્થા, કાન્તિ, સુંદરવર્ણ દેહ અને ઇંદ્રીઓના બળનો ઉદય અને વીર્યની વૃદ્ધિ તથા પુષ્ટિ કરે છે, નપુંસકપણાનો નાશ કરે છે,

સ્ત્રીઓના ગર્ભાશય સુધારી ગર્ભનું પોષણ કરે છે, અજીર્ણનો નાશ કરી અગ્નિને પ્રદિપ્ત કરે છે, દસ્ત સાફ લાવી શરીરને સ્વસ્થ કરે છે, સ્વપ્નમાં તથા પેસાબમાં ધાતુનું જવું પ્રમેહ, પ્રદર, આંખની નબળાઇ, શરીરની નબળાઈ, ચકરી, કળતર, તથા પેશાબનું વારંવાર થવું, વગેરે દરદોનો જડમૂળથી નાશ કરે છે.

જે જે મુખ્ય ઔષધીઓ આ આતંકનિગ્રહ દવામાં આવે છે તેને માટે આખો આયુર્વેદ અને આયુર્વેદ જાણનારા વૈદ્યો તથા ડાકટરો એટલી બધી પ્રશંસા કરે છે કે એ દવાઓજ મનુષ્યોનું જીવન છે.

એ દવાના અતિ ઉત્તમ ગુણોને લીધે તેનો ઉપયોગ કરી અનુભવ લેવા દરેક મનુષ્યને આગ્રહ કરવામાં આવે છે.

આ દવાની અકેક ગોળી સવાર સાંજ જમ્યા પછી પાણી અગર દુધની સાથ લેવી. કોઈ પણ જાતની ખાસ પરેજીની જરૂર નથી. કિંમત ગોલી ૩૨ ની ડબી એકનો રૂપીઓ એક.

આંખનાં દરદોને માટે.

નેત્રાનંદમંદાર.

કિંમત તોલા ૦ાા ની સોગઠીનો રૂા. ૧ એક

આંખોનું ઉઠવું, ફુલું, મોતીઓ, ઝામર, પડળ, આંખનો ખટકો, આંખમાંથી પાણીનું ઝરવું, આંખની રતાશ અને ઝાંખ વગેરે દરદોને માટે આ દવાનાં વખાણ જેટલાં કરીએ તેટલાં થોડાં છે, એ દવા આંખનાં તેજમાં વધારો કરી ઘડપણમાં થતાં અંધાપાની ધાસ્તીને દુર રાખે છે. જીવતરના આધારરૂપ આંખનું રક્ષણ કરવા ઇચ્છનાર દરેક સ્ત્રી અથવા પુરૂષે આ દવા વાપરવા ચુકવું નહિ. આંખની દવા કરવામાં વખણાએલા-ડાક્ટરો અને વૈદ્યો પણ જો કદાચ પોતાની દવામાં નિષ્ફળ થાય તો તેઓને પણ આ અમારી આંખની દવા "નેત્રાનંદમંદાર"નો ઉપયોગ કરવા ભલામણ કરીએ છીએ. અને ખાત્રી છે કે તેમ કરવાથી તેઓ સંપૂર્ણ ફતેહ મેળવશે.

આ દવા ત્રાંબાના વાસણપર પાણી સાથે ઘસી

તેનું આછું પાણી દિવસમાં કોઈપણ વખતે એકજ વખત આંખમાં આંજી થોડો વખત નિદ્રા લેવી.

મુંબઈથી રા૦ રા૦ હોરમજી ભીમજીભાઇ રૂસ્તમફરામના એ નેત્રાનંદમંદાર દવાને માટે લખી જણાવે છે કે "જત લખવા અરજ એ છે જે તમો ડાક્ટર સાહેબ હમોં પર તમારૂં જગત્પ્રસિદ્ધ સમાચાર પત્ર મેહેરબાની કરી મોકલો છો, તે હમોને મળે છે. તેની અંદર લખેલી દવાઓ આટલી બધી ખરી પડશે એમ હમો જાણતા હુતા નહીંજી. હમો સર્વે એમજ જાણતા હતા કે તે દવાઓ બધી ખોટી હશે. પણ હમો હવે ખોટા પડીઆ છીએ. એક બુઢો પારસી જેની ઉમર આશરે ૬૫ વરસની છે, અને જે હમારી પડોશમાંજ રહે છે, તેની આંખોથી ચશમાં શિવાય મુદલ દેખાતું નહિ. પણ જ્યારે તે પારસીએ આપ સાહેબનું "નેત્રાનંદ મંદાર" થોડા દિવસ સુધી લગાડયું ત્યારે તેની આંખો તદન સારી થઇ અને તેને ચશમાં વગર હવે ઘણું સારૂં દેખાએછેજી. અને તમો સારૂં ખોદા પાસે ઘણી દુવા ચાહેછેજી"

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી,
હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ—
બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવી રોડ.

ખાસ બાળકોને માટેજ.

બાળ મિત્ર.

(કિંમત ગોળી ૩૦૦) ની ડબી ૧ નો રૂા. ૧ એક

બાળમિત્ર દવા બાલકોને થતાં તમામ દરદો જેવાં કે તાવ, ઉધરસ, સસણી, ઝાડો, શરીરનું પીળું પડવું, ભરાઇ આવવું, પેટનું વધવું, અજીરણ વગેરે તમામ દરદોનો નાશ કરી બાલકને મજબૂત બાંધાનું બનાવે છે. બાલકની ચાલાકી અને તેજમાં વધારો કરે છે અને લોહીમાં વધારો કરી બાલકની જીવન શક્તિ વધારે છે. બાળકનું રક્ષણ અને પોષણ કરવા માટે આ દવાની દરેક ઠેકાણેથી તારીફ લખાઈ આવે છે અને એ દવાથી બાળકને ખોરાક પચે છે. પેટમાં જીવડાની પીડા થતી નથી અને થોડા દિવસ એ દવાનું સેવન રાખવાથી બાળક પૂરી તનદુરસ્તી ભોગવે છે.

જેટલા વર્ષનું બાળક હોય તેટલીજ ગોળી સવાર સાંજ મોટી હરડેને પાણીમાં ઘસી તેમાં તે ગોળી મેળવી બાળકને સવાર સાંજ આપવી.

બાળમિત્ર દવાને માટે માંગરોળથી રા. રા. રામચંદ્ર હરિરામ આચાર્ય લખે છે કે "શરીર સંબંધી અનેક દરદો ઉપર આપની અનુભવી દવા અજમાવવાથી ધારેલ ફાયદો મળી શકે છે; વિગેરે પ્રસંશા ચોપાનીઆ ન્યુસ વિગેરેમાં મારાં વાંચવામાં ઘણી વખત આવેલ છે, અને હાલમાં આ સ્ટેટના દિવાન સાહેબના ચિરંજીવિ સારૂં આપની પાસેથી ૧ રૂા. ની ગોળીઓ મંગાવેલી (જેને વિષે આપે રૂા. ૫૦૦) ઇનામ દેવા સુધી ખાહેસ બતાવીછે એમ સાંભળ્યું છે.) તેનો ઉપયોગ કરવાથી સારો ફાયદો માલુમ પડયાની પ્રસંશા મેહેરબાન દીવાન સાહેબનાં મોહડાથી કાનોકાન સાંભળતાં ઘણી ખુશી ઉપજી તે પરથી આ લખી વિનતિ કરૂંછું તેપર આપ લક્ષ દેશો એવી ઉમેદ છે."

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી,
આતંક નિગ્રહ ઔષધાલય.
હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ.
બ્રાંચ ઓફીસ, મુંબઇ, કાલબાદેવી રોડ.

આયુષ્ય અને આરોગ્ય વર્દ્ધક તૈલ.

કિંમત તોલા ૫ ની શીશી એકનો રૂા૦ ૧ એક.

આ તેલ શરીરે ચોળવાથી દુબળા માણસો પુષ્ટ થાય છે અને ચરબીને લીધે જાડાં થઇ ગએલાં

માણસો પાતલાં થાય છે. શરીરમાં કોઈ જાતની દુર્ગંધ આવતી નથી અને કોઈ ચેપીરોગ પ્રવેશ કરવા પામતો નથી. શરીર પરનાં રૂવાંટાં ઘણાં લીસાં અને ચળકતાં થાય છે. શરીરની કાંતિમાં પણ બેહદ વધારો થાય છે. મસ્તક પરના કેશ થોડા વખતની અંદર સારી રીતે સુકોમળતા પામી તેજસ્વી બની ઘણાજ વધે છે અને ખરી પડતા અટકે છે. વળી સૌથી વધારે કામ એ તેલ કરે છે તે એ કે ઘડપણ અથવા બીજા કોઇપણ કારણને લીધે સફેદ થઇ ગએલા માથાના બાળને કાળારંગના કરેછે. જેથી કલપ કે એવી બીજી કોઈ દવાની જરૂર રહેતી નથી. આંખનું તેજ વધે છે અને મોઢાપર થએલા ખીલ પણ તેથી તદન નાશ પામે છે. વળી એ તેલ લગાવવાથી નિર્બળ પુરૂષો ઉત્તમ પુરૂષત્વમાં આવે છે. તેનાં એક બે ટીપાં હમેશાં કાનમાં નાખવાથી તેમાં થએલા રોગો મટે છે. જે પાછા કોઈ વખત થવા પામતા નથી. તેમજ બેહેરાપણું કદિ પ્રાપ્ત થતું નથી.

આ તેલ સુગંધમાં બીજાં સઘળાં ઉત્તમ તેલોની હરિફાઈ કરે છે.

રાત્રે સુતી વખતે હાથ પગપર એ તેલ ઘસ-

વાથી દિવસની મેહેનતને લીધે લાગેલો થાક ઉતરી જાય છે. નવું કામ કરવાની શકિત આવે છે. આયુષ્યમાં અવશ્ય વધારો થાય છે. અને ઉંઘ સારી રીતે આવે છે.

આ આયુષ્ય વર્ધક તેલને માટે કેવલકાથી રા. રા. છગનલાલ નરભેરામ વહીવટદાર લખે છે કે—"આપની દવાશાળામાંથી મેં આયુષ્ય અને આરોગ્ય વર્ધક તેલ મંગાવી ઉપયોગ કીધો. તથા મારા ઉપરી રેવન્યુ આસિસ્ટંટ દાદામીંઆં સાહેબે પણ તેમાંથી અજમાસ જોતાં આપના ચોપાનીયામાં સદરહુ તેલ માટે લખેલી અસર બરાબર થતાં તોલા ૫ ની શીશી એક કેવલકા મુકામે દાદામીયાં અદલામીયાં રેવન્યુ આ. ના હુદાથી મોકલાવવા મેહેરબાની કરશો.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.
આતંક નિગ્રહ ઔષધાલય,
હેડ ઓફીસ જામનગર, કાઠીઆવાડ,
બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવી રોડ.

કાસાંતક.

કિંમત ગોળી ૫૦ ની ડબી ૧ નો રૂ. ૧ એક.

આ દવા કાસ એટલે ઉધરસની ખાસ શત્રુ છે. ક્ષય, દમ, શ્વાસ છાતીનાં દરદો અને જુની અથવા

નવી ખાંસી વિગેરે દરદોને જડમૂળથી કાઢવામાં આ દવા વાજબી વખાણ પામી છે.

કેવળ ક્ષયરોગ ઉપર આ દવા વાપરનારાઓએ અમોને લખી જણાવવું એટલે તેની સાથે અમો તે દવાનું યોગ્ય અનુપાન લખી જણાવશું.

ક્ષય જેવા ભયંકર વ્યાધિનો એ દવા નાશ કરે છે ત્યારે ઉપર દરશાવેલાં દરદોનો નાશ કરે એમાં શી નવાઇ? આ દવાની ગોળી દાહાડામાં ૩ વખત સવાર બપોર અને સાંજ ટાઢા પાણી સાથે ગળી જવી અથવા ચાવી જવી.

કાસાંતક દવાને માટે,—

નાહીએરથી હિમતરામ મણીશંકર લખેછે કે, કાસાંતકની ગોળી રૂ. ૩ ત્રણની પ્રથમ મારે સારૂ મોકલી હતી તેજ જાતની મેહેરબાની કરી વેલ્યુપેએબલ આમોદ પોસ્ટ ઓફીસમાં રૂ. ત્રણની તાકીદે મોકલશો. તમારી ગોળીથી મને ફાયદો જણાય છે. માટે વારંવાર મંગાવું છું. તસ્દી માફ કરશો. આપની દવા પૈકી એક બીજો માણસ પણ દવા ખાયછે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી,

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડઓફીસ જામનગર કાઠીઆવાડ,

બ્રાંચઓફીસ મુંબઇ કાલબાદેવી રોડ.

ઉંચો શુદ્ધ સરસ

મોતીનો સુરમો.

તોલા ૧ ની કિંમત રૂ. ૧ાા.

હમેશાં સુરમો આંખમાં આંજવાને અમોજ નહિ પરંતુ વૈધકશાસ્ત્ર પણ મજબુત ભલામણ કરેછે

હમેશ સુરમો આંખમાં આંજવાથી આંખ તેજ-વાળી અને ઝીણી, ઝીણી વસ્તુઓ જોવામાં પણ શકિતવાન થાય છે. આંખમાં આવતી ચળ, બળતરા, પાણીનું ઝરવું, આંખની રતાશ, ઝાંખ, આંખનું ચોટી જવું, આંખમાં ચીપડા વળવા વિગેરે દરદોનો નાશ થાય છે. અને આંખો પવન તથા તડકાને સ-હન કરી શકે છે, તથા તેમાં કોઇ પણ જાતનો રોગ ઉત્પન્ન થતો નથી. આંખમાં આંજયા પછી આં-ખમાં નવો પ્રકાશ આવ્યો હોય તેમ તરતજ સા-બિત થાય છે, આંખનું તેજ વધે છે, થએલા રોગો નાશ પામે છે અને નવા થતા અટકે છે.

અમારી શાળામાં તૈયાર થતો સુરમો આંખમાં આંજવાથી આંખમાં થંડી થંડી વળી જાય છે. સુરમો

બનાવવાની વૈદ્યક શાસ્ત્રમાં જે રીત કહેલી છે, તેજ રીત પ્રમાણે અમારી દવાશાળામાં સુરમો તૈયાર કરવામાં આવે છે, અને તેથી અમો કહેવાને હિમ્મત ધરીએ છીએ કે એવો ગુણકારી સુરમો બીજે કયાંઇ ભાગ્યેજ મળી શકશે અને તેથી બજારમાં મળતા સાધારણ સુરમાની ગણતીમાં આ સુરમાને કદી લાવવો નહિ.

આ સુરમાને માટે વીરપુરથી

ફોજદાર દયારામ ભગવાનજી લખે છે કે,— તમારા તરફથી દવા તથા સુરમો આવેલાં તે વાપરી જોતાં અને અમારા કારભારી સાહેબને બતાવતાં પસંદ આવતાં તેમને માટે દોઢ તોલો સુરમો વે. પે. પારસલ કરી મોકલાવશો."

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ,

બ્રાંચ ઓફીસ મુંબઈ કાલબાદેવીરોડ.

હદથી વધારે વખાણને પામેલો.

મલમ.

વ્રણમર્દન.

કિંમત ડબી ૧ નો રૂ. ૧ એક.

આ મલમ કોઈ પણ ઠેકાણે નિષ્ફળ થયો હોય એવો હજુ એક પણ દાખલો મલ્યો નથી. અને એવો કોઈ પણ દાખલો મળશે પણ નહિ કે જેમાં એ મલમ નિષ્ફળ થાય.

ચાંદી, ચાંદાં, જખમ, ધારાં, સ્તનપાક, છોકરાંઓના માથાંનું, સડવું ખસ, લુખસ અને એવાં બીજાં પરૂ પાચ વાળાં અનેક ચામડીનાં દરદો ઉપર એ મલમ પૂરતી ફતેહ મેળવે છે. જે કોઈ દરદ ઉપર કોઇ પણ જાતનો મલમ લગાડવાની જરૂર જણાય ત્યારે આ મલમજ વાપરવો એટલે પછી તે બાબતમાં તમારે કોઈ પણ ડાકટર કે વૈદ્યની સલાહ લેવી પડશેજ નહિ.

આ મલમને માટે વડોદરેથી રા. રા. માધવલાલ પ્રભાશંકર સરવેઅર લખે છે કે—

"આપના તરફથી વ્રણુમર્દન મલમની ડબ્બી આવેલી તેનો ઉપયોગ કરતાં તેનો ગુણુ મારા સ્નેહી-ઓને મલ્યો છે."

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ.

બ્રાંચ ઓફીસ મુંબઇ કાલબાદેવી રોડ.

કોલેરા પીલ્સ.

કિમત ગોળી ૩૦ નો રૂા ૧ એક.

ઉપરના નામની અમારી શાળામાં બનતી કોલેરાની ગોળીઓ એ દરદનો એકદમ નાશ કરે છે. કોલેરાની જરા પણ નિશાની જણાય કે તરત એ ગોળીનો ઉપયોગ કરવામાં આવે તો અમો અતિ હિમ્મતથી કહીએ છીએ કે એ ગોળી કદી પણ નિષ્ફળ જશે નહિ. આ ગોળી શરૂઆતમાં એ લેવી. અને તેથી કાંઇ પણ અસર નહિ જણાય અને જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી દરેક કલાકે અથવા બબે કલાકે ટાઢા પાણી સાથે લેવી.

કૉલેરા શિવાય આ ગોળી સાધારણ ઝાડો, અજીરણ, અગ્નિનું મંદપણું વિગેરે દરદોનો અવશ્ય નાશ કરે છે.

કોલેરાના દરદમાં બીજી કેટલીએક સંભાળ રાખવાની જરૂર પડે છે તેથી તે બાબતનું સૂચના પત્ર એ ગોળીઓ મંગાવનારને સાથે મોકલવામાં આવે છે.

આકોલાથી રા. રા. ગીરધરદાસ લક્ષ્મીદાસ એ કાલેરા પીલ્સને માટે લખી જણાવે છે કે—

"લખવાનું" કે તમારી સરવે દવાઈઓ અમોએ વાપરી જોઇ. તે આપના લખ્યા પ્રમાણે બરાબર પોતપોતાનું ગુણ કરે છે. તેમા "કાલેરા પીલ્સ" તો એ દુષ્ટ દરદ ઉપર ઘણી અકસીર છે. તે અત્રે અમો પાંચ છ દરદીઓ ઉપર અજમાવી જેથી તે સરવેને ગુણ થયો છે.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ.

બ્રાચ ઓફીસ મુંબઇ, કાલબાદેવી રોડ.

જવરાંત નંબર ૧ લો તથા ૨ જો.

નં. ૧ લો ગોળી ૫ નો રૂા. ૧ એક

નં. ૨ જો ગોળી ૧૦ નો રૂા. ૧

ટાઢીઓ, એકાંતરીઓ, તરીઓ, ચોથીઓ વિગેરે હરકોઇ પણ જાતનો તાવ જ્યારે ચડયો હોય ત્યારે પંદર વરસ સુધીના માણસે ૧ એક અને તેથી ઉપરાંત ઉમરના માણસે ૨ બે ગોળી સાથે લેવાથી તાવ એકદમ પસીનો આવી ઉતરી જાય છે. તાવ ઉતારવાને માટે એ ગોળી એ એકજ ઇલાજ છે. પેહેલી બે ગોળી લેવા પછી તાવ ઉતારવાને માટે બીજી વખત એ ગોળી આપવાની જરૂર જવલ્લેજ પડે છે. જવરાંતક નં ૨ જાની નાની ઉમરના માણસને માટે ૧ એક ગોળી અને મોટી ઉમરના માણસો માટે ૨ બે ગોળી કોઈ પણ જાતના તાવ આવવાની અગાઉ ચાર કલાકે, અને એજ પ્રમાણે તેજ ગોળી ફરીથી બે કલાક પછી લેવાથી તાવ આવતો અટકે છે.

આ જવરાંતક દવા માટે ભીમડીથી માસ્તર ત્રિભુવન નાનજી લખે છે કે—"તમારા તરફથી જવરાંતક નામની દવા ખરેખર જાદુઇ માલમ પડી

છે. કેમકે મને આજ બે માસ થયાં ટાઢીઓ તાવ આવતો હતો, તે તમારી દવા એક મિત્ર પાસે મંગાવી ખાધી તેથી ખરેખર મને ફાયદો તથા શરીર સાફ સુધરતું થયું છે અને તે માટે મારા મિત્ર વર્ગને સદરહુ દવા વાપરવાની સૂચના આપું છું."—

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ.

બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવી રોડ.

દાદર (ગજકર્ણ–દરાજ)ની સોગઠી.

કિંમત તોલા ૨ ની સોગઠી એકના આના ૪.

ગમે તેટલા વર્ષની જુની અને ગમે તેટલા ભાગમાં ફેલાએલી કાળી યા લાલ દાદર માટે આ સોગઠી પથરા ઉપર પાણી સાથે ઘસી દરદવાળા ભાગપર તે પાણી લગાડવું. તેથી દાદર અવસ્ય મટે છે. એ દવા જરાપણ બળતી નથી તેમ તે સુગંધ

યુક્ત છે. ઘણા પ્રકારની ઉમદા દેશી તથા ઇંગ્રેજી એ દરદને માટે વખણાએલી દવા વાપરી થાકી ગયા હોય તેઓને તો એ દવાનો ઉપયોગ કરવા અમો ખાસ આગ્રહપૂર્વક મજબૂત ભલામણ કરીએ છીએ.

આ દાદરની દવા માટે થાણેથી રાવસાહેબ ખંડુભાઇ ગુલાબભાઈ દેશાઈ લખી જણાવે છે કેઃ—

"તમે દરાજની ગોળી મોકલી તે લગાડવાથી મને આજ સાત વરસ થયાં દરાજ થઈ હતી. અને જે હમેશ ઓસડ કર્યા છતાં છેક સારી થઈ ન હતી; તે ગોળી ચોપડયા પછી દશેક દહાડે સારી થઇ ગઇ. પરંતુ પાછી ઉભરી નથી."

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય

હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ

બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવીરોડ.

કર્ણ તેલ.

કિંમત તોલા ૨ ની શીશીનો રૂા. ૧ એક.

કાનના અનેક જાતનાં દરદો જેવાં કે કાનમાંથી પરૂ વગેરે નીકળવું, ચસકા, દુખાવો, મેલ, થોડા

વખતનું બેહેરાપણું અને કાનમાં અવાજ થવો વિગેરે દરદો ઉપર આ કાનના તેલનાં ટીપાં કાનમાં નાખતાંજ આરામનાં ચિન્હ જણાય છે. અને તે પ્રમાણે થોડા દહાડા ચાલુ રાખવાથી દરદ નાબુદ થાય છે.

એ તેલને માટે વડોલીથી દેશાઈ મોરારજી લલ્લુભાઇ લખી જણાવે છે કે—"તમારા તરફથી કર્ણતેલ તથા આયુષ્યવર્ધક તેલ અમે મંગાવેલું તેના ફાયદા તમારા લખવા મુજબ અસર કરે છે. માટે કર્ણતેલ બીજું રૂ. ૧ નું પાર્સલ કરી મોકલશો.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ, જામનગર, કાઠીઆવાડ

બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલકાદેવી રોડ.

દંત મંજન.

કિંમત તોલા ૪ ના પડીકા ૧ ના આના ચાર.

મોઢાનાં, તરેહવાર જાતના દરદો ઘણાં મનુષ્યોને થાય છે દાંત સડી જાય છે, દાંત ખરાબ થઇ જાય છે. દાંતના પારાંમાંથી લોહી નીકળે છે, મોઢું વાસ મારે છે અને દાંત કોહી જાય છે. વિગેરે ઘણાં

દરદોને અટકાવવાને અને થએલાંને મટાડવાને અમારી દવાશાળામાં બનતું દંત મંજન અતિશય વખણાએલું છે. તે મંજન દાતણની સાથે અથવા એમને એમ ઘસવાથી તે તે દરદો મટે છે અથવા થતાં અટકે છે, અને મોઢામાં સુગંધ આવે છે. એ અમારા દંત મંજનને માટે મુંબઈ રા. રા. હોરમસજી નવરોજી બીલીમોરીઆ લખી જણાવે છે કે—

"તમો સાહેબનું દંત મંજન એટલું સારૂં છે કે હમારા એક સગાને ત્યાં ઓહોળા કુટુંબનો ફેલાવો છે; તે કુટુંબમાં એક આજે તો એક કાલે એમ મહિનાના ત્રીશે દહાડા ડાઢના દરદને લીધે પીડાતાં હતાં, પણ હાલમાં તમારા દંત મંજનનો ઉપયોગ કર્યાથી બધાં દાઢ દુખવાના દરદથી મોકળાં થયાં છે. એટલુંજ નહિ પણ એક જણ ૧૦-૧૨ વરસ થયાં મોઢાના વાસથી કંટાળી જતો હતો; ત્યારે તેને હમોએ તમારા દંત મંજનની એક ડબી મંગાવી આપી હતી. જો કે હજારો દવાઓ કીધાથી કાંઇ બન્યું નહિ, અને તે ૧૦-૧૨ વરસનું મોં વાસ મારતું તમામ એકજ ડબીથી નરમ પડયું છે."

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ

બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવીરોડ.

ઉંઘની ગોળીઓ.

કિમત ગોળી ૧૬ ની ડબી ૧ નો રૂા. ૧ એક.

ઘણી વખતે ઘણા ભયંકર દરદોમાં કે બેચેની વખતે કે મન જ્યારે બીજી કોઈ બાબતમાં ગુચવાણું હોય ત્યારે ઘણું કરી ઉંઘ આવતી નથી. ઉંઘ ન આવવાથી રોગમાં વધારો થાય છે, અથવા શરીર દુરસ્ત હોય તો નાદુરસ્ત થાય છે. આવા પ્રસંગમાં ઉંઘની દવાની ઘણી જરૂર છે. ઉંઘને માટે ઘણા માણસો ભાંગ, અફીણ વિગેરે નિશાવાળી ચીજનો ઉપયોગ કરે છે, પણ તેથી ફાયદો થવાને બદલે ઉલટું નુકશાન થાય છે. આવે વખતે જો અમારી આ ઉંઘની ગોળીઓમાંથી એ પાણી સાથે લેવામાં આવે તો પા કલાકની અંદર ૬ થી ૮ કલાક સુધી ગુલાબી ઉંઘ આવે છે. ઉંઘ લાવનારી બીજી ઘણી નીશાવાલી દવાઓની માફક આ દવા બીલકુલ નુકશાન કરતી નથી. માથું ભારે થતું નથી અને દસ્ત કબજ થતો નથી. ઉંઘ આવી ગયા પછી વચમાં ઉઠવું હોય તો ઉઠી પણ શકાય છે. બાળકને

માટે જરૂર પડે ત્યારે માત્ર એકજ ગોળી આપવી. બહુ નાના બાળકને એ ગોળી આપવી નહિ.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.
આતંક નિગ્રહ ઔષધાલય.
હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ,
બ્રાંચ ઓફીસ મુંબઈ: કાલકાદેવી રોડ.

રેચક ગોળી.

કિંમત ગોળી ૩૨ ની શીશી ૧ ના આના ૮ આઠ.

આ રેચક ગોળી ઘણીજ સંભાળથી બનાવવામાં આવે છે. તેમાં ઘણાં ઉમદાં ઔષધોનો યોગ કરવામાં આવ્યો છે. જમાલગોટા, કે એવી બીજી નુકશાનકારક જુલાબની દવાઓનો એ ગોળીમાં બીલકુલ ઉપયોગ કરવામાં આવતો નથી. એ ગોળી રાત્રે એ સુતી વખતે પાણી સાથે લેવાથી સવારમાં એક સાફ પેટ આવે છે. અને શરીર તમામ સ્વસ્થ થાય છે. પેટમાં મરડો કે ચુંક બીલકુલ આવતી

નથી. ગોળી બહુજ નાના કદની છે છતાં તે બહુજ સરસ કામ કરે છે. અને નાના કદની હોવાથી તે ગળવામાં કાંઇ કંટાળો આવતો નથી. હલકા કોઠાના માણસોને એક ગોળી લેવાથી પણ સાફ પેટ આવે છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ જામનગર, કાઠીઆવાડ.

બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવી રોડ.

કેશરાદિ ગોળી.

કિંમત ગોળી ૧૦૦ ની ડબી ૧ નો રૂા. ૧ એક.

ગરમી તથા સાંધાનાં દરદો માટે આ દવા સેંકડો વરસ થયાં ખાત્રી ભરેલો ઇલાજ ઠરી ચૂકયો છે. ગમે તેટલા જુના ગરમીનાં કે સાંધા પકડાઈ જવાનાં દરદો હોય તેને માટે આ દવા એક રામબાણ ઇલાજ છે. કોઇ પણ જાતના સંધિવાને માટે આના જેવો બીજો કોઈપણ ખાત્રીભરેલો ઈલાજ નથી. આ દવાની બે બે ગોળી સવારસાંજ ઘીની સાથે ગળી જવી.

પાંડવ અને કૌરવ.

અથવા

રાજ ખટપટનો ખરો નમુનો.

એક ઐતિહાસિક ગુજરાતી નોવેલ.

પેહેલી આવૃતિની બે હજાર નકલ ખપી ગયા
પછી આવૃતિ બીજી.

કિંમત રૂા. ૩ ત્રણ.

પોસ્ટેજ આના ૪ ચાર.

આ પુસ્તકમાં પાંડવ અને કૌરવ વચ્ચે થએલી અદભુત રાજ્ય ખટપટનો ચિતાર ઘણી રસિક, છટાદાર અને સેહેલી ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે. પાંડવોની બાળચેષ્ઠા, તેઓનું ઉમ્મરે વધવું, કેળવણીની પદ્ધતિ, તેઓની જુવાની, કૌરવોએ તેનાપર નાંખેલાં અસહ્ય દુઃખો, જુગારની રમત, દ્રોપદી વસ્ત્ર હરણ, પાંડવોનો વનવાસ, વનવાસમાં અતિ ઉગ્ર પરાક્રમો, તેઓની નીતિ, સંપને માટે શ્રીકૃષ્ણ વિગેરેનાં ભાષણો, દુર્યોધનની લુચ્ચાઇ, ચંડાલ

ચોકડીની મસલત, શ્રીકૃષ્ણનું ઉગ્રરૂપ, લડાઈની મ-
ર્યાદા અને કુરક્ષેત્રનું અઢાર દિવસનું ભયંકર યુદ્ધ,
યુદ્રમાં યોદ્ધાઓની પ્રતિજ્ઞા, મહારથિઓનાં પરાક્રમો,
દુર્યોધનનું પાણીમાં સંતાવું, તેના ઉપર ભીમે કરેલ
ગદાનો ઘા, બળભદ્રનો કોપ, શ્રીકૃષ્ણના વખતો વ-
ખતના યુક્તિવાળા પેચ, અશ્વત્થામાની અનીતિ,
તેમને શાપ, ભીષ્મની બાણ શય્યા, અને યુધિષ્ઠિરનુ
રામ રાજ્ય વિગેરે વિષયો વાંચતાં આ પુસ્તક હાથ-
માંથી જરૂર પ્રસંગે પણ પડતું મુકવું મુશ્કેલ પડે છે.

પુસ્તક લગભગ ગોણોસો ફાર્મનું છે. ટાઈપ
કાગળ અને પૂઠાં સઘળી રીતે દિલ પસંદ છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

માનવધર્મ ઓફીસ.

હેડ ઓફીસ જામનગર, કાઠીઆવાડ.
બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલકાદેવી રોડ.

રામ અને રાવણ.

નીતિનો આબેહુબ ચિતાર.

એક ઐતિહાસિક ગુજરાતી નોવેલ.

પેહેલી આવૃત્તિની બે હજાર નકલો ખપી
ગયા પછી-બીજી આવૃતિ.

અતિ સસ્તી કિંમત.

ડેમી આઠપેજી લગભગ ૬૦ ફાર્મનો રૂ. ૧ એક.
પોસ્ટેજ આના ૨ બે.

આ પુસ્તક વાંચવાથી નાસ્તિક આસ્તિક થાય છે, અનીતિવાન નીતિવાન થાય છે, દુરાચારી સદાચારી થાય છે, કુલટા પતિવ્રતા થાય છે. અને કુસંપી ભાઇઓ સંપમાં ગુંથાય છે. આ પુસ્તકમાં રામ અને રાવણના સંબંધની સઘળી હકીકત ઘણી છટાદાર, શુદ્ધ, સરલ અને મધુર ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે. રામની યુવાવસ્થા, સીતા સ્વયંવર, યૌવરાજ્ય મળવાની તૈયારી, કૈકેયીનો દુરાગ્રહ, રામને વનવાસ, દશરથનું મરણ, સીતાનું હરણ, સુગ્રીવ સાથે મૈત્રી, વાળીનો વધ, સીતાની શો-

ધ, સમુદ્રમાં પુલ, લંકાપર ચડાઈ, રાક્ષસો અને વાનરો વચ્ચેનું અદ્‌ભુત યુદ્ધ, રામનો વિજય, સીતાનો સ્વીકાર, અને વિભીષણને લંકેશની પદવી, વિગેરે વિગેરે વિષયો વાંચતાં કરૂણારસ સાક્ષાત્ સામે ઉભો હોય એમ જણાય છે. સ્વાભાવોક્તિ જે કવિઓનું હૃદય કહેવાય છે. તે તો આ પુસ્તકમાં ઠામ ઠામ જોવામાં આવે છે. વીરરસ આદિ બીજા રસોની પણ અપૂર્વ જમાવટ થઇ છે. વાંચતી વખતે અશ્રુ વાંચતાં અટકાવે છે અને તેમાં પડતા રસ વાંચનારના અંતઃકરણને આગળ વધવા પ્રેરે છે. જેઓને જોઈએ તેવણે નીચેને શિરનામે મંગાવી લેવું.

વૈધશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

માનવધર્મ ઓફીસ.

હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ

બ્રાંચ ઓફીસ મુંબઇ, કાલબાદેવીરોડ.

આવૃતિ બીજી.

ચિકિત્સાબ્ધિ.

કિંમત રૂા. ૨ બે. વૈદકનો સંપૂર્ણ ગ્રંથ. પોસ્ટેજ આના ૩ ત્રણ.

આ ગ્રંથ ચિકિત્સાનો અબ્ધિ (સમુદ્ર) હોવાને લીધે તેના ચાર તરંગ (મોજા) કરવામાં આવ્યા છે

અને તે તરંગમાં ચૌદ રત્નો સમાવેશ કરવામાં આવ્યો છે જે ચૌદ રત્નોની અંદર વૈદકશાસ્ત્રની તમામ બાબતો આવી જાય છે.

તરંગ પહેલાના **દેવાંગનારત્ન**માં સંતાનોત્પત્તિના સાધનોનું વર્ણન તથા સ્ત્રીરોગો અને તેના ઉપચારોની હકીકત તથા **ચંદ્રરત્ન**માં શારીર પ્રકરણ સમાવેલ છે.

તરંગ બીજાના **ધન્વંતરિરત્ન**માં વૈદ્યકની જાણવા જોગ સઘળી, અગત્યની ઝીણી મોટી બાબતો તથા **પારિજાતરત્ન**માં ઔષધીના ગુણદોષોનું વર્ણન સમાવવામાં આવ્યું છે.

તરંગ ત્રીજાના **વિષરત્ન**માં નાનાં મોટાં ઝેરોની અસર અને તેના ઉપચારો, **અમૃતરત્ન**માં દિનચર્યા, ૠતુચર્યા, સદાચાર તથા રસાયન પ્રયોગો, **વાજીરત્ન**માં વાજીકરણ એટલે મરદાઈમાં લાવનારા ઉપાયો, **લક્ષ્મીરત્ન**માં પારદના પ્રયોગો, **ધેનુરત્ન**માં દુધ, દહી વગેરે ગોરસોનું વર્ણન, **પાંચજન્યરત્ન**માં જૂદી જૂદી જાતના જળના ગુણદોષ તથા **મદ્યરત્ન**માં જૂદી જૂદી જાતના મદ્યોનો પ્રભાવ તથા તેના ગુણદોષનું વર્ણન આવેલું છે.

તરંગ ચોથાના **કૌસ્તુભરત્નમાં** રોગોનાં નિદાન તથા ચિકિત્સા, **શાર્ઙ્ગરત્નમાં** શસ્ત્રોપચારનુ વર્ણન તથા ગજેંદ્રરત્નમાં વૈદ્યક શાસ્ત્રનો શાસ્ત્રાર્થ આવેલો છે.

છેલ્લા પરિશિષ્ટ પ્રકરણમાં ધાતુઓ તથા ઉપધાતુઓને શુદ્ધ કરવાની તથા તેઓની ભસ્મ કરવાની રીત અને કેટલાએક પ્રસિદ્ધ પ્રસિદ્ધ ઔષધ પ્રયોગો: દાખલ કરવામાં આવેલા છે અને છેવટ કઠણ શબ્દોનો કોષ પણ આપવામાં આવ્યો છે. પુસ્તકનું કદ ૫૧–૫૨ ફારમનું છે. પુઠું પાકું સુશોભિત.

મંગાવનારે રોકડા પૈસાથી અગર વેલ્યુપેએબલ મંગાવી લેવો.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

માનવધર્મ ઓફીસ.

હેડ ઓફીસ જામનગર કાઠીયાવાડ

બ્રાંચ ઓફીસ મુંબઈ કાલબાદેવી રોડ.

પાંડવાશ્વમેધ.

કિંમત રૂ. બે.

પોસ્ટેજ આના ૨ બે.

પરમાત્મા શ્રી કૃષ્ણની સહાયતાવાલા પાંડવો-એ કુરૂક્ષેત્રના યુદ્ધમાં કૌરવોને મારી રાજ્ય હસ્તગત કરવા પછી કુટુંબવધના પાપથી મુકત થવા માટે અશ્વમેધ યજ્ઞ કર્યો અને તેને અંગે અરજુને દિગ્વિજય કર્યો એ હકીકત આ પુસ્તકમાં આવે છે.

યૌવનાશ્વ, અનુશાલ્વ, નીલધ્વજ, હંસધ્વજ સુધન્વા, સુરથ, રાક્ષસ રાજ ભીષણ, બભ્રુવાહન, સર્પરાજ ધૃતરાષ્ટ, તામ્રધ્વજ તથા વીરવર્મા વગેરે એક બીજાથી ચડીઆતા વીર પુરૂષોનાં આ પુસ્તકમાં આવેલાં આખ્યાનો, વાંચનાર અને સાંભળનારનાં રૂવાડાં ઉભાં કરે છે. પ્રમીલા રાણીનું પરાક્રમ આશ્ચર્યમાં ડુબાવે છે.

ભીમસેન, વૃષકેતુ, મેઘવર્ણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, સાત્યકિ, તથા કૃતવર્મા તથા હનુમાન વગેરેએ પ્રાણની પણ દરકાર નહિ રાખતાં બતાવેલાં પરાક્રમો મનોવૃત્તિને સ્તબ્ધ બનાવી દેછે.

કૃષ્ણ અને અરજુનનો મહિમાતો આ પુસ્તકનીવિજયપતાકાની પેઠે શોભી રહેલો છે. કુટુંબમાં કલેશ કરી લાજ નહિ પામનારાઓએ યુધિષ્ઠિરના વર્ણન ઉપર નજર કરી શરમાવું પડે તેમ છે અને પતિથી ઉલટી ચાલનારી સ્ત્રીઓએ અવલ ચંડીની દુર્દશા જોઈ વિચારવું પડે તેમ છે. સુધન્વા તથા ચંદ્રહાસ સંબંધે ઇશ્વર ભકિતનું માહાત્મ્ય કોઈ અલૌક્કિ અસર ઉપજાવે છે. અને વૃષકેતુ તથા અર્જુનના મરણનો ત્રાસદાયક દેખાવ દૈવગતિનું ગહનપણું સૂચવે છે. મયૂરધ્વજની ઈશ્વર પરની આસ્થા અને ધીરજ અગાધ અચંબો ઉત્પન્ન કરે છે. ધૃષ્ટબુદ્ધિનું ધૃષ્ટપણું આખર કેવું નિવડયું એ પણ ચોખ્ખું જણાઈ રહે છે.

અંતર્ગત કથામાં લવ અને કુશનું આખ્યાન આવેલું છે. તેમાં પણ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન તેમજ સુગ્રીવ, હનુમાન, જાંબવાન વગેરેનાં પરાક્રમો આવી જાય છે.

પુસ્તકનું કદ ડેમી આઠ પેજી બત્રીસ ફારમ કરતાં વધારે છે. કાગળ ઉંચા અને પુઠું પાકું સુશોભિત છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

માનવ ધર્મ ઓફીસ.

હેડ ઓફીસ જામનગર, કાઠીઆવાડ.

બ્રાંચ ઓફીસ મુંબઇ કાલબાદેવી રોડ.

આર્યાનાર્યઔષધ.

દેશી અને ઇંગ્રેજી ઔષધોના વર્ણનનો અપૂર્વ સંગ્રહ.

કિમત રૂ. ૨ બે પોસ્ટેજ આના ૩ ત્રણ.

આ પુસ્તકમાં પ્રથમ દેશી ઔષધો કે જેમાં કાષ્ટ ઔષધો, ક્ષાર, ફળ, ફુલ, રસ, ઉપરસ, ધાતુ, ઉપધાતુ, રત્ન, ઉપરત્ન, વિષ, ઉપવિષ, ધાન્ય તથા શાક વગેરે જે જે કાંઇ ઔષધ તરીકે વપરાય છે તેઓનાં નામ તથા તેઓ કયા કયા રોગ ઉપર કેવી કેવી રીતે વપરાય છે તે, તેની માત્રા, બનાવટ તથા તે કયા કયા પ્રસિદ્ધ પ્રયોગોમાં આવે છે વગેરે સવિસ્તાર હકીકત સ્પષ્ટ સમજાય તેવી શુદ્ધ સરલ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે. આ પ્રમાણે દેશી ઔષધો પૂરાં થયા પછી તમામ ઉપયોગી ઈંગ્રેજી ઔષધો ઉપર પ્રમાણેજ સવિસ્તર હકીકતથી લખવામાં આવેલ છે. નવી શોધનાં કેટલાંએક ઔષધ તથા પાણીઓ જે ઔષધ તરીકે વપરાય છે તેનું પણ સંપૂર્ણ બયાન આપવામાં આવેલ છે. પુસ્તકના છેલા ભાગમાં દેશી તથા અંગ્રેજી ઔષધોના કેટલાએક ઉત્તમ પ્રયોગો

દાખલ કરવામાં આવ્યા છે, અને તેથી આ એક પુસ્તકથી દેશી તથા અંગ્રેજી વૈદાંની સારી માહિતી મળે છે.

પુસ્તકનું કદ ડેમી આઠ પેજી લગભગ એકાવન ફારમનું થયું છે. કાગળ પુઠાં તથા ટાઈપ ઉમદા વાપરવામાં આવેલ છે.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી, **૧:**
માનવધર્મ ઓફીસ.
હેડ ઓફીસ જામનગર કાઠીઆવાડ.
બ્રાંચ ઓફીસ મુંબઈ, કાલબાદેવી રોડ,

સંક્ષિપ્તકાદંબરી.

આવૃતિ બીજી.

કિંમત આના ૮ આઠ. પોસ્ટેજ કાંઇપણ નહિ.

રસજ્ઞ વર્ગમાંનો કોઇ પણ માણસ "કાદંબરી" એ નામથી ભાગ્યેજ અજાણ્યો હશે. સંસ્કૃત ભાષામાં એ વાર્તાગ્રંથ સર્વોત્તમપદ ધરાવે છે. જૂદાં જૂદાં

અનેક વર્ણનો વાંચનારને રસમય કરી મુકે છે, આ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર થયું છે. પરંતુ તે ઘણું મોટું અને લાંબાં લાંબાં વિશેષણો તથા વર્ણનોથી ભરપૂર હોવાને લીધે ફકત વાર્તારસના શોખીનોને તેમાં ઘણી અડચણ પડે છે. એ અડચણ ટાળવા માટે તેમાંનો વધારે પડતો વર્ણનાત્મક ભાગ કહાડી નાખી આ સંક્ષિપ્ત કાદંબરી તૈયાર કરવામાં આવી છે. થોડાજ વખતમાં તે એટલી બધી લોકપ્રિય થઈ પડી કે બીજી આવૃતિ કાહાડવાની જરૂર પડી.

દાયક રોગોનાં કારણો વિગતવાર અને લંબાણથી આપવામાં આવ્યા છે. આ કારણો ઉપર ધ્યાન આપ્યાથી વાંઝીયાપણું સ્ત્રીની જીંદગીમાં કવચિત થતું અટકે છે. એક સ્ત્રીના શરીરને લાગુ પડી ગએલ વાંઝીયાપણાના ઉપાયો કયાં સુધી થઈ શકે છે. તે આ પુસ્તકમાં લંબાણથી લખવામાં આવેલ છે. દવાના ઉપાયો તથા ગર્ભની માવજત વિષે સંપૂર્ણ ખુલાસા સાથ સમજાવામાં આવ્યું છે. અને તેથી આ પુસ્તક દરેક ઘરમાં અતિ ઉપયોગી થઇ પડે એવું છે. આ પુસ્તકની અંદર આપેલી બાબતો ઉપર ધ્યાન આપવાથી એક સ્ત્રી પોતાની તનદરોસ્તી હંમેશ સુધી જાળવી રાખી આ દુનિયામાં તેણીને માટે સરજેલી ફરજો અદા કરશે. અને એજ એક સ્ત્રીની જીંદગીની નેમ છે.

જેઓને જોઈએ તેમણે નીચે લખેલે ઠેકાણેથી રોકડી કિમતે અથવા વે. પે. મંગાવી લેવું.

ડાકતર વીરજી ઝીણા રાવળ એલ. એમ. એન્ડ એસ.

કાલબાદેવી રોડ—મુંબઈ.

અથવા

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી

માનવ ધર્મ ઓફીસ.

હેડ ઓફીસ જામનગર. કાઠીઆવાડ

બ્રાંચ ઓફીસ મુંબઇ કાલબાદેવી રોડ.

જરૂર વાંચવા જેવી ખબર.

૭	કાસાંતક ડબી ૧..................	રૂ. ૧
૮	કોલેરાપીલ્સ ડબી ૧	રૂ. ૧
૯	જીવનભૂકી ડબી ૧..............	રૂ. ૧
૧૦	વ્રણમર્દન ડબી ૧	રૂ. ૧
૧૧	આયુષ્ય અને આરોગ્યવર્ધક તૈલ શી. ૧	રૂ. ૧
૧૨	કર્ણ તૈલ શીશી ૧................	રૂ. ૧
૧૩	દાદરની સોગઠી ગોટી ૧.........	રૂ. ૦।
૧૪	દંતમંજન પડીકું ૧	રૂ. ૦।

માનવધર્મ આફીસ.

૧	ચિકિત્સાબ્ધિ વૈદ્યક૦................	રૂ. ૨
૨	પાંડવ કૌરવ નોવેલ	રૂ. ૩
૩	આર્યેનાર્ય ઔષધ વૈદ્યક૦............	રૂ. ૨
૪	રામરાવણ નોવેલ..................	રૂ. ૧
૫	પાંડવાશ્વમેધ નોવેલ	રૂ. ૨
૬	મુક્તા નોવેલ	રૂ. ૩
૭	સંક્ષિપ્ત કાદંબરી વાર્ત્તા	રૂ. ૦॥

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

હેડ ઓફીસ,	બ્રાંચ ઓફીસ.
જામનગર,	મુંબઈ
કાઠીઆવાડ,	કાલકાદેવી રોડ.